षण्नयाः। द्विट्सु। षण्णाम्

४२ लि लौ १।३।६५ वृक्षाल्लतापतति। वृक्षाल्लँलता आरोहन्ति



નામરૂપ પ્રકરણ

૧ પ્રથમા વિભક્તિનો **अस्** તથા **भ्याम्** અને **य** પ્રત્યય પર (પછી) છતાં પૂર્વના **अ** નો **आ** થાય છે.
(હવે અહીં ૨–૧–૧૧૩ નહિં લાગે)
बाल + अस् – बाला + अस् = बालाः ૧–૨–૧ ।
बालाभ्याम् । **बालाय** ।

अत आः स्यादौ जस्–भ्याम्–ये ।१।४।१

૨ **अ** કાર પછી **भिस्** નો **ऐस्** થાય છે.
बाल + भिस्—बाल + ऐस् = बालैः ૧–૨–૧૨ ।

भिस ऐस् १।४।२

૩ **इदम्** અને **अदस्** ને **भिस्** નો **ऐस्** થતો નથી. **अक्** પ્રત્યય થાય ત્યારે જ **भिस्** નો **ऐस्** થાય છે.
इदम् + भिस्—૨–૧–૪૧ **इद + भिस् – इम + भिस्**
अ + भिस् — ૧–૪–૪ **ए + भिस् = एभिः** ।
अदस् + भिस् — अद + भिस् — अम – भिस्
अमे + भिस् – अमी + भिस् = अमीभिः । ૨–૧–૪૯

इदमदसोऽकचेञ १।४।३

૪ **स्** અને **भ्** થી શરુ થતા બહુવચનના પ્રત્યયો તેમજ **ओस्** પ્રત્યય પર છતાં પૂર્વના **अ** નો **ए** થાય છે.
बाल + ओस् – बाले + ओस् = बालयोः ૨ ।
बाल + सु – बाले + सु — बाले + षु = बालेषु ।

एद् बहु-स्-भ् – ओसि १।४।४

૫ અ કાર પછી આ [ટા] નો **इन** થાય છે અને ષષ્ઠી એકવચન **अस्** (ङस्) નો **स्य** થાય છે.
बालेन । **बालस्य** ।

टा – ङसोरिन—स्यौ १।४।५

૬ અ કાર પછી **ए** (ङे) નો **य** થાય છે અને **अस्** (ङसि) પંચમી એકવચનનો **आत्** થાય છે. **बालाय** । **बालात्** ।

ङे – ङस्यो र्या-ऽऽतौ १।४।६

૭ **सर्व** વિગેરે **अ** કારાન્ત સર્વનામના– ચતુર્થી એક વચન **ए** (ङे) અને પંચમી એકવચન **अस्** (ङसि) નો અનુક્રમે **स्मै** અને **स्मात्** થાય છે.
सर्वस्मै । **सर्वस्मात्** ।

सर्वादेः स्मै–स्मातौ १।४।७

૮ **इ** (ङि) નો **स्मिन्** થાય છે. **सर्वास्मन्**

ङेः स्मिन् १।४।८

૯ **अस्** (जस्) પ્રથમા બહુવચનનો **इ** થાય છે. **सर्वे** ।

जस इः १।४।९

૧૦ **नेम** (सर्व) **अर्ध प्रथम चरम** તેમજ **तय** (तयट्) અને **अय** (अयट्) પ્રત્યય જેને અંતે છે એવા નામો **अने अल्प** તથા **कतिपय** થી **अस्** (जस्) પ્રથમા બહુવચનનો વિકલ્પે **इ** થાય છે. **नेमे नेमाः** । **अर्धे अर्धाः** ।
प्रथमे प्रथमाः । **चरमे चरमाः** । **द्वितये द्वितयाः**
त्रये त्रयाः । **अल्पे अल्पाः** । **कतिपये** । **कतिपयाः** ।

नेमार्ध-प्रथम-चरम-तयायाल्प–कतिपयस्य वा १।४।१०

૧૧ **तीय** પ્રત્યયાન્ત નામ, ચતુર્થી પંચમી ષષ્ઠી અને સપ્તમી એકવચનમાં (**ङित्** ના કાર્યમાં) વિકલ્પે સર્વનામ થાય છે. **द्वितीयस्मै द्वितीयाय । द्वितीयस्मात् द्वितीयात् । द्वितीयस्मिन् द्वितीये ।** ૭-૧-૧૬૫, ૭-૧-૧૬૬
द्वितीयस्याः द्वितीयायाः । द्वितीयस्याम् द्वितीयायाम् ।

तीयं ङित्कार्ये वा ૧।૪।૧૪

૧૨ અ વર્ણાન્ત સર્વનામના **आम्** નો **साम्** થાય છે.
सर्व + आम्—सर्व + साम् - सर्वे + साम्— ૨-૩-૧૫ **सर्वे + षाम् = सर्वेषाम् । सर्वासाम् ।**

अवर्णस्याऽऽमः साम् ૧।૪।૧૫

૧૩ પૂર્વ વિગેરે **नव** શબ્દોથી **इ स्मात् स्मिन्** વિકલ્પે થાય છે. **पूर्वे पूर्वाः । पूर्वस्मात् पूर्वात् । पूर्वस्मिन् पूर्वे ।**

नवभ्यः पूर्वेभ्यः इ स्मात् स्मिन् वा ૧।૪।૧૬

૧૪ આ [**आप्**] પ્રત્યયાન્ત નામના **ए अस् अस्** અને **इ** (**ङित्** પ્રત્યયો) નો અનુક્રમે **यै यास् यास्** અને **याम्** થાય છે. **मालायै । मालायाः २ । मालायाम् ।**

आपो ङितां यै यास् यास् याम् ૧।૪।૧૭

૧૫ **सर्वा** વિગેરે સર્વનામના **यै यास् यास्** અને **याम् पूर्वे** **अस्** [**डस्**] થાય છે. **सर्वा+अस्यै** [**डस्यै**] ૨-૧-૧૧૪ **सर्वस्यै । सर्वस्याः २ । सर्वस्याम् ।**

सर्वादे र्डस्-पूर्वाः ૧।૪।૧૮

૧૬ આ [**टा**] અને **ओस्** પ્રત્યય પર છતાં **आ** [**आप्**] પ્રત્યયાન્ત નામોના **आ** નો **ए** થાય છે.

माला + आ — माले + आ = मालया ।
माला + ओस् — माले + ओस्=मालयोः २ ।

टौस्येत् १।४।१९

૧૭ आ [आप्] પ્રત્યયાન્ત નામના आ નો औ પ્રત્યય સાથે ए થાય છે. माला + औ = माले ।

औता १।४।२०

૧૮ ઇકારાન્ત અને ઉકારાન્ત નામોના અન્ત્ય इ અને उ નો પ્રથમા દ્વિતીયાના औ પ્રત્યય સહિત દીર્ઘ ई અને ऊ થાય છે.
मुनि + औ = मुनी । भानू । मती । धेनू ।

इदुतो ऽस्त्रेःईदूत् ।१।४।२१

૧૯ પ્રથમાનો अस् પ્રત્યય પર છતાં, ઇકારાન્ત અને ઉકારાન્ત નામોના અન્ત્ય इ અને उ નો અનુક્રમે ए અને ओ થાય છે.
मुनि + अस् — मुने + अस् = मुनयः । भानवः । धेनवः । मतयः ।

जस्येदोत् । १।४।२२

૨૦ ચતુર્થીનો ए અને પંચમી ષષ્ઠીનો अस् (ङित्) પ્રત્યય પર છતાં इ કારાન્ત અને उ કારાન્ત નામોના અન્ત્ય इ અને उ નો અનુક્રમે ए અને ओ થાય છે.
मुनि + ए — मुने + ए = मुनये । भानवे । मतये । धेनवे । मुनि + अस् — मुने + अस् — १-४-३५ मुने + र् = मुनेः । मुनेः । भानोः । भानोः । मतेः । मतेः । धेनोः । धेनोः ।

ङित्यदिति । १।४।२३

૨૧ ઇ કારાન્ત અને ઉ કારાન્ત નામથી પુંલિંગમાં **આ** [ટા] નો **ના** થાય છે. **મુનિના** । **ભાનુના** ।

ટઃ પુંસિ ના ૧।૪।૨૪

૨૨ ઇ કારાન્ત અને ઉ કારાન્ત નામથી સપ્તમી એકવચન **ઇ** [ઙિ] **ઔ** [ઔ] થાય છે. **મુનૌ** । **ધેનૌ** । ૨-૧-૧૧૪

ઙિ ઔં ૧।૪।૨૫

૨૩ **સખિ** અને **પતિ** શબ્દ જ્યારે એકલા-છૂટા વપરાય છે ત્યારે સપ્તમી એકવચન ઇ [ઙિ] **ઔ** થાય છે. **સખ્યૌ**। **પત્યૌ**।

કેવલ-સખિ-પતેઃ ઔઃ ૧।૪।૨૬

૨૪ છૂટા **સખિ પતિ** ના **આ** (તૃ. એ. વ.) નો **ના** થતો નથી. ૧-૪-૨૪ નો અપવાદ **સખ્યા**। **પત્યા** । તથા **ઙ** (ચ. એ. વ.) અને **અસ્** (પં.ષ.એ.વ.નો) પ્રત્યય પર છતાં **ઇ** નો **ઙ** થતો નથી. ૧-૪-૨૩ નો અપવાદ **સખ્યે**। **પત્યે** । **સખ્યુઃ** ૨। **પત્યુઃ** ૨।૧-૪-૩૬

ન ના-ઙિદ્-એત્ ૧।૪।૨૭

૨૫ (૧) સ્ત્રીલિંગ ઇ કારાન્ત **ઉ** કારાન્ત હ્રસ્વથી ચતુર્થી પંચમી ષષ્ઠી અને સપ્તમી એકવચન **ઙ અસ્ અસ્** અને **ઇ** નો અનુક્રમે **ઐ** [**ૈ**] **આસ્ આસ્** [**દાસ્ ૨**] અને **આમ્** [**દામ્**] વિકલ્પે થાય છે. **મત્યૈ, મતયે** । **મત્યાઃ મતેઃ** ૨। **મત્યામ્ મતૌ** । **ધેન્વામ્, ધેનૌ** ।

સ્ત્રિયા ઙિતાં વા ઐ દાસ્ દાસ્ દામ્ ૧।૪।૨૮

૨૬ (૨) સ્ત્રીલિંગે જ હોય એવા ઈ કારાન્ત અને ઉ કારાન્ત દીર્ઘથી **યે આસ્ આસ્ આમ્** નિત્ય થાય છે. **નદ્યૈ** । **નદ્યાઃ** ૨। **નદ્યામ્**। **વધ્વૈ**। **વધ્વાઃ** ૨। **વધ્વામ્** ।

સ્ત્રીદૂતઃ ૧।૪।૨૯

૨૭ (૧) **इय्** અને **उव्** જેઓમાં થાય છે, તેવા **ई** કારાન્ત અને **ऊ** કારાન્ત સ્ત્રીલિંગે જ હોય એવા નામોથી– ચતુર્થી પંચમી ષષ્ઠી અને સપ્તમી એકવચનના પ્રત્યયોના અનુક્રમે **ये आस् आस् आम्** વિકલ્પે થાય છે.

दधाति ध्यायति वा धीः । श्रयति इति श्रीः । भवति इति भूः । श्रियै श्रिये । श्रियाः श्रियः । श्रियाम् श्रियि । भुवै, भुवे । भुवाः भुवः । भुवाम्, भुवि । २–१–५०

वेयुवोऽस्त्रियाः १।४।३०

૨૮ (૨) **आम्** ष. બ. વ. નો વિકલ્પે **नाम्** થાય છે.

श्रीणाम् श्रियाम् भूनाम् भुवाम् ।

आमो नाम् वा १।४।३१

૨૯ હ્રસ્વસ્વરાન્ત, **आ**કારાન્ત [**आप्** પ્રત્યયાન્ત], તેમજ સ્ત્રીલિંગે જ હોય એવા દીર્ઘ **ई** કારાન્ત **ऊ** કારાન્ત નામથી **आम्** નો **नाम्** થાય છે. **बालानाम् । मुनीनाम् । धेनूनाम् । मालानाम् । नदीनाम् । वधूनाम्। १–४–४७**

ह्रस्वाऽऽपश्च १।४।३२

૩૦ **र्** કારાન્ત **ष्** કારાન્ત અને **न्** કારાન્ત સંખ્યાવાચિ નામના **आम्** નો **नाम्** થાય છે. **चतुर्णाम् । षण्णाम् । पञ्चानाम्।**

संख्यानां र्ण्णाम् १।४।३३

૩૧ ષષ્ઠી બહુવચનના **त्रि** નો **त्रय** થાય છે. **त्रयाणाम् ।**

त्रेस्त्रयः । १।४।३४

૩૨ **ए** અને **ओ** પછી પંચમી ષષ્ઠીના **अस्** નો **र्** થાય છે.

मुनि + अस् — १–४–२३ થી मुने + अस् —

मुने + र् = मुनेः २ । भानोः २ ।

एदोद्भ्यां ङसि-ङसो रः । १।४।३५

૩૩ **सखि** અને **पति** ના **इ** ના **य्** પછી પં.૫. એકવચન **अस्** નો **उर्** થાય છે. **सखि + अस् — १-२-२१ सख्य् + अस् — सख्य् + उर् = सख्युः । पत्युः ।**

खि-ति-खी-ती-य उर् १।४।३६

૩૪ **ऋ** થી પં. ૫. એ. વ. **अस्** નો **उर्** [**डुर्**] થાય છે. **पितुः २ । २–१–११४**

ऋतो डुर् १।४।३७

૩૫ **तृ** [**तृच्** કે **तृन्**] કૃત્ પ્રત્યયાન્ત નામો તથા **स्वसृ नप्तृ नेष्टृ त्वष्टृ क्षत्तृ होतृ पोतृ प्रशास्तृ** આ નામોના **ऋ** નો **घुट्** પ્રત્યય પર છતાં **आर्** થાય છે. **कर्त्तारौ २ ।**

तृ-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होतृ-पोतृ-प्रशास्त्रो घुट्यार् १।४।३८

૩૬ **घुट्** પ્રત્યયો અને સપ્તમી એકવચનનો **इ** પ્રત્યય પર છતાં **ऋ** નો **अर्** થાય છે. **पितरौ । पितरः । पितरम् । पितरि ।**

अर् ङौ च १।४।३९

૩૭ સંબોધનમાં હ્રસ્વ સ્વરાન્ત નામોના અન્ત્ય સ્વરનો **स्** પ્રત્યય સહિત ગુણ થાય છે.

हे मुने ! । हे भानो ! । हे पितः ! ।

ह्रस्वस्य गुणः । १।४।४१

૩૮ સંબોધનમાં આકારાન્ત સ્ત્રીલિંગ નામના **आ** નો **स्** પ્રત્યયની સાથે **ए** થાય છે. **हे माले ! ।**

एदापः १।४।४२

૩૯ સંબોધનમાં દીર્ઘ **ई**કારાન્ત અને **ऊ**કારાન્ત સ્ત્રીલિંગ નામોનો (૧–૪–૨૯) અને બે સ્વરવાળા માતા અર્થવાળા **आ** [**आप्**] પ્રત્યયાન્ત નામનો અન્ત્યસ્વર **स्** પ્રત્યય સહિત હ્રસ્વ થાય છે.

नदी + स्=हे नदि । वधू + स् = हे वधु । हे अम्ब ।

नित्य-दिद्-द्विस्वरा-ऽम्बार्थस्य ह्रस्वः १।४।४३

૪૦ अ કારાન્ત નામથી સંબોધનાર્થ **स्** અને **अम्** નો ० લોપ થાય છે. हे देव ! । हे कमल !। ૧-૪-૫૭

अदेतः स्यमो र्लुक् १।४।४४

૪૧ દીર્ઘ ઈકારાન્ત [ङी પ્રત્યયાન્ત] આકારાન્ત [**आप्** પ્રત્યયાન્ત] અને વ્યંજનાન્ત નામથી **स्** નો લોપ० થાય છે. नदी । माला । मरुत् ।

दीर्घ-ङ्याब्-व्यञ्जनात् सेः १।४।४५

૪૨ સમાનસ્વર પછી **अम्** નો **म्** થાય છે. बालम् । मुनिम् ।

समानादमोऽतः १।४।४६

૪૩ **नाम्** પ્રત્યય પર છતાં **तिसृ, चतसृ,** ઋકારાન્ત અને ૠકારાન્ત સિવાય પૂર્વનો સમાન સ્વર **दीर्घ** થાય છે. बाल + नाम् = बालानाम् । मुनीनाम् । धेनूनाम् । तिसृणाम् । चतसृणाम् । षण्णाम् । चतुर्णाम् । ન્કારાન્તના સમાન સ્વરનો **दीर्घ** થાય છે. पञ्चानाम् ।

दीर्घो नाम्यतिसृ-चतसृ-षृः १।४।४७

૪૪ **नाम्** પ્રત્યય પર છતાં नृ શબ્દનો **ऋ** વિકલ્પે દીર્ઘ થાય છે. नॄणाम्, नृणाम् ।

नु र्वा १।४।४८

૪૫ દ્વિતીયા વિભક્તિના **अस्** પ્રત્યયના **अ** સહિત પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય છે અને તે વખતે પુંલિંગ નામોમાં **अस्** પ્રત્યયના **स्** નો **न्** થાય છે.

बाल + अस् – बालास्—बालान् । मुनीन् । पितॄन् ।

शसोऽता सश्च नः पुंसि १।४।४९

૪૬ **नी** શબ્દથી इ (સ. એ. વ.) નો **आम्** થાય છે.
ग्रामं नयति इति ग्रामणीः, ग्रामण्याम् સ. એ. વ.
नयति इति नीः, नियाम् સ. એ. વ.

निय आम् १।४।५१

૪૭ વિભક્તિના પ્રત્યયો પર છતાં **अष्टन्** ને બદલે વિકલ્પે **अष्टा** થાય છે. **अष्ट २। अष्टौ २।**

वाऽष्टनः आः स्यादौ १।४।५२

૪૮ **अष्टा** થયા પછી પ્રથમા દ્વિતીયાના **अस्** પ્રત્યયનો **औ** થાય છે. **अष्टौ २।**

अष्ट औ जस्-शसोः १।४।५३

૪૯ यति तति कति ષકારાન્ત અને **न्** કારાન્ત સંખ્યાવાચિ નામોના પ્રથમા દ્વિતીયાના **अस्** પ્રત્યયનો૰ લોપ થાય છે. **यति २।** ૭-૧-૧૫૦, ૧-૧-૩૯ **षट् २। पञ्च २।** ૨-૧-૬૧.

डति-ष्णः संख्याया लुप् १।४।५४

---

૫૦ નપુંસક નામના પ્ર. દ્વિ. ના **अस्** નો इ [**शि**] થાય છે. **कमलानि २।** ૧-૪-૬૫, ૧-૧-૨૮, ૧-૪-૮૫

नपुंसकस्य शिः १।४।५५

૫૧ નપુંસકનો **औ, ई** થાય છે. **कमले २।**

औरीः १।४।५६

૫૨ **अ** કારાન્ત નપુંસકલિંગના **स्** અને **अम्** નો **अम्** થાય છે. **कमलम् २।** ૧-૪-૪૬

अतः स्यमोऽम् १।४।५७

૫૩ નપુંસકલિંગમાં **अन्य, अन्यतर, इतर** તથા **डतर** અને **डतम** પ્રત્યય જેને અંતે છે એવા, એ પાંચ સર્વનામોનો, **स्** અને **अम्** નો **द्** થાય છે, પણ **एकतर** સિવાય.

अतर [डतर] **अतम** [डतम] પ્રત્યયાંત **सर्वनाम** છે.

अन्यत्, द्	अन्ये	अन्यानि	પ્ર. દ્વિ.
इतरत्, द्	इतरे	इतराणि	,,
कतरत्, द्	कतरे	कतराणि	,, ૭–૩–૫૩
कतमत्, द्	कतमे	कतमानि	,, ૭–૩–૫૪
एकतरम्	एकतरे	एकतराणि	,, ૭–૩–૫૨

पञ्चतोऽन्यादेरनेकतरस्य दः १।४।५८

૫૪ **अ** કારાન્ત સિવાયના નપુંસક નામથી **स्** અને **अम्** નો લોપ ० થાય છે. **जगत्** । **वारि** । **मधु** ।

अनतो लुप् १।४।५९

૫૫ સંબોધન એક વચનમાં નામ્યન્ત નપુંસક નામોના અંત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય છે. ૧–૪–૪૧ જુઓ પક્ષે ૧–૪–૫૯ **वारे, वारि** । **मधो, मधु** ! ।

नामिनो लुग् वा १।४।६१

૫૬ અન્યથી–વિશેષ્યના વશથી થયેલ નપુંસકનામ, તૃ. વિ. ના **आ** વિગેરે સ્વરાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે પુંલિંગ થાય છે. **कर्त्रा, कर्तृणा कुलेन** । **शुचये शुचिने कुलाय** ।

वाऽन्यतः पुमांष्टादौ स्वरे १।४।६२

૫૭ **दधि अस्थि सक्थि** અને **अक्षि** આ નપુંસક નામોના અંત્ય સ્વરનો તૃ. એ. વ. થી માંડીને સ્વરથી શરૂ થતા પ્રત્યયો પર છતાં **अन्** થાય છે.

दधि + आ — दधन् + आ = दध्ना । अस्थ्ना । सक्थ्ना । अक्ष्णा । अक्ष्णे । अक्ष्णः । ૨–૧–૧૦૮

दध्यस्थि-सक्थ्यक्ष्णोऽन्तस्याऽन् ૧।૪।૬૩

૫૮ નામ્યન્ત નપુંસક નામોને **आम्** સિવાય સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે **न्** ઉમેરવામાં આવે છે.

वारि + ई – वारि + न् ई = वारिणी । वारीणि । मधुनी । मधूनि । ૧–૧–૨૮ અને ૧–૪–૮૫ **आम्**નો **नाम्** આદેશ થાય છે. ૧–૪–૩૨, ૪૭ **वारीणाम् ।**

अनाम् स्वरे नोऽन्तः । ૧।૪।૬૪

૫૯ પ્રથમા અને દ્વિતીયાના બહુવચનનો ~~ઇ~~ પ્રત્યય લાગતાં સ્વરાન્ત નપુંસક નામોની પછી **न्** ઉમેરવામાં આવે છે.

कमल न् + इ । ૧–૧–૨૮ ૧–૪–૮૫ થી **न्** ની પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે. **कमलानि ।**

स्वराच्छौ ૧।૪।૬૫

૬૦ પ્રથમા અને દ્વિતીયાના બહુવચનનો **इ** પ્રત્યય પર છતાં નપુંસક નામના છેલ્લા સ્વરની પછી રહેલા **ધુટ્** વ્યંજનની પૂર્વે **न्** ઉમેરાય છે. **जगत् + इ — जगन्त् + इ = जगन्ति ।**

धुटां प्राक् ૧।૪।૬૬

---

૬૧ હવે આગળ જે કાર્ય આ પ્રકરણમાં (પાદમાં) થશે, તે **ધુટ્** પ્રત્યય પર છતાં જાણવું.

(જ્યાં વિશેષ નિમિત્ત કહ્યું હોય ત્યાં તે **પ્રમાણે** જાણવું, સિવાય **ધુટ્** પ્રત્યય પર છતાં જાણવું.)

घुटि ૧।૪।૬૮

૬૨ ધુટ્ પ્રત્યય પર છતાં, **अच्** ને ધુટ્ વ્યંજનની પહેલાં **न्** ઉમેરાય છે. **प्राच् + स्** — **प्रान्च् + स्** ૧-૪-૪૫ **प्रान्च् + ०**—૨-૧-૮૯ **प्रान्**— ૨-૧-૭૧ **प्राङ्** । **प्राञ्चौ** ।

अचः ૧।૪।૬૯

૬૩ ધુટ્ પ્રત્યયો પર છતાં, **ऋ** [**ऋत्**] અને **उ** [**उत्**] ઈત્વાળા નામોના છેલ્લા વ્યંજનની પૂર્વે **न्** ઉમેરાય છે.
गच्छत् [**गच्छतृ**] + ० (પ્ર. એ. વ.) – **गच्छन्त्**–૨–૧–૮૯ **गच्छन्** । **भवत्** [**भवतु**], **भवान्** । ૧-૪-૬૦

ऋदुदितः ૧।૪।૭૦

૬૪ **स्** પ્રત્યય પર છતાં, **अनडुह्** શબ્દના **ह्** ની પૂર્વે **न्** ઉમેરાય છે.
अनडुह् + स् — **अनडुन्ह् + स्** — ૧-૪-૮૨ **अनड्वान्**।

अनडुहः सौ ૧।૪।૭૨

૬૫ ધુટ્ પ્રત્યયો પર છતાં **पुंस्** શબ્દનો **पुमन्स्** આદેશ થાય છે, **पुमन्स् + स्** ૧-૪-૪૫ **पुमन्स् + ०** — ૧-૪-૮૬ **पुमान्स् + ०** ૨-૧-૮૯ **पुमान्** । **पुमांसौ** । **पुमांसः** ।

पुंसोः पुमन्स् ૧।૪।૭૩

૬૬ **ओ** કારાન્ત નામોના **ओ** નો–ધુટ્ પ્રત્યય પર છતાં, **औ** થાય છે **गो, गौः** । **गावौ** । **गावः** । **द्यो, द्यौः**। **द्यावौ** ।

ओत औः ૧।૪।૭૪

૬૭ **अम्** તથા **अस्** દ્વિ. બ. વ. ના **अ** ની સાથે **आ** થાય છે.
गाम् । **गावौ** । **गाः** । **द्याम्** । **द्यावौ** । **द्याः** ।

आ अम्शसो ऽता ૧।૪।૭૫

૬૮ **पथिन् मथिन्** અને **ऋभुक्षिन्** શબ્દોના **न्** નો **स्** [**सि**] પ્રત્યય પર છતાં, **आ** થાય છે.

पन्थाः । **मन्थाः** । **ऋभुक्षाः** । ૧-૪-૭૭, ૭૮

पथिन्-मथिन्-ऋभुक्षः सौ १।४।७६

૬૯ ધુટ્ પ્રત્યયો પર છતાં **पाथिन्** **मथिन्** અને **ऋभुक्षिन्** ના इ નો आ થાય છે. **पन्थाः** । **पन्थानौ** । **पन्थानः** । **पन्थानम्** । **ऋभुक्षाः** । **ऋभुक्षाणौ** । **ऋभुक्षाणः** ।

एः १।४।७७

૭૦ थ् નો न्थ् થાય છે. **पन्थाः** । **मन्थाः** ।

थो न्थ् १।४।७८

૭૧ ई [ङी] અને સ્વરાદિ અધુટ્ પ્રત્યય પર છતાં **पथिन्** **मथिन्** અને **ऋभुक्षिन्** ના **इन्** નો લોપ થાય છે. **शोभनः पन्था यस्याः सा** (**सुपथिन्** + ई) **सुपथी** स्त्री । **पथः** । **मथः** । **ऋभुक्षः** ।

इन् ङी-स्वरे लुक् १।४।७९

૭૨ સંબોધન એકવચનનો **स्** પ્રત્યય પર છતાં **उशनस्** ના **स्** નો **न्** અને લોપ વિકલ્પે થાય છે. **हे उशनन्** । **हे उशन** । **हे उशनः** ।

वोशनसो नश्चामन्त्र्ये सौ १।४।८०

૭૩ સં. એ. વ. **स्** પ્રત્યય પર છતાં **अनडुह्** ના उ નો **व** થાય છે. **अनडुह् + स् = अनड्वन्** । ૨-૧-૮૬ થી **ह्** લોપ.

उतोऽनडुच्-चतुरो वः १।४।८१

૭૪ સં. એ. વ. સિવાય ધુટ્ પ્રત્યયો પર છતાં **अनडुह्** અને **चतुर्** ના उ નો **वा** થાય છે. **अनड्वान्** । **चत्वारः** પું. પ્ર. બ. । **चत्वारि** ન પ્ર. દ્વિ. બ. ।

वाः शेषे १।४।८२

૭૫ **सखि** શબ્દના **इ** નો શેષ (સં. એ. વ. સિવાય) ધુટ્ પ્રત્યયો પર છતાં **ऐ** થાય છે. **सखायौ । सखायः । सखायम् ।**

सख्युरितोऽशावैत् १।४।८३

૭૬ **उशनस् पुरुदंशस् अनेहस्** અને **सखि** શબ્દથી પર રહેલ **स्** (પ્ર. એ. વ.) નો **आ** [ડા] થાય છે. **पिता । कर्ता । उशना । पुरुदंशा । अनेहा । सखा ।**

ऋदुशनस्-पुरूदंसोऽनेहसश्च से र्डाः १।४।८४

૭૭ ધુટ્ પ્રત્યયો પર છતાં **न्** ની પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે, પણ સંબોધન એકવચનમાં દીર્ઘ થતો નથી. **राजन् + ०** પ્ર. એ. વ. —**राजान्**– ૨–૧–૬૧ **राजा ।**

नि दीर्घः १।४।८५

૭૮ **न्स्** અંતવાળાં નામો તેમજ **महत्** [**महत्** વિશેષણ] નો સ્વર ધુટ્ પ્રત્યય પર છતાં, સં. એ. વ. સિવાય દીર્ઘ થાય છે. **पटीयस् [पटीयसु] + ०** (પ્ર. એ. વ.) ૧–૪–૭૭ થી **स्**ની પૂર્વે **न्** ઉમેરાય છે. **पटीयन्स् + ०** — **पटीयान्स्**—૨–૧–૮૬ થી **पटीयान्**। એ પ્રમાણે **महत्** નું **महान्** ।

न्स्-महतोः १।४।८६

૭૯ **इन्** અને **हन्** અંતવાળા તથા **पूषन्** અને **अर्यमन्** નામોનો **न्** ની પહેલાંનો સ્વર, નપુંસક પ્ર. દ્વિ. બ. વ. નો **इ** પ્રત્યય અને પુંલિંગ પ્ર. એ. વ. નો પ્રત્યય પર છતાં જ દીર્ઘ થાય છે. ૧–૪–૮૫ નો **अपवाद** **भावीनि । शशी ।**
वृत्रं हतवान् वृत्रहा वृत्रहणौ वृत्रहणः । वृत्रहणम् ।

भ्रूणं हतवान् भ्रूणहा ।
भ्रूणघ्नः । भ्रूणघ्नौ । २-१-१०८, २-१-११२
पूषा । पूषणौ । अर्यमा । अर्यमणौ ।

इन्-हन्-पूषार्यम्णः शि-स्योः १।४।८७

૮૦ ધુટ્ પ્રત્યય પર છતાં **अप्** નો સ્વર દીર્ઘ થાય છે. **आपः ।**

अपः १।४।८८

૮૧ નામને અંતે રહેલા **अत्** [**अतु**] નો **अ** સ્વર પુંલિંગ પ્રથમા એકવચનમાં દીર્ઘ થાય છે પણ સંબોધનમાં દીર્ઘ થતો **નથી**. **नीतवत् + ०** (પ્ર. એ. વ.) – **नीतवात् + ०** १-४-७० **नीतवान्त्** – २-१-८९ થી **नीतवान् । भवत् , भवान् ।** સ્ત્રીલિંગ **नीतवती** તથા **भवती** २-४-२ થી **ई** પ્રત્યય.

શબ્દને અંતે રહેલા **अस्** નો **अ** સ્વર, પુંલિંગ અને સ્ત્રીલિંગના પ્રથમા એકવચનમાં દીર્ઘ થાય છે પણ સંબોધનમાં દીર્ઘ થતો નથી. **चन्द्रमाः** પ્ર. એ. વ. ।
भू વિગેરે (દશગણના) ધાતુ ઉપર થી બનેલા શબ્દના **अस्** નો **अ** દીર્ઘ થતો નથી. **पिण्डग्रः** ।

अभ्वादेरत्वसः सौ १।४।९०

૮૨ શેષ ધુટ્ પ્રત્યયો પર છતાં, **क्रोष्टु** નો **क्रोष्टृ** થાય છે **क्रोष्टा**

क्रुशस्तुनस्तृच् पुंसि १।४।९१

૮૩ તૃતીયા એકવચનથી સ્વરાદિ પ્રત્યયો પર છતાં વિકલ્પે **कोष्टृ** થાય છે. **क्रोष्ट्रा । क्रोष्टुना ।**

टादौ स्वरे वा १।४।९२

૮૪ સ્ત્રીલિંગમાં **क्रोष्ट्री** થાય છે.

स्त्रियाम् १।४।९३

प्रथमोऽध्यायः चतुर्थः पादः
नाम-रूप-प्रकरणम् १

१ अत आः स्यादौ जस्-भ्याम्-ये १।४।१
बालाः । बालाभ्याम् । बालाय

२ भिस ऐस् १।४।२ बालैः

३ इदमदसोऽक्येव १।४।३ एभिः । अमीभिः

४ एद् बहु-स्-भ्-ओसि १।४।४ बालेषु । बालेभ्यः । बालयोः

५ टा-ङसोरिन-स्यौ १।४।५ बालेन । बालस्य

६ ङे-ङस्यो र्या-ऽऽतौ १।४।६ बालाय । बालात् ।

७ सर्वादेः स्मै-स्मातौ १।४।७ सर्वस्मै । सर्वस्मात् । विश्वस्मै

८ ङेः स्मिन् १।४।८ सर्वस्मिन् । विश्वस्मिन्

९ जस इः १।४।९ सर्वे । विश्वे

१० नेमा-ऽर्ध-प्रथम-चरम-तया-ऽऽया-ऽल्प-कतिपयस्य वा
१।४।१० नेमे, नेमाः । द्वितये, द्वितयाः । त्रये, त्रयाः

११ तीयं ङित्कार्ये वा (सर्वादिः)१।४।१४ द्वितीयस्मै, द्वितीयाय

१२ अवर्णस्या-ऽऽमः साम् १।४।१५ सर्वेषाम् । सर्वासाम्

१३ नवभ्यः पूर्वेभ्यः इ स्मात् स्मिन् वा १।४।१६
पूर्वे, पूर्वाः । पूर्वस्मात्, पूर्वात् । पूर्वस्मिन्, पूर्वे

१४ आपोङिताम् यै यास् यास् याम् १।४।१७
मालायै । मालायाः २ । मालायाम्

१५ सर्वादे र्डस्-पूर्वाः १।४।१८ सर्वस्यै । सर्वस्याः । सर्वस्याम्

१६ टौस्येत् १।४।१९ मालया। मालयोः
१७ औता १।४।२० माले २
१८ इदुतो ऽ-स्त्रेरीदूत् १।४।२१ मुनी। भानू। मती। धेनू
१९ जस्येदोत् १।४।२२ मुनयः। धेनवः
२० ङित्यदिति १।४।२३ मुनये। धेनवे
२१ टः पुंसि ना १।४।२४ मुनिना। भानुना
२२ ङि डौं १।४।२५ मुनौ। धेनौ
२३ केवल-सखि-पतेरौः १।४।२६ सख्यौ। पत्यौ
२४ न ना-ङिदेत् १।४।२७ सख्या। पत्या। सख्ये। पत्ये। सख्युः। पत्युः
२५ स्त्रिया ङितां वा दे दास् दास् दाम् १।४।२८ मत्यै मतये। मत्याः मतेः। धेन्वाम्। धेनौ
२६ स्त्रीदूतः १।४।२९ नद्यै। नद्याः। नद्याम्। वध्वाम्
२७ वेयुवोऽस्त्रियाः १।४।३० श्रियै, श्रिये। भुवाम्, भुवि
२८ आमो नाम् वा १।४।३१ श्रीणाम्, श्रियाम्
२९ ह्रस्वा-ऽऽपश्च १।४।३२ बालानाम्। मालानाम्। मालानाम्
३० संख्यानां ष्णाम् १।४।३३ चतुर्णाम्। षण्णाम्। पञ्चानाम्
३१ त्रेः त्रयः १।४।३४ त्रयाणाम्
३२ एदोद्भ्यां ङसि-ङसो रः १।४।३५ मुनेः। भानोः
३३ खि-ति-खी-ती-य उर् १।४।३६ सख्युः। पत्युः
३४ ऋतो डुर् १।४।३७ पितुः २

३५ तृ-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होतृ-पोतृ-प्रशास्तॄ घुट्यार्
१।४।३८ कर्तारम्। कर्तारौ २। कर्तारः

३६ अर् ङौ च १।४।३९ पितरौ। पितरम्। पितरि

३७ ह्रस्वस्य गुणः (सिना-ऽऽमन्त्र्ये) १।४।४१ मुने। पितः

३८ एदापः १।४।४२ माले

३९ नित्य-दिद्-द्वि-स्वरा-ऽम्बा-ऽर्थस्य ह्रस्वः १।४।४३
नदि। वधु। अम्ब

४० अदेतः स्यमो लुक् १।४।४४ बाल। कमल

४१ दीर्घ-ङ्याब्-व्यञ्जनात् सेः १।४।४५ नदी। माला। मरुत्

४२ समानादमोऽतः १।४।४६ बालम्। मुनिम्

४३ दीर्घो नाम्यतिसृ-चतसृ-पूः १।४।४७
बालानाम्। मुनीनाम्। पञ्चानाम्

४४ नु वा १।४।४८ नृणाम् नृणाम्

४५ शसो ऽता सश्च नः पुंसि १।४।४९ बालान्। मुनीन्

४६ निय आम् (ङेः) १।४।५१ नियाम्। ग्रामण्याम्

४७ वाऽष्टन आः स्यादौ १।४।५२ अष्ट, अष्टौ

४८ अष्ट औ जस्शसोः १।४।५३ अष्टौ २

४९ डति-ष्णः संख्याया लुप् १।४।५४ कति। षट्। पञ्च

---

५० नपुंसकस्य शिः १।४।५५ कमलानि

५१ औरीः १।४।५६ कमले

५२ अतः स्यमोऽम् १।४।५७ कमलम् २

५३ पञ्चतोऽन्यादेरनेकतरस्य दः १।४।५८ अन्यत्
५४ अनतो लुप् १।४।५९ जगत् । वारि । मधु
५५ नामिनो लुग् वा १।४।६१ वारे, वारि
५६ वाऽन्यतः पुमांष्ट्रादौ स्वरे १।४।६२ कर्त्रा, कर्तृणा कुलेन
५७ दध्यस्थि-सक्थ्यक्ष्णोऽन्तस्याऽन् १।४।६३ दध्ना ।
दध्नि, दधनि । अस्थ्ना । सक्थ्ना । अक्ष्णा
५८ अनाम् स्वरे नोऽन्तः १।४।६४ वारिणी । वारीणि
५९ स्वराच्छौ १।४।६५ कमलानि
६० धुटां प्राक् १।४।६६ जगन्ति

---

६१ घुटि १।४।६८
६२ अचः १।४।६९ प्राङ्
६३ ऋदुदितः १।४।७० गच्छन् । भवान्
६४ अनडुहः सौ १।४।७२ अनड्वान्
६५ पुंसोः पुमन्स् १।४।७३ पुमान् । पुमांसौ । पुमांसः
६६ ओत औः १।४।७४ गौः । गावौ । गावः
६७ आ अम्-शसोऽता १।४।७५ गाम् । गाः
६८ पथिन्-मथिन्-ऋभुक्षः सौ १।४।७६ पन्थाः । ऋभुक्षाः
६९ एः १।४।७७ पन्थानौ । मन्थानौ । ऋभुक्षाणौ
७० थोन्थ् १।४।७८ पन्थाः । मन्थाः
७१ इन् ङी-स्वरे लुक् १।४।७९ सुपथी । मथः । ऋभुक्षः

७२ वोशनसो नश्चाऽऽमन्त्ये सौ १।४।८०

हे उशनन् । उशन । उशनः

७३ उतोऽनडुच्-चतुरो वः १।४।८१ हे अनड्वन्

७४ वाः शेषे १।४।८२ अनड्वान् । चत्वारः

७५ सख्युरितो ऽ शावैत् १।४।८३ सख्यौ ।

७६ ऋदुशनस्-पुरुदंशो ऽ नेहसश्च से र्डाः १।४।८४

उशना । पुरुदंशा । अनेहा । सखा

७७ नि दीर्घः १।४।८५ राजा । राजानौ । राजानः

७८ न्स्-महतोः १।४।८६ पटीयान् । महान्

७९ इन्-हन्-पूषा-ऽर्यम्णः शि-स्योः १।४।८७

भावीनि । शशो । वृत्रहा । पूषा । अर्यमा

८० अपः १।४।८८ आपः

८१ अभ्वादेः अत्वसः सौ १।४।९० नीतवान् । चन्द्रमाः

८२ क्रुशः तुनः तृच् पुंसि १।४।९१ क्रोष्टा

८३ टादौ स्वरे वा १।४।९२ क्रोष्ट्रा , क्रोष्टुना

८४ स्त्रियाम् १।४।९३ क्रोष्ट्री

इति सिद्ध-हेम-सारांश-संस्कृत-व्याकरणे
प्रथमोऽध्यायः समाप्तः



નામરૂપ પ્રકરણ ૨

૧ સ્ત્રીલિંગમાં **त्रि** અને **चतुर्** નો **तिस्** અને **चतस्** આદેશ થાય છે. **तिसृभिः** । **चतसृभिः** ।

त्रि-चतुरस् तिस्-चतस्र स्यादौ २।१।१

૨ સ્વરાદિ પ્રત્યયો પર છતાં **तिस्** અને **चतस्** ના **र्** નો **र्** થાય છે. **तिस्रः** । **चतस्रः** । પ્ર. દ્વિ, બ. વ.

ऋतो रः स्वरेऽनि २।१।२

૩ સ્વરાદિ પ્રત્યયો પર છતાં **जरा** નો વિકલ્પે **जरस्** આદેશ થાય છે. **जरसौ, जरे** । **जरसः जराः**

जराया जरस् वा २।१।३

૪ **भ्** થી શરૂ થતા પ્રત્યયો પર છતાં **अप्** નો **अद्** થાય છે પ્ર. સં. **आपः** । દ્વિ. **अपः** । તૃ. **अद्भिः** । ચ. પં. **अद्भ्यः** । ષ. **अपाम्** । સ. **अप्सु** । **अप्** બહુવચનમાં વપરાય છે.

अपोऽद् भे २।१।४

૫ વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં **रै** શબ્દના અન્ત્ય સ્વરનો **आ** થાય છે. **राः** । **राभ्याम्** । **रासु** ।

आ रायो व्यञ्जने २।१।५

૬ વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં **युष्मद्** અને **अस्मद्** ના-અંતનો **आ** થાય છે. **त्वाम्** । **माम्** । **युवाभ्याम्** । **आवाभ्याम्** । **युष्मासु** । **अस्मासु** ।

युष्मदस्मदोः २।१।६

૭ **आ इ** અને **ओस्** પર છતાં, અંતનો **य्** થાય છે. **त्वया** । **मया** । **त्वयि** । **मयि** । **युवयोः २** । **आवयोः २** ।

टा-ङ्योसि यः २।१।७

૮ બાકીના સ્વરાદિ પ્રત્યયો પર છતાં, અંતનો લોપ થાય છે.
યુષ્મભ્યમ્ । અસ્મભ્યમ્ । ત્વદ્
શેષે લુક્ ૨।૧।૮

૯ દ્વિવચનમાં **યુવદ્** અને **આવદ્** થાય છે.
યુવામ્ । આવામ્ ।
મન્તસ્ય યુવાવૌ દ્વયોઃ ૨।૧।૧૦

૧૦ સ્યાદિ પ્રત્યયો પર છતાં, ખીજા પ્રત્યયો પર છતાં અને ઉત્તર પદ પર છતાં, એકવચનમાં **ત્વદ્** અને **મદ્** થાય છે.
ત્વામ્ । મામ્ । તવાયં ત્વદીયઃ । મદીયઃ ૬-૧-૭, ૬-૩-૩૨ । તવ પુત્રઃ ત્વત્પુત્રઃ । મત્પુત્રઃ ।
ત્વમૌ પ્રત્યયોત્તરપદે ચૈકસ્મિન્ ૨।૧।૧૧

૧૧ પ્રથમા એકવચન **ત્વમ્** અને **અહમ્** થાય છે.
ત્વમહં સિના પ્રાક્ ચાકઃ ૨।૧।૧૨

૧૨ પ્રથમા બહુવચન **યૂયમ્** અને **વયમ્** થાય છે.
યૂયં વયં જસા ૨।૧।૧૩

૧૩ ચતુર્થી એકવચન **તુભ્યમ્** અને **મહ્યમ્** થાય છે.
તુભ્યં મહ્યમ્ ઙયા ૨।૧।૧૪

૧૪ ષષ્ઠી એકવચન **તવ** અને **મમ** થાય છે.
તવ મમ ઙસા ૨।૧।૧૫

૧૫ **અમ્** અને **ઔ** નો **મ્** થાય છે.
ત્વામ્ । મામ્ । યુવામ્ । આવામ્ ।
અમૌ મઃ ૨।૧।૧૬

૧૬ **અસ્** દ્વિ. બ. વ. નો **ન્** થાય છે. **યુષ્માન્** । **અસ્માન્** ।
શસો નઃ ૨।૧।૧૭

૧૭ ચતુર્થી भ्यस् નો अभ्यम् થાય છે.

युष्मभ्यम् । अस्मभ्यम् ।

अभ्यम् भ्यसः ૨।૧।૧૮

૧૮ પંચમી अस् અને भ्यस् નો अद् થાય છે.

त्वद् । मद् । युष्मद् । अस्मद् ।

ङसेश्चाऽद् ૨।૧।૧૯

૧૯ आम् નો आकम् થાય છે. युष्माकम् । अस्माकम् ।

आम आकम् ૨।૧।૨૦

૨૦ युष्मद् અને अस्मद् સર્વનામના, દ્વિતીયા ચતુર્થી[૧] અને ષષ્ઠી વિભક્તિના બહુવચનમાં અનુક્રમે वस् અને नस् થાય છે. આ આદેશો-રૂપો એક વાક્યની અંદર પદની પછી વિકલ્પે વપરાય છે.

જેમકે-धर्मो वो रक्षतु, धर्मो युष्मान्रक्षतु ।

पदाद् युग्—विभक्त्यैकवाक्ये वस्नसौ बहुत्वे ૨।૧।૨૧

૨૧ દ્વિવચનમાં અનુક્રમે वाम् અને नौ આદેશ થાય છે.

धर्मो वां रक्षतु, धर्मो युवां रक्षतु ।

द्वित्वे वाम् नौ ૨।૧।૨૨

૨૨ એકવચનમાં અનુક્રમે ते અને मे આદેશ થાય છે.

शीलं मे स्वम्, शीलं मम स्वम् ।

ङे-ङसा ते मे ૨।૧।૨૩

૨૩ દ્વિતીયાના એક વચનમાં અનુક્રમે त्वा અને मा થાય છે.

धर्मो मा रक्षतु, धर्मो मां रक्षतु ।

धर्मः त्वा रक्षतु, धर्मः त्वां रक्षतु ।

अमा त्वा मा ૨।૧।૨૪

૨૪ કોઈના સંબંધમાં કાંઈ કહીને પછીથી-ફરી તેના જ સંબંધમાં બીજું કહેવું, તે અન્વાદેશ કહેવાય છે. અન્વાદેશ હોય ત્યારે ઉપર જણાવેલી રીતે **वस् नस्** વિગેરે નિત્ય થાય છે.

यूयं विनीताः तद् वो गुरवो मानयन्ति ।

नित्यमन्वादेशे २।१।३१

૨૫ અન્વાદેશ હોય ત્યારે દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો, તૃતીયા એકવચનનો પ્રત્યય અને **ओस्** પ્રત્યય પર છતાં **एतद्** નો **एनद्** આદેશ થાય છે.

सुशीलौ एतौ तदेनौ गुरवो मानयन्ति ।

द्वि. पुं. **एनम्, एनौ, एनान् ।**

स्त्री. **एनाम्, एने, एनाः ।** न. **एनद्, एने, एनानि ।**

तृ. ऐ. व. पुं. न. **एनेन ।** स्त्री. **एनया ।**

ष. स. द्वि-व. पुं. न. स्त्री. **एनयोः ।**

सुशीलौ इमौ तदेनौ गुरवो मानयन्ति ।

त्यदामेनदेतदो द्वितीया-टौस्यवृत्त्यन्ते २।१।३३

૨૬ એ પ્રમાણે **इदम्** નો **एनद्** આદેશ થાય છે.

सुशीलौ इमौ तदेनौ गुरवो मानयन्ति

इदमः २।१।३४

૨૭ **अक्** રહિત **इदम्** નો વ્યંજનાદિમાં **अ** થાય છે.

आभ्याम् । आभिः । एषु । आसु

अनक् (अद् व्यञ्जने) २।१।३६

૨૮ તૃતીયા એકવચન અને ષષ્ઠી સપ્તમી દ્વિવચનમાં **अन** થાય છે.

अनेन । अनयोः ।

टौस्यनः २।१।३७

૨૯ પ્રથમા એકવચન પું. **अयम्** અને સ્ત્રીલિંગ **इयम्** થાય છે.

अयमियं पुं-स्त्रियोः सौ २।१।३८

૩૦ વિભક્તિના પ્રત્યયો પર છતાં **इद** નો **इम** થાય છે. **इमौ**

दो मः स्यादौ २।१।३९

૩૧ વિભક્તિના પ્રત્યયો અને **तसादि** પ્રત્યયો પર છતાં, **किम्** ને **क** થાય છે. **कः** । **कदा** । **कर्हि** ।

किमः कस्तसादौ च २।१।४०

૩૨ **तद्** નો **त**, **यद्** નો **य**. **अदस्** નો **अद**. **इदम्** નો **इद**, **एतद्** નો **एत** અને **द्वि** નો **द्व** થાય છે.

सः । **यः** । **एषः** । **द्वौ** । **ततः** । **तत्र** । **तथा** । **तर्हि** । **यतः** । **यत्र** । **यदा** । **यथा** ।

आद्वेरः २।१।४१

૩૩ **स्** પ્રત્યય પર છતાં **तद्** અને **एतद्** ના **त्** નો **स्** થાય છે. **सः** । **एषः** २-३-१५

तः सौ सः २।१।४२

૩૪ **अदस्** નું પ્રથમા એકવચનમાં **असौ** થાય છે.

अदसो दः सेस्तु डौ २।१।४३

૩૫ **अद** નો **अम** થાય છે. **अमू नरौ स्त्रियौ कुले वा**

मोऽबर्णस्य २।१।४५

૩૬ **म्** પછીના હ્રસ્વ સ્વરનો હ્રસ્વ **उ** અને દીર્ઘ સ્વરનો દીર્ઘ **ऊ** થાય છે. **अमुम्** । **अमून्** ।

मादुवर्णोऽनु २।१।४७

૩૭ તૃતીયા એક વચન **अमुना** થાય છે.

प्रागिनात् २।१।४८

૩૮ બહુવચનમાં **म्** પછી જ્યાં **ए** હોય ત્યાં દીર્ઘ **ई** થાય છે. **अमी** । **अमीषु** ।

बहुष्वेरीः २।१।४९

---

૩૯ ધાતુના ઇ વર્ણ અને ઉ વર્ણનો, સ્વરાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે **इय्** અને **उव्** થાય છે.

रि + अ + ति = रियति । धू + अ + ति = धुवति ।

धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये २।१।५०

૪૦ **इ** (જવું ગ. ૨) ધાતુના ઇ નો સ્વરાદિ પ્રત્યયો પર છતાં, **इय्** થાય છે-

इ + अतुस् – इ इ + अतुस् – इ इय् + अतुस् = ईयतुः ।
(૨–૧–૫૬ નો અપવાદ.) **इयय, इयाय** ૧. પુ. એ. વ. ।
ईयिव । इयियिथ इयेथ ।

इणः २।१।५१

૪૧ સંયુક્ત વ્યંજનની પછી આવેલા ધાતુના ઇ વર્ણ અને ઉ વર્ણનો, સ્વરાદિ પ્રત્યય પર છતાં, અનુક્રમે **इय्** અને **उव्** થાય છે

ह्री + अति – जिह्री + अति = जिह्रियति ૨–૧–૫૬ નો અપવાદ। **कटप्रुवौ ।**

संयोगात् २।१।५२

૪૨ **भ्रू** (સ્ત્રી.) શબ્દના **ऊ** નો સ્વરાદિ પ્રત્યય પર છતાં **उव्** થાય છે. (**भ्रू** શબ્દ ધાતુરૂપ નથી, એટલે ૨–૧–૫૦ ન લાગે.) **भ्रूः भ्रूवौ भ्रूवः**

પૂર્વે, સંયોગ હોય તો, **नु** [**श्नु**] પ્રત્યયના **उ** નો સ્વરાદિ પ્રત્યય પર છતાં **उव्** થાય છે.

शक् + नु = शक्नु + अन्ति = शक्नुवन्ति ।
अश्–अश्नुवे વ. પ્ર. એ. વ. **आश्नुवि** લ. પ્ર. પુ. એ. વ.

भ्रू–श्नोः २।१।५३

૪૩ સ્ત્રી શબ્દના ई નો સ્વરાદિ પ્રત્યયો પર છતાં इय् થાય છે. स्त्रियः । स्त्रियौ ।

स्त्रियाः २।१।५४

૪૪ अम् તથા अस् દ્વિ. બ. વ. પર છતાં વિકલ્પે इय् થાય છે स्त्रियम्, स्त्रीम् । स्त्रियः, स्त्रीः ।

वाऽम्शसि २।१।५५

૪૫ સ્વરાદિ પ્રત્યય પર છતાં અનેક સ્વરી ધાતુના इ વર્ણનો य् થાય છે. ૨–૧–૫૦ નો અપવાદ

भी + अति – बिभी + अति = बिभ्यति ।

सखायमिच्छति सखीयति क्विप् सखीः ધાતુ શબ્દ. सख्युः । सख्यि । ष स. એ. વ. એવં पतीः । पत्युः । पत्यि ।

योऽनेकस्वरस्य २।१।५६

૪૬ સ્વરાદિ स्यादि પ્રત્યય પર છતાં અનેક સ્વરી ધાતુના उ વર્ણનો व् થાય છે. ૨–૧–૫૦ નો અપવાદ. वसु પું. અગ્નિ. वसुमिच्छति–૩–૪–૨૩ वसु + य [क्यन्]–૪–૩–૧૦૮ वसू + य = वसूय નામ ધાતુ, વસુને ઇચ્છવું. वसूर्यति इति वसूय + ० [क्विप्]—૪–૩–૮૨ वसूय् + ० [क्विप्]—૪–૪–૧૨૧ वसू + ० [क्विप्] = वसू ધાતુ શબ્દ, वसूः । वसू + औ = वस्वौ । वस्वः ।

स्यादौ वः २।१।५७

૪૭ વિભક્તિ વિનાના क्विप् પ્રત્યયાન્ત જ નામની સાથે જે સમાસ થયેલો હોય, તે સમાસ સંબંધી ધાતુના इ વર્ણ અને उ વર્ણનો, સ્વરાદિ પ્રત્યયો પર છતાં, અનુક્રમે य् અને व् થાય છે, પણ सुधी શબ્દમાં य् થતો નથી. ૨–૧—૫૦ નો

અપવાદ. ग्रामं नयति इति ग्रामणीः ग्रामण्यौः ग्रामण्यः
खलं पुनाति इति खलपूः खलप्वौः खलप्वः ।
सुष्ठु ध्यायति दधाति वा सुधीः । सुधियौ । सुधियः ।

क्विब्-वृत्तेरसुधियस्तौ २।१।५८

૪૮ दन्भू, पुनर्भू, वर्षाभू, अने कारभू, આ શબ્દો સંબંધી જ भू ધાતુના ऊ નો સ્વરાદિ પ્રત્યય પર છતાં व् થાય છે. दन्भ्वौ । અહીં ન થાય— स्वयंभुवौ ।

दन्-पुन-र्वर्षा-कारे र्भुवः २।१।५९

---

૪૯ स् પર છતાં, ष् અને ढ् નો क् થાય છે.
पिष् + सि-पिनष् + सि-पिनक्+सि – २-३-१५ पिनक्षि ।
लिह् + स्यति-लेढ् + स्यति=लेक्ष्यति । २-१-८२

ष-ढोः कः सि २।१।६२

૫૦ भू વિગેરે દશ ગણના ધાતુઓના र् અને व् પછી વ્યંજન આવે તો र् અને व् ની પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થાય છે.
दिव् + य + ति = दीव्यति । सिव्, सीव्यति । ष्ठीव्यति

भ्वादेर्नामिनो दीर्घो र्वो व्यञ्जने २।१।६३

૫૧ भू વિગેરે દશેય ગણોના ધાતુઓ ઉપરથી બનેલા શબ્દોના પદાન્ત र् પર છતાં, પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થાય છે.
गीर्यते इति क्विप्-गीः । गीर्भ्याम् । ५-३-११४
गिरः अर्थः गीरर्थः । आशास्यते इति आशीः
आशिषौ । आशिषः । आशीर्भ्याम् ५-३-११४
पिपर्ति इति पूः पुरौ पुरः । पूर्भ्याम् । ५-२-८३
धूर्वति इति धूः धुरौ धुरः । धूर्भ्याम् ।

पदान्ते २।१।६४

૫૨ य કારાદિ તદ્ધિત પર છતાં નામિનો રેફ પર છતાં દીર્ઘ થતો નથી. धुरं वहति धुर्यः ૭-૧-૩।
૨-૧-૬૩ નો અપવાદ. गिरि साधुः गिर्यः ૭-૧-૧૫
न यि तद्धिते ૨।૧।૬૫

૫૩ म् નો પદને અન્તે તથા म् व् પર છતાં न् થાય છે.
प्रशाम्यति इति क्विप् प्रशान् । चङ्क्रन्मि । जगन्वस् ।
मो नो म्वोश्च ૨।૧।૬૭

૫૪ वस् [क्वसु] ના स् નો પદને અંતે द् થાય છે.
विद्वद्भ्याम् । विद्वत्सु । तस्थिवद्भ्याम् ।
ન. तस्थिवत् तस्थुषी तस्थिवांसि ।
अनडुह् ના ह् નો પદને છેડે द् થાય છે. अनडुद्भ्याम् ।
सँस्-ध्वँस्-क्वस्स्-अनडुहो दः ૨।૧।૬૮

૫૫ ऋत्विज् दिश् दृश् स्पृश् स्रज्, दधृष् उष्णिह्,
આ શબ્દોના અંત્ય વ્યંજનનો પદાન્તે ग् થાય છે.
ऋत्विक्, ग् । ऋत्विक्षु । दिक्, ग् दिशौ । दिग्भ्याम् ।
ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्-दधृषुष्णिहो गः ૨।૧।૬૯

૫૬ अञ्च् ધાતુના न् નો પદને અંતે ङ् થાય છે. प्राङ् ।
युजञ्च-कुञ्चो नो ङः ૨।૧।૭૧

૫૭ પદને અંતે स् હોય તો એનો र् થાય છે. नमतस्-नमतः ।
सो रुः ૨।૧।૭૨

૫૮ अहन् શબ્દના न् નો પદને અંતે र् થાય છે.
अहन् + भ्याम् - अहर् + भ्याम् - अहोभ्याम् ।
स् ના र् ને જે નિયમો લાગે છે, તે નિયમો આ નિ. થી થયેલા र् ને પણ લાગે છે. अहोभ्याम् (૧-૩-૨૧)
अह्नः ૨।૧।૭૪

૫૯ પ્રત્યયનો લોપ થયા પછી, પદને અંતે રહેલા **अहन्** શબ્દના **न्** નો **र्** થાય છે. **अहरेति । अहर्गच्छति ।** પણ **र्** પર છતાં, આ નિયમ ન લાગે. ઉપરનો લાગે. **गतमहो रात्रिरागता ।**

रो लुप्यरि २।१।७५

૬૦ પદને અંતે રહેલા ધુટ્ વ્યંજનને ઠેકાણે તેના સ્થાનના વર્ગનો ત્રીજો વ્યંજન થાય છે. **बालात् – बालाद् ।**

धुटस्तृतीयः २।१।७६

૬૧ **ग् ड् द्** કે **ब्** આદિમાં હોય અને ચોથો અક્ષર અન્તે હોય, એવા એક સ્વરવાળા ધાતુરૂપ અવયવના આદિ (ત્રીજા) અક્ષરનો, પદને અંતે અથવા **स्** કે **ध्व्** થી શરૂ થતો પ્રત્યય પર છતાં, ચોથો અક્ષર થાય છે. **दुह् + सि** ૨–૧–૮૩ થી **दुघ् + सि** – આ નિયમથી **धुघ् + सि** —
धोघ् + सि – धोक् + सि – धोक् + षि = धोक्षि ।

ग–ड–द–बादेश्चतुर्थाऽन्तस्यैकस्वरस्यादेश्चतुर्थः स्ध्वोश्च प्रत्यये २।१।७७

૬૨ **धा** ધાતુને અંતે ચોથો અક્ષર હોય ત્યારે, **त् थ्** કે **स्** **ध्व्** થી શરૂ થતા પ્રત્યયો પર છતાં, આદિ **द्** નો **ध्** થાય છે.
धा + तस् – दधा + तस् – ४–२–९६ दध् + तस्–१–३–५०
धत्तः धत्थः । धत्से । धद्ध्वे । १–३–४९

धागस्तथोश्च २।१।७८

૬૩ **धा** સિવાયના ધાતુના ચોથા અક્ષરની પછી પ્રત્યયના **त्** અને **थ्** નો **ध्** થાય છે. **रुध् + ति – ३–४–८२**
रुनध् + ति – रुनध् + धि—१–३–४९ रुनद् + धि = रुणद्धि । लभ् + त – लभ् + ध = लब्धः । लब्धवान् ।

अधश्चतुर्थात् त-थो र्धः २।१।७९

૬૪ ર્ કારાન્ત ધાતુથી અને નામ્યન્ત ધાતુથી પરોક્ષા અદ્યતની અને આશીર્વદના પ્રત્યયના ધ્ નો ઢ્ થાય છે. **चकृढ्वे ।**

र्–नाम्यन्तात् परोक्षा-ऽद्यतन्याशिषो धो ढः २।१।८०

૬૫ હ અને અન્તસ્થા અંતવાળા ધાતુઓની પછી ઇ [**झिट्**] કે ઇ [**इट्**] હોય તો તેની પછી રહેલા પરોક્ષા અદ્યતની અને આશીર્વાદના પ્રત્યયના ધ્ નો ઢ્ વિકલ્પે થાય છે. **जगृहिढ्वे, ग्वे । शिश्रियढ्वे, ध्वे ।**

हा-ऽन्तस्थाद् झीड्भ्याम् वा २।१।८१

૬૬ ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં તેમજ પદને અંતે હ્ નો ઢ્ થાય છે. **तृह् + ति**— ૪–૩–૮૨, ૪–૩–૬૨ **तृणेह्+ति**— **तृणेढ् + ति** – ૨–૧–૭૯ **तृणेढ् + धि** – ૧–૩–૬૦ **तृणेढ् + ढि = तृणेढि । मुह् + त** — (ભૂ. કૃ.) **मूढ् + त = मुह्+ध –मुढ् + ढ = मूढः** । ૧–૩–૪૨

हो धुट् पदान्ते २।१।८२

૬૭ દ્ આદિમાં હોય, એવા ભૂ વિગેરે દરેક ગણના ધાતુઓના હ્ નો ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં તેમજ પદાન્તે ઘ્ થાય છે.

दह् + त – दघ् + त – दघ + ध् = दग्धः । दग्धवान् ભૂ.કૃ. ।
दुह् + ति – दुघ + धि = दोग्धि ૩. પુ. એ. વ.
પદાન્તે, **अधोक्** હ્યા. ૩. પુ. એ. વ. ૨–૧–૭૭ થી **द्** નો **ध्**.

भ्वादे र्दादे र्घः २।१।८३

૬૮ ધુટ્ પ્રત્યય પર છતાં, અને પદને અંતે — **मुह्, द्रुह्, स्नुह्** અને **स्निह्** ધાતુઓના હ્ નો વિકલ્પે ઘ્ થાય છે.
मोग्धा, मोढा । द्रोग्धा, द्रोढा । स्नोग्धा, स्नोढा । स्नेग्धा, स्नेढा । मोक्ष्यति । ध्रोक्ष्यति । स्नोक्ष्यति ।

स्नेक्ष्यति । આ ચારે ધાતુઓ વેટ્ છે એટલે इ આવે ત્યારે मोहिता । मोहिष्यति । ४.

मुह-द्रुह-स्नुह-स्निहो वा २।१।८४

६९ नह् અને आह् ધાતુના ह् નો ध् અને त् થાય છે. नद्धा आत्थ।

नहा-ऽऽहो धं तौ २।१।८५

७० ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં તેમજ પદને અંતે, क् અને ज નો અનુક્રમે क् અને ग् થાય છે. मुक्तः। त्यक्तः वाच् + सु १-१-२१ થી वाच् પદ બનશે, પછી च् નો क् થશે वाक् + सु २-३-१५ થી ष्, वाक् + षु = वाक्षु ।

च-जः क-गम् २।१।८६

७१ यज् सृज् मृज् राज् भ्राज् भ्रस्ज् व्रश्च् परि-व्राज् આ ધાતુઓના च् અને ज् નો તથા श् અંતવાળા ધાતુઓના श् નો ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તે ष् થાય છે. मार्ष्टि । यज् + तुम् = यष्टुम् । यज् + त्वा = इष्ट्वा । स्रष्टुम् । भ्रस्ज् - भ्रष्टुम् । व्रष्टुम् । यज् + तृ = यष्टा । स्पृश् + त = स्पृष्टः भू. कृ. । दृष्ट्वा । उपदेष्टा । પદાન્તે परिवाट् પ્ર. એ. વ.

यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रश्च-परिव्राजः

शः षः २।१।८७

७२ સંયુક્ત વ્યંજનનો પહેલો અક્ષર स् કે क् હોય તો તેનો ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં અથવા પદાન્તે લોપ થાય છે.
भ्रस्ज् + तुम् = भ्रष्टुम् । ज् નો ष् થયો છે.
वक्ष् (क् + ष् = क्ष्) + ते - चष् + ते = चष्टे । चक्ष् + से - चष् + से २-१-६२ चक् + से - चक् + षे = चक्षे ।

संयोगस्याऽऽदौ स्को लुक् २।१।८८

૭૩ પદને અંતે વ્યંજનનો સંયોગ હોય તો સંયોગના અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે. **गच्छन्त् – गच्छन्** ।

पदस्य २।१।८९

૭૪ **र्** પછી **स्** નો જ લોપ થાય છે.
मृज् + स् – अ – मर्ज् + स् – ૪–૩–૭૯ **अमर्ज्** – ૪–૩–૪૨ **अमार्ज्** – ૨–૧–૮૭ **अमार्ष्**—૨–૧–૬૬ અને ૧–૩–૫૧ **अमार्ट्, अमार्ड्** અહિં ૨–૧–૮૯ લાગશે નહિં.

रात् सः २।१।९०

૭૫ પદને અંતે રહેલા નામના **न्** નો લોપ થાય છે, **राजा** ।
राज्ञः पुरूषः राजपुरुषः । **राजन् + भ्याम् = राजभ्याम्** ।

नाम्नो नोऽनह्नः २।१।९१

૭૬ સંબોધનમાં નામના **न्** નો લોપ થતો નથી. **हे राजन्!** ।

नाऽऽमन्त्र्ये २।१।९२

૭૭ નપુંસકમાં સંબોધનમાં **न्** નો વિકલ્પે લોપ થાય છે.
हे दाम, दामन् !

क्लीबे वा २।१।९३

૭૮ નામમાં ઉપાન્તે કે અન્તે **म्** કે **अ** વર્ણ હોય અથવા અંતે પાંચમા સિવાયનો વર્ગનો કોઇ વ્યંજન હોય, તો **मत्** ના **म्** નો **व्** થાય છે. **वृक्षाः सन्ति अस्मिन् वृक्षवान्** ।
વૃક્ષો છે. એમાં (જેમાં) તે, **वृक्षवान्**–વૃક્ષવાળો । **मरुत्वान्** ।

मा-ऽवर्णा-ऽन्तोपान्तापञ्चमवर्गान् मतोर्मोवः २।१।९४

૭૯ જલાધાર અને સંજ્ઞામાં, **मतु** પર છતાં **उदक** ના **उदन्वान्** થાય છે. જલાધાર–**उदन्वान् घटः मेघश्च** ।
સંજ્ઞા–**उदन्वान् समुद्रः ऋषिः आश्रमश्च** ।

उदन्वान् अब्धौ (नाम्नि) च २।१।९७

૮૦ સારો રાજા છે જેનો એવા અર્થમાં **मतु** પર છતાં **राजन्** શબ્દનો **न्** લોપાતો નથી. **शोभनो राजाऽस्य राजन्वान् देशः । राजन्वती पृथ्वी ।** ૨-૧-૬૧નો અપવાદ

राजन्वान् सुराज्ञि २।१।९८

૮૧ ઊર્મિ વિગેરે કેટલાક શબ્દોથી **मत्** ના **म्** નો **व्** થતો નથી. **ऊर्मिमान् । भूमिमान् । यवमान् । द्राक्षामान् । ककुद्मान्।**

नोर्म्यादिभ्यः २।१।९९

---

૮૨ **मास निशा** અને **आसन** શબ્દનો, **अस्**, દ્વિ.બ.વ. વિગેરે પ્રત્યયો પર છતાં, વિકલ્પે **मास् निश्** અને **आसन्** થાય છે. **मासः, मासान् । माभ्याम्, मासाभ्याम् । मासु मास्सु मासेषु । निशः निशाः । निग्भ्याम्, निशाभ्याम् । निक्षु, निच्छु, निशासु । आसानि, आसनानि । आसभ्याम्, आसनाभ्याम् । आस्नः आसनस्य ।**

मास-निशा-ऽऽसनस्य शसादौ लुग्वा २।१।१००

૮૩ દન્ત વિગેરે શબ્દો ના, **अस्** દ્વિ.બ.વ. વિગેરે પ્રત્યયો પર છતાં **दत्** વિગેરે આદેશો વિકલ્પે થાય છે. **दन्त** પું **दत् । पाद** પું **पद् । नासिका** સ્ત્રી. **नस् । हृदय** ન. **हृद् । असृज्** ન. **असन् । यूष** પું **यूषन् । उदक** ન. **उदन् । दोस्** પું **दोषन् । यकृत्** ન. **यकन् । शकृत्** ન. **शकन्।**

दतः	दता	दद्भ्याम्	दति	दत्सु
नसः	नसा	नोभ्याम्	नसि	नस्सु, नःसु।
हृन्दि	हृदा	हृद्भ्याम्	हृदि	हृत्सु
असानि	अस्ना	असभ्याम्	अस्नि-असनि	अससु
यूष्णः	यूष्णा	यूषभ्याम्	यूष्णि-यूषणि	यूषसु
दोष्णः	दोष्णा	दोषभ्याम्	दोष्णि-दोषणि	दोषसु

दन्त-पाद-नासिका-हृदया-ऽसृग्-यूषोदक-दो-कृच्-शकृ-तो दत्-पन्-नस्-हृद्-सन्-यूषन्नुदन्-दोषन्-यकन्-शकन् वा २।१।१०१

૮૪ णि क्य અને घुट् સિવાયના य કારાદિ અને સ્વરાદિ પ્રત્યયો પર છતાં–**पाद्** નો **पद्** થાય છે. **व्याघ्रस्येव पादौ यस्य व्याघ्रपाद्, व्याघ्रपादः अपत्यम् वैयाघ्रपद्यः** य પ્રત્યય ૬–૧–૪૨। **द्वौ पादौ यस्य द्विपाद्, द्विपदः पश्य। द्विपदे हितम् द्विपदीयम्** । ૭–૧–૩૫

य–स्वरे पादः पद् अ-णि-क्य-घुटि २।१।१०२

૮૫ उदच् નો **उदीच्** થાય છે. **उदीचि भवः उदीच्यः** ૬–૩–૮। **उदीचः पश्य** ।

उदच उदीच् २।१।१०३

૮૬ अच् નો **च्** થાય છે અને પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. **प्राच्यः** । **प्रतीच्यः** । **प्राची** । **प्रतीची** ।

अच् चः प्राग् – दीर्घश्च २।१।१०४

૮૭ य કારાદિ સ્વરાદિ અને **मतु** પર છતાં **क्वस्, उष्** થાય છે. **विदुषि साधुः विदुष्यः** । **विदुष इदम् वैदुषम्** ૬–૩–૧૬૦ अण् પ્રત્યય। **विदुष्मान्** ।

क्वस् उष् मतौ च २।१।१०५

૮૮ **श्वन्** युवन् અને **मघवन्** શબ્દોના **व्** નો, સ્ત્રીલિંગનો **ई** [**ङी**] અને अघुट् (घुट् વિનાનો) સ્વરાદિ પ્રત્યય પર છતાં **उ** થાય છે.

श्वन् + ई = शुनी । **मघोनी** । **शुनः** । **यूनः** । **मघोनः** ।

श्वन् – युवन् – मघोनो ङी–स्याद्यघुट्स्वरे व उः २।१।१०६

૮૯ ઘુટ્ સિવાયના સ્વરાદિ પ્રત્યયો પર છતાં, **આ** [**આપ્**] પ્રત્યય સિવાયના **આ** કારાન્ત નામોના **આ** નો લોપ થાય છે. **વિશ્વપાઃ** દ્વિ. બ. વ.। **વિશ્વપા** તૃ. એ. વ.

લુગાતો ऽનાપઃ ૨।૧।૦૭

૯૦ સ્વરાદિ અઘુટ્ (ઘુટ્ સિવાયના) પ્રત્યયો પર છતાં **અન્** ના **અ** નો લોપ થાય છે. **રાજન્ + અસ્** – **રાજ્ન્ + અસ્** – ૧–૩–૬૦ થી **રાજ્ – ઞ્ + અસ્ = રાજ્ઞઃ**

અનોऽસ્ય ૨।૧।૦૮

૯૧ ન. પ્ર. દ્વિ. દ્વિ વચનનો **ઈ** પ્રત્યય અને સપ્તમીનો **ઇ** પ્રત્યય પર છતાં **અન્** ના **અ** નો વિકલ્પે લોપ થાય છે.
ન. **દામન્ + ઈ = દામ્ની, દામની** । (પ્ર. દ્વિ. દ્વિ. વ.)
દામન્ + ઇ = દામ્નિ, દામનિ। **રાજ્ઞિ, રાજનિ**। (સ.એ.વ.)

ઈ-ङૌ વા ૨।૧।૦૯

૯૨ **અન્** અંતવાળાં નામોના **અન્** ની પહેલાં **વ્** કે **મ્** અંતવાળો સંયુક્ત વ્યંજન હોય, તો **અન્** ના **અ** નો લોપ થતો નથી.
આત્મન્ + અસ્ = આત્મનઃ । **કર્મન્ + ઈ = કર્મણી** ।
પર્વન્ + ઈ = પર્વણી । પરંતુ **મૂર્ધન્ + અસ્ = મૂર્ધ્નઃ** ।
સ. એ. વ. **મૂર્ધ્નિ, મૂર્ધનિ** । અહીં લોપ થશે.

ન વમન્તસંયોગાત્ ૨।૧।૧૧

૯૩ **હન્** ધાતુના **હ્ન્** નો **ઘ્ન્** થાય છે.
ઘ્નન્તિ । **આઘ્નાતે** વ. ૩. દ્વિ. વ.

હનો હ્નો ઘ્નઃ ૨।૧।૧૨

૯૪ અની પછી **અ** કે **ए** આવે તો પહેલાંનો **અ** લોપાય છે, પણ જો પદની શરૂઆતમાં રહેલો **અ** કે **ए** આવે તો પહેલાંનો **અ** લોપાતો નથી.

नम् + अ + अन्ति – नम् + अन्ति = नमन्ति ।
दण्ड + अग्रम् = दण्डाग्रम् । अग्रम् પદ છે.

लुगस्याऽदेत्यपदे २।१।११३

૯૫ ड् ઇત્ વાળો પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વર અને તેની પછીના વ્યંજનો લોપાય છે.
सर्वा + अस्यै [डस्यै] सर्वस्यै । અહીં અન્ત્ય સ્વર **आ** નો લોપ થયો છે, અન્ત્ય સ્વરાદિનો લોપ કરવો એ જ ड् ઇત્ નું પ્રયોજન (ફળ) છે, ઇત્ વર્ણ પ્રયોગમાં રાખતો નથી. **सर्वस्यै** આ પ્રયોગમાં ड् રહ્યો નથી.

ङित्यन्त्यस्वरादेः २।१।११४

૯૬ સ્ત્રીલિંગનો ई પ્રત્યય તેમજ નપુંસક દ્વિવચનનો ई પ્રત્યય પર છતાં–**ना** [**आ**] વિકરણ સિવાય **अ** વર્ણથી પર રહેલા **अत्** પ્રત્યયનો વિકલ્પે **अन्त्** થાય છે.
यान्ती, याती । विशन्ती, विशती ।

अवर्णादश्नोऽन्तो वाऽतुरीङ्योः २।१।११५

૯૭ **अ** અને **य** વિકરણ પછી રહેલા **अत्** પ્રત્યયનો **अन्त्** થાય છે.
नृत्यन्ती । गच्छन्ती । चोरयन्ती ।

श्य–शवः २।१।११६

૯૮ **स्** પ્રત્યય પર છતાં, **दिव्** ના
પ્ર. સં. द्यौः । दिवौ ।

दिव औः सौ २।१।११७

૯૯ પદને અંતે **दिव्** ના **व्** નો હ્રસ્વ **उ** થાય
द्युभ्याम् । द्युषु ।

उः पदान्तेऽनृते २।१।११८

द्वितीयोऽध्यायः प्रथमः पादः

नामरूप-प्रकरणम् २

१ त्रि-चतुरस् तिस्र-चतसृ स्यादौ २।१।१

तिसृभिः । चतसृभिः

२ ऋतो रः स्वरे ऽनि २।१।२ तिस्रः । चतस्रः

[illegible] वा २।१।३ जरसौ, जरे

१८ ङसेश्चाऽद् २।१।१९ त्वद् । मद् । युष्मद् । अस्मद्

१९ आम आकम् २।१।२० युष्माकम् । अस्माकम्

२० पदाद् युग्–विभक्त्यैक–वाक्ये वस्नसौ बहुत्वे
२।१।२१ धर्मो वो रक्षतु, युष्मान्रक्षतु

२१ द्वित्वे वाम्–नौ २।१।२२ धर्मो वां रक्षतु, युवां रक्षतु
धर्मो नौ रक्षतु, आवां रक्षतु

२२ ङे–ङसा ते मे २।१।२३ शीलं ते स्वम्, तव स्वम्
शीलं मे स्वम्, मम स्वम्

२३ अमा त्वा मा २।१।२४ धर्मो मा रक्षतु, मां रक्षतु
धर्मस्त्वा रक्षतु, त्वां रक्षतु

२४ नित्यमन्वादेशे २।१।३१ यूयं विनीताः तद् वो गुरवोमानयन्ति

२५ त्यदामेनदेतदो द्वितीया–टौस्यवृत्त्यन्ते २।१।३३
सुशीलौ ऐतौ तदेनौ गुरवो मानयन्ति

२६ इदमः २।१।३४ सुशीलौ इमौ तदेनौ गुरवो मानयन्ति

२७ अनक् (अद् व्यञ्जने) २।१।३६ आभ्याम्, आभिः

२८ टौस्यनः २।१।३७ अनेन । अनयोः

२९ अयमियम् पुं–स्त्रियोः सौ २।१।३८

३० दो मः स्यादौ २।१।३९ इमौ

३१ किमः कस् तसादौ च २।१।४० कः । कदा

३२ आ-द्वेः अः २।१।४१ सः । यः । अमू । इमौ । एषः

३३ तः सौ सः २।१।४२ सः । एषः

३४ अदसो दः सेस्तु डौ २।१।४३ असौ
३५ मोऽवर्णस्य २।१।४५ अमू नरौ स्त्रियौ कुले वा
३६ माद् उवर्णोऽनु २।१।४७ अमुम् । अमू
३७ प्रागिनात् २।१।४८ अमुना
३८ बहुष्वेरीः २।१।४९ अमी

---

३९ धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये २।१।५०
रियति । धुवति
४० इणः २।१।५१ ईयतुः
४१ संयोगात् २।१।५२ जिह्रियति । कटप्रुवौ
४२ भ्रू–श्नोः २।१।५३ भ्रुवौ । शक्नुवन्ति
४३ स्त्रियाः २।१।५४ स्त्रियौ
४४ वाऽम्–शसि २।१।५५ स्त्रियम्, स्त्रीम् । स्त्रियः, स्त्रीः
४५ योऽनेकस्वरस्य २।१।५६ बिभ्यति । सख्यि
४६ स्यादौ वः २।१।५७ वस्वौ । वस्वः
४७ क्विब्–वृत्तेः असुधियः तौ २।१।५८ ग्रामण्यौ । खलप्वः
४८ दृन्–पुन–र्वषा–कारै भुवः २।१।५९ दृभ्वौ

---

४९ ष–ढोः कः सि २।१।६२ पिनक्षि । लेक्ष्यति
५० भ्वादे र्नामिनो दीर्घो र्–वो व्यञ्जने २।१।६३
दीव्यति । सीव्यति

५१ पदान्ते २।१।६४ गीः । गीर्भ्याम्

५२ न यि तद्धिते २।१।६५ गिर्यः । धुर्यः

५३ मा नो म्वोश्च २।१।६७ प्रशान् । चंक्रन्वः

५४ स्रंस्–ध्वंस्–क्वस्सनडुहो दः २।१।६८
विद्वद्भ्याम् । अनड्वद्भ्याम्

५५ ऋत्विज्–दिश्–दृश्–स्पृश्–स्रज्–दधृषुष्णिहो गः
२।१।६९ ऋत्विग् । दिग् । दृग् । स्पृग्भिः

५६ युजश्च–क्रुञ्चो नो ङः २।१।७१ प्राङ्

५७ सो रुः २।१।७२ नमतः

५८ अहः २।१।७४ अहोभ्याम्

५९ रो लुप्यरि २।१।७५ अहरेति । अहर्गच्छति

६० धुटस्तृतीयः २।१।७६ बालाद्

६१ ग–ड–द–बादेश्चतुर्थान्तस्यैक–स्वरस्यादेश्चतुर्थः
स्–ध्वोश्च प्रत्यये २।१।७७ धोक्षि ।

६२ धागस्तथोश्च २।१।७८ धत्थः । धत्से । धद्ध्वे

६३ अधश्चतुर्थात् त–थो र्धः २।१।७९ रुणद्धि । लब्धः

६४ र्–नाम्यन्तात् परोक्षाद्यतन्याशिषो धो ढः २।१।८०
चकृढ्वे

६५ हाऽन्तस्थाऽ ऊड्भ्यां वा २।१।८१ जगृहिढ्वे, ध्वे ।

६६ हो धुट्-पदान्ते २।१।८२ तृणेढि । मूढः

६७ भ्वादे र्दादे र्धः २।१।८३ दोग्धि । दुग्धः । अधोक्

६८ मुह-दुह-स्नुह्-स्निहो वा २।१।८४ मोग्धा, मोढा

६९ नहाऽऽहो र्ध-तौ २।१।८५ नद्धा । आत्थ

७० च-जः क-गम् २।१।८६ मुक्तः । त्यक्तः । वाक्षु

७१ यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-ब्रश्च-परिव्राजः शः षः २।१।८७ यष्टुम् । स्रष्टुम् । मार्ष्टि

७२ संयोगस्यादौ स्को र्लुक् २।१।८८ भ्रष्टुम् । चष्टुम् ।

७३ पदस्य २।१।८९ गच्छन्

७४ रात् सः २।१।९० अमार्ट्

७५ नाम्नो नोऽनहः २।१।९१ राजा । राजभ्याम्

७६ नाऽऽमन्त्र्ये २।१।९२ राजन्

७७ क्लीबे वा २।१।९३ दाम, दामन्

७८ मा-ऽवर्णा-ऽन्तोपान्ता-ऽपञ्चम-वर्गान्मतो मौ वः २।१।९४ वृक्षवान् । मरुत्वान्

७९ उदन्वान् अन्धौ (नाम्नि) च २।१।९७

८० राजन्वान् सुराज्ञि २।१।९८ राजन्वान् देशः

८१ नोर्म्यादिभ्यः २।१।९९ ऊर्मिमान् । यवमान् । ककुभान्

---

८२ मास-निशा-ऽऽसनस्य शसादौ लुग् वा २।१।१०० मासः, मासान् । निशः, निशाः । आसानि, आसनानि

८३ दन्त-पाद-नासिका-हृदया-ऽसृक्-यूषोदक-दोर्-यकृत्-शकृतो दत्-पद्-नस्-हृदसन्-यूषन्-उदन्-दोषन्-यकन्-शकन् वा २।१।१०१ दतः, दन्तान्

८४ य-स्वरे पादः पदऽणि-क्य-घुटि २।१।१०२
वैयाघ्रपद्यः । द्विपदःपश्य

८५ उदच उदीच् २।१।१०३ उदीच्यः । उदीचः पश्य

८६ अच् च प्राग् दीर्घश्च २।१।१०४ प्राच्यः । प्रतीच्यः
प्राची । प्रतीची

८७ क्वसु उष् मतौ च २।१।१०५ विदुष्यः । विदुषा ।
विदुष्मान्

८८ श्वन्-युवन्-मघोनो ङी-स्याद्यघुट्-स्वरे व उः
२।१।१०६ शुनी । मघोनी । शुनः । यूनः

८९ लुगाऽऽतो ऽनाऽऽपः २।१।१०७ विश्वपः । विश्पा

९० अनोऽस्य २।१।१०८ राज्ञः

९१ ई-ङौ वा २।१।१०९ दाम्नी, दामनी । राज्ञि, राजनि

९२ न वमन्त-संयोगात् २।१।१११ पर्वणा । आत्मनः । कर्मणी

९३ हनो ह्नो घ्नः २।१।११२ घ्नन्ति

९४ लुगस्याऽदेत्यपदे २।१।११३ नमन्ति । वन्दे

९५ डित्यन्त्य-स्वरादेः २।१।११४ सर्वस्यै

९६ अ-वर्णादश्नोऽन्तो वाऽतुरी-ङ्योः २।१।११५
यान्ती, याती । विशन्ती, ती

९७ श्य-शवः २।१।११६ नृत्यन्ती । गच्छन्ती । चोरयन्ती

९८ दिव औः सौ २।१।११७ द्यौः

९९ उः पदान्तेऽनूत् २।१।११८ द्युभ्याम्

કારક-વિભક્તિપ્રકરણ

૧ ક્રિયાનો હેતુ–નિમિત્ત હોય અને ક્રિયાને કરે, તે **કારક** કહેવાય છે.

क्रिया–हेतुः कारकम् २।२।१

૨ સ્વતંત્રપણે, જે ક્રિયાને કરે, તે કર્તા.
आचार्यो धर्मं कथयति । કહેવાની ક્રિયા કોણ કરે છે? આચાર્ય, માટે આચાર્ય, એ કર્તા છે.

स्वतन्त्रः कर्ता २।२।२

૩ (૧) કર્તા ક્રિયા વડે જેને ખાસ પ્રાપ્ત કરવાને ઇચ્છે,તે કર્મ.
ग्रामं गच्छति । જવાની ક્રિયા વડે શું પ્રાપ્ત કરવાને ઈચ્છે છે? ગામ, માટે ગામ એ કર્મ છે. (૨) જે કરાય તે કર્મ.
हारं रचयति । શું રચાય છે? (શું કરાય છે?) હાર, માટે હાર એ કર્મ છે. (૩) **काष्ठं दहति** શું બળાય છે? કાષ્ઠ માટે કાષ્ઠ એ કર્મ છે.
જે ધાતુને કર્મ ન હોય, તે ધાતુ અકર્મક કહેવાય અને જે ધાતુને કર્મ હોય, તે ધાતુ સકર્મક કહેવાય છે.
चैत्रस्तिष्ठति । देवदत्तस्तण्डुलान्पचति ।
જે ધાતુને બે કર્મ હોય છે, તે ધાતુ દ્વિકર્મક કહેવાય છે. જેને ઉદ્દેશીને ક્રિયા કરવામાં આવે, તે મુખ્ય કર્મ અને મુખ્ય કર્મની ખાતર જે બીજા ઉપર પણ ક્રિયાની અસર પહોંચે, તે ગૌણકર્મ. **याचका नृपं धनं याचन्ते** યાચકો રાજા પાસે ધન માગે છે **गोपोऽजां ग्रामं नयति** ગોવાળ બકરીને ગામ તરફ લઈ જાય છે. **धन** અને **अजा** મુખ્ય કર્મ છે, **नृप** અને **ग्राम** ગૌણ કર્મ છે.

અર્થ બદલાય છે ત્યારે કોઇ વખત સકર્મક ધાતુ અકર્મક થાય છે અને અકર્મક ધાતુ સકર્મક થાય છે.

किंकरो भारं वहति । નોકર ભાર વહન કરે છે. **नदी वहति** । નદી વહે છે.

देवदत्तस्य सुखं भवति । देवदत्तः सुखमनुभवति । કર્મ મૂકવામાં ન આવ્યું હોય ત્યારે સકર્મક ધાતુ અકર્મક કહેવાય છે. **चैत्रोऽन्नं पचति । चैत्रः पचति ।**

दुह्, भिक्ष, रुध् प्रच्छ् चि ब्रू शास् याच् जि दण्ड् मथ् વિગેરે તેમજ **नी हृ कृष्** અને **वह्** આ ધાતુઓ દ્વિકર્મક છે. કર્મણિ-પ્રયોગમાં **दुहादि** ધાતુઓના ગૌણ કર્મને અને **न्यादि** ધાતુઓના મુખ્યકર્મને પ્રથમા થાય છે. એટલે જે કર્મ સાથે કર્તાનો પ્રથમ સંબંધ થાય છે, તે કર્મને પ્રથમા થાય છે. **याचका नृपं धनं याचन्ते । याच्यते नृपो धनं याचकैः । किङ्करा भारं ग्रामं वहन्ति । उह्यते भारो ग्रामं किङ्करैः ।** કર્મણિ પ્રયોગમાં, ગત્યર્થક, અને અકર્મક પ્રેરક ધાતુઓનું પ્રધાન કર્મ પ્રથમામાં આવે છે.

गमयति मैत्रं ग्रामम्-गम्यते मैत्रो ग्रामं चैत्रेण । आसयतिमासं मैत्रम्, आस्यते मासं मैत्रश्चैत्रेण । गमितो मैत्रो ग्रामं चैत्रेण બોધાર્થ આહારાર્થ તથા શબ્દ કર્મક પ્રેરક ધાતુઓનું કોઇ પણ કર્મ પ્રથમામાં આવે છે.

बोधयति शिष्यं धर्मम् - बोध्यते शिष्यो धर्मम्, शिष्यं धर्म इति वा । भोजयत्यतिथिमोदनम्-भोज्यतेऽतिथिरोदनम्, अतिथिमोदन इति वा । पाठयति शिष्यं ग्रन्थम्-पाठ्यते शिष्यो ग्रन्थम्, शिष्यं ग्रन्थ इति वा ।

कर्तुर्व्याप्यं कर्म २।२।३

૪ સકર્મક ધાતુઓનો મૂળકર્તા, જે કર્મ ન વાપર્યું હોય તો પ્રેરક ભેદમાં વિકલ્પે કર્મ થાય છે. **पाचयति चैत्रं चैत्रेण वा।**

वा-ऽकर्मणामणिक्-कर्ता णौ २।२।४

૫ ગત્યર્થ, બોધાર્થ, આહારાર્થ, શબ્દ કર્મક (જે ધાતુઓની ક્રિયા, અથવા કર્મ, શબ્દ રૂપ હોય તે) અને નિત્ય અકર્મક, ધાતુઓનો મૂળ કર્તા પ્રેરક ભેદમાં કર્મ થાય છે. પણ **नी, खाद्, अद्, ह्वे, शब्दाय्** અને **क्रन्द्** સિવાય. **गमयति चैत्रं ग्रामम्।** ચૈત્રને ગામ મોકલે છે. **बोधयति शिष्यं धर्मम्।** શિષ્યને ધર્મ જણાવે છે. **भोजयति बटु-मोदनम्।** બાળકને ભાત જમવરાવે છે. ૧. **जल्पयति मैत्रं द्रव्यम्।** મૈત્રને દ્રવ્ય બોલાવે છે. ૨. **अध्यापयति बटुं वेदम्।** બાળકને વેદ ભણાવે છે. **शाययति मैत्रं चैत्रः।** ચૈત્ર મૈત્રને સુવાડે છે. વિરુદ્ધ ઉદાહરણો—
पाचयत्योदनं चैत्रेण मैत्रः। મૈત્ર ચૈત્ર પાસે ભાત રંધાવે છે.
नाययति भारं चैत्रेण मैत्रः। મૈત્ર ચૈત્ર પાસે ભાર ખેંચાવે છે.
અહીં મૂળ કર્તાને તૃતીયા રહેશે. ૨-૨-૪૪

गति-बोधा-ऽऽहारार्थ-शब्दकर्मणामनीखाद्यदि-ह्वा-शब्दाय-क्रन्दाम् २।२।५

૬ હૃ અને કૃ ધાતુનો મૂળકર્તા પ્રેરકમાં વિકલ્પે કર્મ થાય છે. **विहारयति देशं गुरुं गुरूणा वा। आहारयति ओदनं बालं बालेन वा। कारयति कटं चैत्रं चैत्रेण वा।**

हृ-कृो र्नवा २।२।८

૭ દૃશ્ અને અભિ-વદ્ ધાતુનો મૂળકર્તા પ્રેરકમાં, આત્મનેપદ હોય તો વિકલ્પે કર્મ થાય છે. **पश्यन्ति भृत्या राजानम्-दर्शयते राज भृत्यान् भृत्यै र्वा।** ૩-૩-૮૮

अभिवदति गुरुं शिष्यः – अभिवादयते गुरुः शिष्यं शिष्येण वा ૩–૩–૮૮

दृश्यभिवदोरात्मने ।૨।૨।૯

૮ **अधि** ઉપસર્ગની સાથે જોડાએલા **शी स्था** અને **आस्** ધાતુનો આધાર, કર્મ થાય છે. **अध्यास्त रथम् ।**

अधेः शीङ्–स्था-ऽऽसाम् आधारः ૨।૨।૨૦

૯ જેના વડે ક્રિયા કરાય તે કરણ, એટલે કે ક્રિયા કરવામાં બહુ જ ઉપયોગી સાધન. **पादाभ्यां गच्छति ।**

साधकतमं करणम् ૨।૨।૨૪

૧૦ (અ) જેને આપવામાં આવે, તે સંપ્રદાન. **याचकाय ।**
(આ) કર્મ અથવા ક્રિયાવડે કરીને જેની સાથે શ્રદ્ધા, ઉપકાર, પ્રીતિ, દુઃખનાશ વિગેરેની ઈચ્છાથી ખાસ વિશિષ્ટ સંબંધ કરવામાં આવે, તે સંપ્રદાન.
शिष्याय धर्मं कथयति । देवेभ्यो नमति ।

कर्मा-ऽभिप्रेयः सम्प्रदानम् ૨।૨।૨૫

૧૧ **स्पृह्** ધાતુનુ કર્મ વિકલ્પે સંપ્રદાન થાય છે.
पुष्पेभ्यः स्पृहयति । पुष्पाणि स्पृहयति ।

स्पृहे र्व्याप्यं वा ૨।૨।૨૬

૧૨ ક્રોધ, દ્રોહ, ઇર્ષ્યા અને અસૂયા અર્થવાળા ધાતુઓના યોગમાં જેના પ્રત્યે કોપ થાય, તે નામ સંપ્રદાન થાય છે.
मैत्राय क्रुध्यति । मैत्राय कुप्यति । मैत्राय द्रुह्यति ।

क्रुद्-द्रुहेर्ष्या-सूयार्थै र्यं प्रति कोपः ૨।૨।૨૭

૧૩ ઉપસર્ગ પૂર્વક **क्रुध्** અને **द्रुह्** ધાતુ હોય, તો જેના પ્રત્યે કોપ હોય, તે નામ સંપ્રદાન ન થાય, પણ કર્મ છે.
मैत्रमभिक्रुध्यति ।

नोपसर्गात्कुद्-द्रुहा २।२।२८

૧૪ જેનાથી છૂટું પડવાનું હોય તે, **અપાદાન. वृक्षात्पर्णं पतति ।**

अपायेऽवधिरपादानम् २।२।२९

૧૫ વસ્તુનો આધાર-વસ્તુને રહેવાનું સ્થાન તે, **અધિકરણ.** **घटे जलम् । गृहे तिष्ठति । तिलेषु तैलम् ।**

क्रिया-ऽऽश्रयस्याऽऽधारोऽधिकरणम् २।२।३०

---

૧૬ વાક્યમાંનું જે નામ ક્રિયાપદનીસાથે ખાસ સીધો (સમાન) સંબંધ રાખતું હોય, તે નામ મુખ્ય કહેવાય છે અને બાકીનાં ગૌણ કહેવાય છે. મુખ્ય નામને નામાર્થે (નામના પોતાના અર્થમાં) પ્રથમા વિભક્તિ થાય છે.

बालः पठति । बालौ पठतः । बालाः पठन्ति । ૧-૧-૩૮

नाम्नः प्रथमैक-द्वि-बहौ २।२।३१

૧૭ સંબોધનના અર્થમાં નામને પ્રથમા વિભક્તિ થાય છે. કાંઇ પણ કહેવા માટે કોઈને બોલાવવો, સન્મુખ કરવો તે, **સંબોધન. हे बाल ! त्वं क्व गच्छसि ?। हे कमल ! कथं न स्फुटसि ?**

आमन्त्र्ये २।२।३२

૧૮ **धिक् अन्तरेण** વિગેરે અવ્યયની સાથે જોડાયેલા નામને દ્વિતીયા થાય છે. **धिग् जालमम्** લુચ્ચાને ધિક્કાર થાઓ. **अन्तरेण धर्मं सुखं न भवति** ધર્મ વિના સુખ થતું નથી.

गौणात् समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणा-ऽति-येन-तेनै र्द्वितीया २।२।३३

૧૯ દ્વિત્વમાં વર્તમાન **अधो अधि** અને **उपरि** સાથે દ્વિતીયા થાય છે. **उपर्युपरि ग्रामं ग्रामाः ।** ७-४-७૬

द्वित्वेऽधोऽध्युपरिभिः २।२।३४

૨૦ **तस्** પ્રત્યયાન્ત **सर्व उभय अभि** અને **परि** થી યુક્ત ગૌણ નામને દ્વિતીયા થાય છે. **सर्वतो ग्रामं वनानि । उभयतो ग्रामं वनानि । अभितो ग्रामं क्षेत्राणि. अभितः—उभयतः । परितो ग्रामं क्षेत्राणि. परितः-सर्वतः ।**

सर्वोभया-ऽभि-परिणा तसा २।२।३५

૨૧ લક્ષણ, વીપ્સ્યર્થ, અને ઇત્થંભૂત અર્થમાં વર્તમાન નામને **अभि**ના યોગમાં દ્વિતીયા થાય છે. **वृक्षमभि विद्योतते विद्युत् । वृक्षं वृक्षमभि सेकः । साधु देवदत्तो मातरमभि ।**

लक्षण-वीप्स्येत्थंभूतेष्वभिना २।२।३६

૨૨ ભાગી અર્થમાં વર્તમાન નામને તથા પૂર્વોક્ત નામને **प्रति परि** અને **अनु** ના યોગમાં દ્વિતીયા થાય છે.
यदत्र मां प्रति मां परि मामनु स्यात्तद् दीयताम् ।
वृक्षं प्रति परि अनु वा विद्योतते विद्युत् ।
साधु देवदत्तो मातरं प्रति परि अनु वा

भागिनि च प्रति-पर्यनुभिः २।२।३७

૨૩ હેતુમાં અને સહાર્થમાં વર્તમાન **अनु** સાથે રહેલા નામને દ્વિતીયા થાય છે. **जिन-जन्मोत्सवमन्वागच्छन् सुराः** જિન જન્મોત્સવના હેતુએ દેવો આવ્યા.
गिरिमन्वव-सिता सेना પર્વત સાથે સેના પડેલી છે.

हेतु-सहार्थेऽनुना २।२।३८

૨૪ ઉત્કૃષ્ટ અર્થમાં વર્તમાન **अनु** અને **उप** સાથે રહેલા ગૌણ નામને દ્વિતીયા થાય છે. **अनु सिद्धसेनं कवयः** બીજા કવિઓ સિદ્ધસેન કરતાં હીન છે. **उपोमास्वातिं संग्रहीतारः** શાસ્ત્રોનો સંગ્રહ કરનારા બીજા, ઉમાસ્વાતિ કરતાં હીન છે.

उत्कृष्टेऽनुपेन २।२।३९

૨૫ દ્વિતીયા વિભક્તિ કર્મ નામને થાય છે. **नमामि वीरम्** ।

कर्मणि २।२।४०

૨૬ ક્રિયાનાં વિશેષણો નપુંસક લિંગ એકવચનમાં વપરાય છે. અને તેને દ્વિતીયા વિભક્તિ થાય છે.

भृशं प्रयतते બહુપ્રયત્ન કરે છે.

क्रिया-विशेषणात् २।२।४१

૨૭ વ્યાપ્તિમાં કાલ અને અધ્વવાચિનામથી દ્વિતીયાવિભક્તિ થાય છે.

'अखिलां रजनीं' न शय्यते 'આખી રાત' સૂઈ શકાતું નથી.

आसताम्मुहूर्त्तम् । દ્વિતીયા, મુહૂર્ત પર્યંત. **क्रोशमधीते** ।

काला-ऽध्वनो व्याप्तौ २।२।४२

૨૮ હેતુ નામને તૃતીયા વિભક્તિ થાય છે. હેતુ એટલે કાર્ય કે ક્રિયા કરવામાં પ્રયોજન રૂપે કે સહાય રૂપે થવાને યોગ્ય હોય તે.

अन्नेन वसति અન્ન મેળવવાના પ્રયોજનથી રહે છે.

धनेन कुलम् કુલની ખ્યાતિમાં ધન સહાય રૂપ થાય છે.

કર્તાને તૃતીયા વિભક્તિ થાય છે. **बालेन मोदकः खाद्यते** ।

તૃતીયા વિભક્તિ કરણને થાય છે. **दण्डेन चलति** ।

ઈત્થંભૂતના લક્ષણને તૃતીયા વિભક્તિ થાય છે.

अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः ? ।

हेतु-कर्तृ-करणेत्थंभूतलक्षणे २।२।४४

૨૯ 'સાથે' એવો અર્થ જણાતો હોય ત્યારે તેના સંબંધ વાળા નામને તૃતીયા વિભક્તિ થાય છે.

सह [અવ્યય] સાથે, **पुत्रो जनकेन सह गच्छति** ।

पुत्रो जनकेन गच्छति । सह વિના પણ તૃતીયા થાય.

सहार्थे २।२।४५

૩૦ અંગ કે સ્વભાવ વિગેરેનાં વિશેષણો, અંગ કે સ્વભાવ વિગેરે જેના હોય, તેની પ્રસિદ્ધિ માટે વપરાતાં હોય, તો તે અંગ કે સ્વભાવ વિગેરેને તૃતીયા વિભક્તિ થાય છે.

देवदत्तस्य पादः खञ्जः- देवदत्तः पादेन खञ्जः।
नृपतेः स्वभाव उदारः- नृपतिः स्वभावेनोदारः।

यद्धेदैस्तद्वदाख्या । २।२।४६

૩૧ कृतम्, भवतु, अलम्, किम्, એવા નિષેધાર્થક અવ્યયો જે નામ સાથે જોડાયેલા હોય, તે નામને તૃતીયા વિભક્તિ થાય છે. **कृतं तेन** તેના વડે સર્યું. **किं गतेन**।

कृताद्यैः २।२।४७

૩૨ ચતુર્થી વિભક્તિ સંપ્રદાનને થાય છે. **शिष्याय ज्ञानं यच्छति।**

चतुर्थी २।२।५३

૩૩ માટે, વાસ્તે, સારુ, કાજે, અર્થે, એવા અર્થમાં ચતુર્થી વિભક્તિ થાય છે. **कुण्डलाय हिरण्यम्। रन्धनाय स्थाली**

तादर्थ्ये २।२।५४

૩૪ "ગમવું" [રુચિ] અર્થવાળા ધાતુઓના યોગમાં, જેને ગમતું હોય તેને ચતુર્થી વિભક્તિ થાય છે. **मैत्राय रोचते धर्मः। कृप्** ધાતુના યોગમાં, મૂળ વસ્તુના વિકારને ચતુર્થી થાય છે. **तृणमपि धेनूनां दुग्धाय कल्पते। धारि** ધાતુના યોગમાં, લેણદાર-ઉત્તમર્ણ ને ચતુર્થી થાય છે. **धृ.** ગ. ૬ આ. ધરવું-રહેવું. **ध्रियते शतम्। ध्रियमाणं शतं प्रयुङ्क्ते इति धारयति शतम्। चैत्राय शतं धारयति मैत्रः** ચૈત્રના સો રૂપિયા મૈત્ર ધારણ કરે છે-કરજે રાખે છે.

रूचि-कृप्यर्थ-धारिभिः क्रेष्य-विकारोत्तमर्णेषु २।२।५५

૩૫ ઉત્પાત-અકસ્માત્ થતા નિમિત્ત વડે, જ્ઞાપ્ય-જ્ઞાપ્યમાન જણાવાતા નામને તૃતીયા થાય છે. **वाताय कपिला विद्युत्** કપિલા-કાબર ચિતરી વિજળી પવન માટે છે. પવનને જણાવે છે. એવી વિજળી થાય તો પવન ફૂંકાય. કપિલા વિદ્યુત્ ઉત્પાત છે-અકસ્માત્ થતું નિમિત્ત છે. વાત જ્ઞાપ્ય છે.

उत्पातेन ज्ञाप्ये २।२।५९

૩૬ **श्लाघ् हनु स्था** અને **शप्** ધાતુના યોગમાં, જ્ઞાપ્ય એવા પ્રયોજ્ય-પ્રેરણા કરાતા નામને ચતુર્થી થાય છે. **मैत्राय आत्मानं परं वा श्लाघते** મૈત્રની આગળ પોતાની કે બીજાની શ્લાઘા કરે છે-હું કે બીજો સારો છે એમ જણાવે છે, એટલે મૈત્ર, જ્ઞાપ્ય પ્રયોજ્ય છે.

श्लाघ-ह्नु-स्था-शपा प्रयोज्ये २।२।६०

૩૭ **तुम्** ના અર્થમાં થતા ભાવવાચિ **घञ्** વિગેરે પ્રત્યયાન્ત નામથી ચતુર્થી થાય છે. **पाकाय व्रजति** । ૫-૩-૧૫

तुमोऽर्थे भाव-वचनाद् २।२।६१

૩૮ ગમ્ય **तुम्** ના કર્મનામને ચતુર્થી થાય છે. **फलेभ्यो व्रजति** ફળ માટે જાય છે—એટલે ફળ લેવા માટે જાય છે. અહીં લેવા માટે **आहर्तुम्** ગમ્ય છે-જણાય છે.

गम्यस्याऽऽप्ये २।२।६२

૩૯ ગતિના અનાપ્ત-અપ્રાપ્ત કર્મનામને ચતુર્થી વિકલ્પે થાય છે. **ग्रामं गच्छति, ग्रामाय गच्छति** ગામ તરફ જાય છે. **गच्छति पन्थानं, गच्छति पथे** રસ્તા તરફ જાય છે.

गतेर्नवाऽनाप्ते २।२।६३

૪૦ **हित** અને **सुख** થી યુક્ત નામથી ચતુર્થી વિકલ્પે થાય છે.
चैत्राय चैत्रस्य वा हितम् सुखम् वा ।

हित-सुखाभ्याम् २।२।६५

૪૧ **शक्त** અર્થવાળા નામ સાથે તથા **वषड् नमस् स्वस्ति स्वाहा** અને **स्वधा** અવ્યય સાથે જોડાયેલા નામને ચતુર્થી વિભક્તિ થાય છે. **नमस्** નમસ્કાર. **स्वस्ति** કલ્યાણ.
शक्तः प्रभु र्वा मल्लो मल्लाय ।
नमो देवेभ्यः । स्वस्ति संघाय ।

शक्तार्थ-वषड्-नमः-स्वस्ति-स्वाहा-स्वधाभिः २।२।६८

૪૨ પંચમી વિભક્તિ અપાદાનને થાય છે. **प्रासादात्पतति ।**

पञ्चम्यपादाने २।२।६९

૪૩ 'અવધિ' અર્થમાં વર્તમાન નામથી **आ** ના યોગમાં પંચમી વિભક્તિ થાય છે.
आ मुक्तेः संसारः મુક્તિ સુધી સંસાર છે. મુક્તિમાં નથી.
आ कुमारेभ्यो यशो गतं गौतमस्य કુમારો સુધી (કુમારોમાં પણ) ગૌતમનો યશ વ્યાપી ગયો.
અવધિના બે અર્થ થાય છે. મર્યાદા અને અભિવિધિ.
પ્રથમના દાખલામાં મર્યાદા છે. બીજામાં અભિવિધિ છે.
आ पाटलिपुत्राद् वृष्टो मेघः અહીં બન્ને અર્થ લઈ શકાય.

आङा-ऽवधौ २।२।७०

૪૪ **परि** અને **अप** સાથે જોડાયેલા નામથી પંચમી વિભક્તિ થાય છે, પણ તે નામ 'વર્જ્ય' હોય તો. **परि अप वा पाटलिपुत्राद् वृष्टो मेघः** પાટલી પુત્રને વર્જીને મેઘ વરસ્યો.

पर्यपाभ्यां वर्ज्ये । २।२।७१

૪૫ અમુક વસ્તુ લઈને તેને બદલે બીજી વસ્તુ આપવાની હોય, તો જે વસ્તુ લેવાની હોય તેને **प्रति** અવ્યયના યોગમાં પંચમી વિભક્તિ થાય છે. **प्रति**–બદલે. **तिलेभ्यः प्रति माषान्प्रयच्छति** । તલને (લઈને) બદલે અડદ આપે છે.

यतः प्रतिनिधि-प्रतिदाने प्रतिना २।२।७२

૪૬ **प्रभृति** (આરંભીને, શરૂ કરીને) અર્થવાળા શબ્દો, **अन्य** અર્થવાળા શબ્દો. **दिक्** શબ્દો તેમજ **बहिस् आरात्** અને **इतर** શબ્દોના યોગમાં પંચમી વિભક્તિ થાય છે.

ततः प्रभृति । **ग्रीष्मादारभ्य** । **अन्यो मैत्रात्** । **भिन्नश्चैत्रात्** । **ग्रामात्पूर्वस्यां दिशि वसति** । **पश्चिमो रामाद्युधिष्ठिरः** । **प्राग् ग्रामात्** । **बहिर्ग्रामात्**। **आराद् ग्रामात्क्षेत्रम्** । **इतरश्चैत्रात्** ।

प्रभृत्यन्यार्थ-दिग्शब्द-बहिरारादितरैः २।२।७५

૪૭ સ્ત્રીલિંગ નામ સિવાયના ગુણવાચક હેતુ નામને તૃતીયા કે પંચમી વિભક્તિ થાય છે. **धर्मात् सुखम्** । **धर्मेण सुखम्** । **ज्ञानाद् मुक्तः** । **ज्ञानेन मुक्तः** ।

(हेतोः) गुणादस्त्रियाम् नवा २।२।७७

૪૮ જેનાથી 'દૂર' કે 'નજીક' હોય તેને પંચમી કે ષષ્ઠી વિભક્તિ થાય છે.

दूरं अन्तिकं वा ग्रामाद् ग्रामस्य वा वसति । २–२–१२०

आरादर्थैः २।२।७८

૪૯ નામનો બીજા નામની સાથે સંબંધ હોય ત્યારે, કર્માદિથી અન્ય–શેષ ગૌણ નામને ષષ્ઠી થાય છે. **वृक्षस्य पर्णम्** ।

शेषे (षष्ठी) २।२।८१

૫૦ **रि रिष्टात्** વિગેરે પ્રત્યયાન્ત નામથી યુક્ત ગૌણ નામને ષષ્ઠી થાય છે. **उपरि ग्रामस्य । उपरिष्टाद् ग्रामस्य ।** ४. ७-२-११४ થી ७-२-११८

रि-रिष्टात्-स्ताद्-अस्ताद्-अस्-अतस्-आता २।२।८२

૫૧ કૃદન્તના કર્મને ષષ્ઠી વિભક્તિ થાય છે. **तीर्थस्य कर्ता । गेयो माणवकः साम्नाम् । ग्रामस्य गमनम् ।**

कर्मणि कृतः २।२।८३

૫૨ કૃદન્તના કર્તામાં વર્તમાન નામથી ષષ્ઠી થાય છે. **भवतः शायिका ।** ५-३-१२२

कर्तरि २।२।८६

૫૩ કૃત્ય કૃદન્ત ના કર્તાને ષષ્ઠી વિકલ્પે થાય છે. **मुनेः स्थेयम्, मुनिना स्थेयम् ।**

कृत्यस्य वा २।२।८८

૫૪ કર્તા અને કર્મ એની ષષ્ઠીના હેતુ કૃત્ય કૃદન્તના, કર્તા અને કર્મ બન્નેને ષષ્ઠી થતી નથી. **नेतव्या ग्राममजा मैत्रेण ।**

नोभयो र्हेतोः २।२।८९

૫૫ **तृन्** વિગેરે કૃત્ પ્રત્યયોના કૃદન્તના કર્તા કર્મને ષષ્ઠી થતી નથી. २-२-८३ અને २-२-८६ નો અપવાદ **कर्ता कटम् । वदिता जनापवादान् । कतीह शिखण्डं वहमानाः** ई. ५-२-२७, २४. **ईषत्करः कटो भवता ।** ५-३-१३९

तृन्-उदन्ता-ऽव्यय-क्वसाना-ऽतृश्-शतृ-ङि-णकच्-खलर्थस्य २।२।९०

૫૬ **त** [**क्त**] અને **तवत्** [**क्तवतु**] ના કર્મકર્તાને ષષ્ઠીથતી નથી. **कटः कृतो मैत्रेण । कटं कृतवान् ।** ५-१-१७४

क्तयोः असदाधारे २।२।९१

૫૭ નપુંસક લિંગમાં વિહિત **क्त** પ્રત્યયના કર્તાને ષષ્ઠી વિકલ્પે થતી નથી. **मयूरस्य मयूरेण वा नृत्तम्** । ૫-૩-૧૨૩

वा क्लीबे २।२।९२

૫૮ **कर्म** વિના **उक** પ્રત્યયાન્ત કૃદન્તના કર્મને ષષ્ઠી થતી નથી. **आगामुकः स्वगृहम्** । ૫-૨-૪૦

अकर्मेः उकस्य २।२।९३

૫૯ ભવિષ્યકાળમાં અને ઋણમાં વિહિત **इन्** પ્રત્યયના કર્મને ષષ્ઠી ન થાય. **गमी ग्रामम्** ૫-૩-૧ । **शतं दायी** ૫-૪-૩૬

एष्यद्-ऋणेनः २।२।९४

૬૦ સપ્તમી વિભક્તિ અધિકરણને થાય છે. **स्वर्गे देवाः** ।

सप्तम्यधिकरणे २।२।९५

૬૧ **क्त** પ્રત્યયાન્ત શબ્દથી **इन्** થાય છે, તે **इन्** પ્રત્યયાન્ત શબ્દના કર્મમાં વર્તમાન નામને સપ્તમી વિભક્તિ થાય છે. **अधीतं व्याकरणमनेन अधीती व्याकरणे** । ૭-૧-૧૬૮

व्याप्ये क्तेनः २।२।९९

૬૨ જેની ક્રિયા, અન્યનીક્રિયાને ઓળખાવતી હોય-જણાવતી હોય, તે નામને સપ્તમી વિભક્તિ થાય છે, આ વિભક્તિને સતી સપ્તમી કહે છે. **वर्षति मेघे चौरा आगताः** ।
મેઘ વરસતે છતે, ચોરો આવ્યા હતા.

यद्-भावो भाव-लक्षणम् २।२।१०६

૬૩ સતી સપ્તમી વિભક્તિ થવાને પ્રસંગે જો વાક્યમાં અનાદર જણાતો હોય, તો ષષ્ઠી વિભક્તિ પણ થાય છે.
नन्दाः पर्यायभूताः पशव इव हताः पश्यतो राक्षसस्य ।
રાક્ષસ નામના મંત્રીના દેખતાં છતાં (મંત્રિને ગણકાર્યા વિના) અનુક્રમે થયેલા નંદોને પશુઓની માફક રેસી નંખાયા.

षष्ठी वाऽनादरे २।२।१०८

૬૪ સમુદાયમાંથી એકને તદ્દન જુદું પાડ્યા વિના (વિભાગ કર્યા વિના), જાતિ ગુણ વિગેરેની મુખ્યતાએ બુદ્ધિથી જુદું કરવું નિર્ધારવું હોય ત્યારે ગૌણ નામને પંચમીને બદલે ષષ્ઠી કે સપ્તમી વિભક્તિ થાય છે. આ વિભક્તિને નિર્ધારણ ષષ્ઠી સપ્તમી કહેવાય છે. **क्षत्रियो नाराणां नरेषु वा शूरः** ક્ષત્રિય માણસોમાં શૂરવીર છે. અહીં **क्षत्रिय** અને **नर** તદ્દન જુદા પડતા નથી. કેમકે ક્ષત્રિય એ નર છે. **चैत्रान्मैत्रः पटुः** આવા ઉદાહરણોમાં અપાદાન પંચમી થાય છે, અહીં **चैत्र मैत्र** તદ્દન જુદા પડે છે. કેમકે મૈત્ર એ ચૈત્ર નથી.

सप्तमी चाऽविभागे निर्द्धारणे २।२।१०९

---

૬૫ **अधिक** ના યોગમાં, બહુ અર્થવાળા નામને સપ્તમી અને પંચમી વિભક્તિ થાય છે. **अधिका दश येभ्यो येषु वा**

अधिकेन भूयसस्ते (सप्तमी पञ्चमीच) २।२।१११

૬૬ **અધિક**ના યોગમાં અલ્પ અર્થ-વાળા નામને તૃતીયા થાય છે. **अधिका खारी द्रोणेन ।**

तृतीयाऽल्पीयसः २।२।११२

૬૭ **पृथक्** અને **नाना** ના યોગમાં પંચમી અને તૃતીયા થાય છે. **पृथक् मैत्राद् मैत्रेण वा । नाना चैत्रान्चैत्रेण वा ।**

पृथग्-नाना पञ्चमी च २।२।११३

૬૮ **ऋते** અવ્યયના યોગમાં દ્વિતીયા અને પંચમી વિભક્તિ થાય છે. **ऋते धर्मं धर्माद् वा कुतः सुखम्**

ऋते द्वितीया च २।२।११४

૬૯ **विना** અવ્યય સાથે જોડાયેલા નામને દ્વિતીયા, તૃતીયા કે પંચમી વિભક્તિ થાય છે. **विना वातं वातेन वाताद्वा ।**

विना ते तृतीया च २।२।११५

७० **तुल्य** અર્થવાળા નામ સાથે જોડાયેલા નામને તૃતીયા કે ષષ્ઠી વિભક્તિ થાય છે.

अयं नृपो दाने कर्णेन तुल्यः, कर्णस्य तुल्यः ।
अयं नृपो दाने कर्णेन समः, कर्णस्य समः ।

तुल्यार्थैस्तृतीया-षष्ठ्यौ । २।२।११६

७१ **एन** પ્રત્યયાન્ત નામથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા અને ષષ્ઠી થાય છે, પણ **एन** પ્રત્યય **अञ्च्** થી પર વિહિત ન હોય તો. **पूर्वेण ग्रामम्, पूर्वेण ग्रामस्य । प्राग् ग्रामात् ।** અહિં દિગ્ શબ્દના યોગમાં પંચમી થાય છે. ૨–૨–૭૫

द्वितीया-षष्ठ्यौ एनेन अनञ्चेः २।२।११७

७२ 'દૂર' કે 'નજીક' એવા અર્થવાળા શબ્દોથી દ્વિતીયા તૃતીયા પંચમી અને સપ્તમી એકવચન થાય છે, પણ નામના વિશેષણ તરીકે વપરાયા ન હોય તો.

दूरं दूरेण दूराद् दूरे वा ग्रामाद् ग्रामस्य वा वसति ।
अन्तिकं अन्तिकेन अन्तिकाद् अन्तिके वा वसति ।

असत्त्वा-ऽऽरादर्थात् टा-ङसि-ङ्यम् २।२।१२०

७३ માન આપવાને યોગ્ય નામ બહુવચનમાં પણ વપરાય છે.

आचार्याः कथयन्ति । आचार्यः कथयति ।

गुरावेकश्च (द्वौ, बहुवद् नवा) २।२।१२४

द्वितीयोऽध्यायः द्वितीयः पादः
कारक-विभक्ति प्रकरणम्

१ क्रिया-हेतुः कारकम् २।२।१

२ स्वतन्त्रः कर्ता २।२।२ आचार्यो धर्मं कथयति

३ कर्तुर्व्याप्यं कर्म २।२।३ हारं रचयति । काष्ठं दहति ।
ग्रामं गच्छति

४ वाऽकर्मणामणिक्-कर्त्ता णौ २।२।४ पाचयति चैत्रं चैत्रेण वा

५ गति-बोधा-ऽऽहारार्थ-शब्दकर्म-नित्या-ऽकर्मणाम्
अ-नी-खाद्यदि-हा-शब्दाय-क्रन्दाम् २।२।५
गमयति चैत्रं ग्रामम् । बोधयति शिष्यं धर्मम्

६ हृ-क्रो-र्नेत्रा २।२।८ विहारयति देशं गुरुं गुरुणा वा

७ दृश्यभिवदोरात्मने २।२।९ दर्शयते राजा भृत्यान्भृत्यै वा

८ अधेः शीङ्-स्थाऽऽसाम् आधारः २।२।२० अध्यास्त रथम्

९ साधकतमं करणम् २।२।२४ पादाभ्यां गच्छति

१० कर्मा-ऽभिप्रेयः संप्रदानम् २।२।२५ याचकेभ्यो धनं यच्छति

११ स्पृहे र्व्याप्यं वा २।२।२६ पुष्पेभ्यः पुष्पाणि वा स्पृहयति

१२ क्रुद्-द्रुहेर्ष्याऽसूयार्थै यं प्रति कोपः २।२।२७
मैत्राय क्रुध्यति

१३ नोपसर्गात् क्रुद्-द्रुहा २।२।२८ मैत्रमभिक्रुध्यति

१४ अपायेऽवधिरपादानम् २।२।२९ वृक्षात्पर्णं पतति

१५ क्रिया-ऽऽश्रयस्याऽऽधारोऽधिकरणम् २।२।३०
घटे जलम्। गृहे तिष्ठति। तिलेषु तैलम्

---

१६ नाम्नः प्रथमैक-द्वि-बहौ २।२।३१ बालः बालौ बालाः
१७ आमन्त्र्ये २।२।३२ हे बाल
१८ गौणात् समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणा-ऽति-येन-तेनै र्द्वितीया २।२।३३ धिग् जाल्मम्
१९ द्वित्वे ऽधो-ऽध्युपरिभिः २।२।३४ अधोऽधो ग्रामं ग्रामाः
२० सर्वोभया-ऽभि-परिणा तसा २।२।३५ सर्वतो ग्रामं वनानि
२१ लक्षण-वीप्स्येत्थंभूतेष्वभिना २।२।३६
वृक्षमभि विद्योतते विद्युत्
२२ भागिनि च प्रति-पर्यनुभिः २।२।३७
यदत्र मां प्रति स्यात्तद् दीयताम्
२३ हेतु-सहार्थे ऽनुना २।२।३८ जिनजन्मोत्सवमन्वागच्छन् सुराः
२४ उत्कृष्टेऽनूपेन २।२।३९ अनु सिद्धसेनं कवयः
२५ कर्मणि २।२।४० नमामि वीरम्
२६ क्रिया-विशेषणात् २।२।४१ भृशं प्रयतते
२७ काला-ऽध्वनो र्व्याप्तौ २।२।४२ अखिलां रजनीं न शय्यते
२८ हेतु-कर्तृ करणेत्थंभूतलक्षणे (तृतीया) २।२।४४
अन्नेन वसति। दण्डेन चलति

२९ सहार्थे २।२।४५ पुत्रो जनकेन सह गच्छति

३० यद्धेदैस्तद्वदाख्या २।२।४६ पादेन खञ्जः

३१ कृताद्यैः २।२।४७ कृतं तेन। किं गतेन

३२ चतुर्थी (सम्प्रदाने) २।२।५३ शिष्याय ज्ञानं यच्छति

३३ तादर्थ्ये २।२।५४ कुण्डलाय हिरण्यम्

३४ रुचि-कुप्यर्थ-धारिभिः प्रेय-विकारोत्तमर्णेषु २।२।५५
जिनदत्ताय रोचते धर्मः

३५ उत्पातेन ज्ञाप्ये २।२।५९ वाताय कपिला विद्युत्

३६ श्लाघ-ह्नु-स्था-शपा प्रयोज्ये २।२।६० मैत्राय आत्मानं
परं वा श्लाघते

३७ तुमोऽर्थे भाव-वचनात् २।२।६१ पाकाय व्रजति

३८ गम्यस्याऽऽप्ये २।२।६२ फलेभ्यो व्रजति

३९ गते र्नवाऽनाप्ते २।२।६३पन्थानं पथे वा गच्छति

४० हित-सुखाभ्याम् २।२।६५ चैत्राय चैत्रस्य वा हितम्

४१ शक्तार्थ-वषड्-नमः-स्वस्ति-स्वाहा-स्वधाभिः २।२।६८
शक्तः प्रभु र्वा मल्लो मल्लाय। नमो देवेभ्यः

४२ पञ्चम्यपादाने २।२।६९ प्रासादात्पतति

४३ आङाऽवधौ २।२।७० आ पाटलिपुत्राद् वृष्टो मेघः

४४ पर्यपाभ्यां वर्ज्ये २।२।७१ परि अप वा पाटलिपुत्राद्
वृष्टो मेघः

४५ यतः प्रतिनिधि-प्रतिदाने प्रतिना २।२।७२ तिलेभ्यः
प्रति माषान् प्रयच्छति

४६ प्रभृत्यन्यार्थ-दिग्शब्द-बहिरारादितरैः २।२।७५
ततः प्रभृति । अन्योमैत्रात्

४७ (हेतोः) गुणादस्त्रियां नवा २।२।७७ धर्मेण धर्माद् वा सुखम्

४८ आरादर्थैः २।२।७८ दूरम् अन्तिकं वा ग्रामाद् ग्रामस्य वा

४९ शेषे (षष्ठी) २।२।८१ वृक्षस्य पर्णम्

५० रि-रिष्टात्-स्तात्-अस्तात्-अस्-अतस्-आता २।२।८२
उपरि ग्रामस्य

५१ कर्मणि कृतः २।२।८३ गेयो माणवकः साम्नाम्

५२ कर्तरि २।२।८६ भवतः शायिका

५३ कृत्यस्य वा २।२।८८ मुनेः मुनिना वा स्थेयम्

५४ नोभयो र्हेतोः २।२।८९ नेतव्या ग्राममजा मैत्रेण

५५ तृन्-उदन्ता-ऽव्यय-क्वसाना-ऽतृश्-शतृ-
ङि णकच्-खलर्थस्य २।२।९० कर्ता कटम्

५६ क्तयोः असदाधारे २।२।९१ कटः कृतो मैत्रेण । कटं कृतवान्

५७ वा क्लीबे २।२।९२ मयूरस्य मयूरेण वा नृत्तम्

५८ अकमेः उकस्य २।२।९३ आगामुकः स्वगृहम्

५९ एष्यद्-ऋणेनः २।२।९४ गमी ग्रामम् । शतं दायी

६० सप्तम्यधिकरणे २।२।९५ स्वर्गे देवाः

६१ व्याप्ये क्तेनः २।२।९९ अधीती व्याकरणे

६२ यद्भावो भाव-लक्षणम् २।२।१०६ वर्षति मेघे चौरा आगताः

६३ षष्ठी वाऽनादरे २।२।१०८ नन्दाः पर्यायभूताः पशव इव हताः पश्यतो राक्षसस्य

६४ सप्तमी चाऽविभागे निर्धारणे २।२।१०९ क्षत्रियो नराणां नरेषु वा शूरः

---

६५ अधिकेन भूयसस्ते (सप्तमी-पञ्चमी च) २।२।१११ अधिको द्रोणः स्वार्यां स्वार्या वा

६६ तृतीयाऽल्पीयसः २।२।११२ अधिका खारी द्रोणेन

६७ पृथग्नाना पञ्चमी च २।२।११३ पृथग् मैत्राद् मैत्रेण वा

६८ ऋते द्वितीया च २।२।११४ ऋते धर्मं धर्माद् वा कुतः सुखम्

६९ विना ते तृतीया च २।२।११५ धर्मं धर्मेण धर्माद वा विना सुखं न

७० तुल्याऽर्थैः तृतीया-षष्ठ्यौ २।२।११६ कर्णेन कर्णस्य वा तुल्यः समो वा

७१ द्वितीया-षष्ठ्यौ एनेन अनञ्भिः २।२।११७ पूर्वेण ग्रामं ग्रामस्य वा

७२ असत्त्वा-ऽऽरादर्थात् टा-ङसि-ङ्यम् २।२।१२० दूरं दूरेण दूराद् दूरे वा ग्रामात् ग्रामस्य

७३ गुरावेकश्च (द्वौ, बहुवद् नवा) २।२।१२४ आचार्याः, आचार्यः

ષત્વ-ણત્વ પ્રકરણ

૧ ગતિ સંજ્ઞક **નમસ્** અને **પુરસ્** ના **ર્** નો **ક ખ પ ફ** પર છતાં **સ્** થાય છે. ૩-૧-૧૪, ૩-૧-૭, ૩-૧-૪૨. ૩-૨-૧૫૪ **નમસ્કૃત્ય** । **પુરસ્કૃત્ય** । ૨-૧-૭૨

નમસ્પુરસો ગતેઃ ક-ખ-પ-ફિ રઃ સઃ ૨।૩।૧

૨ ગતિ સંજ્ઞક **તિરસ્** ના **ર્** નો ક ખ પ ફ પર છતાં **સ્** વિકલ્પે થાય છે. ૩-૧-૧૦ **તિરસ્કૃત્ય, તિરઃ કૃત્ય**

તિરસો વા ૨।૩।૨

૩ **શિરસ્** અને **અધસ્** શબ્દના **ર્** નો ક ખ પ ફ પર છતાં એક સમાસ હોય તો, **સ્** થાય છે. **શિરસ્પદમ્** । **અધસ્પદમ્**।

શિરોઽધસઃ પદે સમાસૈક્યે ૨।૩।૪

૪ **અ** પછી રહેલા, અવ્યય ભિન્ન શબ્દના **ર્** નો **કૃ કમ્** [**કમિ**] **કંસ કુમ્ભ કુશા કર્ણી** અને **પાત્ર** પર છતાં, એક સમાસ હોય તો **સ્** થાય છે. **અયસ્કૃત્** । **યશસ્કામઃ**। **અયસ્કંસઃ** ઈ.

અતઃ કૃ-કમિ-કંસ-કુમ્ભ-કુશા-કર્ણી-પાત્રેઽનવ્યયસ્ય ૨।૩।૫

૫ પ્રત્યય વિષયક **ક, ખ, પ, ફ** પર છતાં, અવ્યય ભિન્ન શબ્દના **ર્** નો **સ્** થાય છે. **પયસ્પાશમ્** ૭-૩-૪। **પયસ્કલ્પમ્** ૭-૩-૧૧ । **પયસ્કમ્** ૭-૩-૩૩ ।

પ્રત્યયે ૨।૩।૬

૬ **કામ્ય** પ્રત્યય પર છતાં **સ્** ના જ **ર્** [**રુ**] નો **સ્** થાય છે. **પયસ્કામ્યતિ** ૩-૪-૨૨ । પણ **અહઃકામ્યતિ** અહિં **સ્** નો **ર્** નથી. ૨-૧-૭૫

રોઃ કામ્યે ૨।૩।૭

---

૭ નામિ સ્વરથી પર રહેલ **र्** નો પ્રત્યય વિષયઃ **क, ख, प, फ** પર છતાં **ष्** થાય છે. **सर्पिष्पाशम्। सर्पिष्कल्पम् सर्पिष्कम्।** **काम्य** પર છતાં **स्** ના જ **र्** નો **ष्** થાય છે.
सर्पिष्काम्यति । પણ **गीःकाम्यति** અહિં **स्** નો **र्** નથી.

नामिनः तयोः षः । २।३।८

૮ **निस् निर् दुस् दुर् बहिस् आविस् प्रादुस्** અને **चतुर्** ના **र्** નો **क ख प फ** પર છતાં **ष्** થાય છે.
दुष्कृतम् । **आविष्कुर्वन्ति** । અહિં જે શબ્દોને અંતે **स्** છે એનો પણ २-१-७२ થી **र्** થઇ જાય છે.

निर्-दुर्-बहिराविस्-प्रादुस्-चतुराम् २।३।९

૯ **स् [सुच्]** પ્રત્યયાન્તના **र्** નો **क ख प फ** પર છતાં **ष्** વિકલ્પે થાય છે. **द्विष्करोति** । **द्विःकरोति** । ७-२-११०

सुचो वा २।३।१०

૧૦ **इस् उस्** પ્રત્યયાન્તના **र्** નો **क ख प फ** પર છતાં બંને પદોની અપેક્ષામાં **ष्** વિકલ્પે થાય છે.
सर्पिष्करोति, सर्पिःकरोति। धनुष्खादति, धनुः खादति ।

वेसुषोऽपेक्षायाम् २।३।११

૧૧ જેનો પૂર્વપદની સાથે સમાસ થયેલો નથી એવા **इस् उस्** પ્રત્યયાન્ત ના **र्** નો **क ख प फ** પર છતાં સમાસમાં **ष्** થાય છે. **सर्पिष्कुम्भः** । **धनुष्खण्डम्** ।

समासेऽसमस्तस्य २।३।१३

૧૨ **भ्रातुष्पुत्र** વિગેરે અને **कस्क** વિગેરે શબ્દો, **क ख प फ** પર છતાં **र्** નો અનુક્રમે **ष्** અને **स्** વાળા સિદ્ધ થાય છે.
भ्रातुष्पुत्रः ષષ્ઠી અલુપ્ । **कस्कः** વીપ્સામાં દ્વિર્વચન ७-४-८० ३-२-३७ **भास्करः, अहस्करः** ५-१-१०२

भ्रातुष्पुत्र-कस्कादयः २।३।१४

૧૩ નામી, અન્તસ્થા કે **क** વર્ગના કોઈ પણ વ્યંજનની પર રહેલા **स्** નો **ष्** થાય છે પરંતુ—એ **स्** પદની અંદર (આદિમાં કે અંતમાં નહીં) હોવો જોઈએ અને કોઈ પણ નિયમથી કરાએલો - આવેલો હોવો જોઈએ. **बालेषु** ।
નામી, અન્તસ્થા કે **क** વર્ગની પછી રહેલા **स्** ની વચ્ચે શિટ્ વ્યંજન કે **न्** નું અંતર હોય તો પણ **स्** નો **ष्** થાય છે.
आयुस् + सु – आयुर् + सु – आयुः + सु=आयुःषु ।
आयुस् + इ (પ્ર. દ્વિ. બ. વ.) ૧–૪–૬૬ થી **न्**
आयुन्स् + इ – आयुन्ष् + इ = आयूंषि ।

नाम्यन्तस्था-कवर्गात् पदान्तः कृतस्य सः शिड्-नान्तरेऽपि २।३।१५

૧૪ **अग्नि** થી પર **स्तुत्** ના **स्** નો સમાસમાં **ष्** થાય છે.
अग्निम् स्तौति अग्निष्टुत् ।

समासेऽग्नेः स्तुतः २।३।१६

૧૫ **मातृ** અને **पितृ** થી પર **स्वसृ** શબ્દના **स्** નો સમાસ માં **ष्** થાય છે.**मातुः स्वसा– मातृष्वसा** । **पितृष्वसा** ।

मातृ-पितुः स्वसुः २।३।१८

૧૬ **मातृ** અને **पितृ** થી પર **स्वसृ** શબ્દના **स्** નો અલુપ્ સમાસમાં **ष्** વિકલ્પે થાય છે. ૩–૨–૩૮
मातुःष्वसा, मातुःस्वसा । **पितुःष्वसा, पितुःस्वसा** ।

अलुपि वा २।३।१९

૧૭ **नि** અને **नदी** શબ્દથી પર રહેલા **स्ना** ધાતુના **स्** નો **ष्** થાય છે, કુશળપણું જણાતું હોય તો.
निष्णः निष्णातः । **नदीष्णः नदीष्णातः प्रतरणे** ।

नि-नद्याः स्नातेः कौशले २।३।२०

૧૮ **भीरुष्ठान** વિગેરે, સમાસમાં **ष** વાળા શબ્દો સિદ્ધ છે.
भीरूणाम् स्थानम् भीरुष्ठानम् ।
अङ्गुलिषङ्गः । परमेष्ठिन्, परमे पदे तिष्ठति परमेष्ठिन् । ઇ.

भीरु-ष्ठानादयः २।३।३३

૧૯ નામથી વિહિત-કરાયેલા **तकारादि** પ્રત્યયો પર છતાં, હ્રસ્વ નામિથી પર રહેલ પદાન્ત **स्** નો **ष्** થાય છે.

सर्पिषो भावः सर्पिष्ट्वम् । सर्पिष्टा । त्व तल् ७-१-५५

सर्पिषः इति सर्पिष्टः । तस् प्रत्यय ७-२-८४

निर्गतो वर्णाश्रमेभ्यो निष्ट्यः चण्डालः । त्य ६-३-१८

चतुष्टयः वेदः (चत्वारोऽवयवा अस्य) तयट् । ७-१-१५१

प्रकृष्टं सर्पिः सर्पिष्टरम् । सर्पिष्टमम् । तरप् तमप्
,, वपुः । वपुष्टरम् । वपुष्टमम् । ७-३-५,६

ह्रस्वाद् , नाम्नः ति २।३।३४

૨૦ નામ્યાદિથી પર **घस्** અને **वस्** ધાતુના **स्** નો **ष्** થાય છે.
जक्षुः । उषितः ।

घस्-वसः २।३।३६

૨૧ નામિ અન્તસ્થા અને **क** વર્ગથી પર રહેલ, **स्वद् स्विद्** અને **सह** સિવાય **ण्यन्त** ધાતુઓના અને **स्तु** ધાતુના **त** **स्** નો, **षन्** પર છતાં **ष्** થાય છે.
सिषेवयिषति । सुष्वापयिषति । तुष्टूषति ।
બીજાનો થતો નથી. **सुसूषति । सिसिक्षति । सिसेवयिषति ।**
सुषूप्सति तिष्ठासति અહીં **षन्** નથી, માટે થયો છે.

णि-स्तोरेवाऽस्वद-स्विद-सहः षणि २।३।३७

૨૨ નામ્યન્ત ઉપસર્ગ પછી રહેલા **सु** ગ.૫. ગ.૬. **सो स्तु** અને **स्तुभ्** ગ.૧ ધાતુના **स्** નો **ष्** થાય છે. **अट्** ના આગમમાં પણ થાય છે. દ્વિત્વમાં થતો નથી.
अभिषुणोति । निःषुणोति । अभ्यषुणोत् । अभिषुवति । अभिष्यति । अभिष्टौति । अभिष्टोभते ।
દ્વિત્વમાં ન થાય, **अभिसुसूषति ।**

उपसर्गात् सुग्-सुव-सो-स्तुस्तुभोऽटचप्यद्वित्वे २।३।३९

૨૩ નામ્યન્ત ઉપસર્ગ પછી રહેલા **स्था सेनि** નામધાતુ **सिध् ગ.૧ सिच्** અને **सञ्ज्** ધાતુના **स्** નો **ष्** થાય છે. દ્વિત્વમાં પણ થાય છે અને **अट्** ના આગમમાં પણ થાય છે.
अधिष्ठास्यति । अधितष्ठौ । अध्यष्ठात् । सेनया अभियाति अभिषेणयति । प्रतिषेधति । अभिषिञ्चति । अभिषि-षिक्षति । अभिषजति । अभिषषञ्ज । अभ्यषजत् ।

स्था-सेनि-सेध-सिच्-सञ्जां द्वित्वेऽपि २।३।४०

૨૪ **अव** ઉપસર્ગ પછી **स्तम्भ्** ધાતુના **स्** નો **आश्रय** ઉર્જ અને **अविदूर** ગમ્યમાન હોય તો **ष्** થાય છે.
दुर्गमवष्टभ्नाति । अहो वृषभस्याऽवष्टम्भः । अवष्टब्धा । शरत् । **उप** થી પણ થાય છે. **उपष्टम्भः ।**

अवाच् चाऽऽश्रयोर्जा-ऽविदूरे २।३।४२

૨૫ **परि नि** અને **वि** ઉપસર્ગથી **सेव्** ધાતુના **स्** નો **ष्** થાય છે. દ્વિત્વમાં અને **अट्** માં પણ થાય છે.
परिषेवते परिषिषेविषते । पर्यषेवत ।

परि-नि-वेः सेवः २।३।४६

૨૬ **प्रादुस्** શબ્દ અને નામ્યન્ત ઉપસર્ગ પછી રહેલા **अस्** ધાતુના **स्** નો, **य** કારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં **ष्** થાય છે. **प्रादुःष्यात्** । **प्रादुःषन्ति** । **निषन्ति** ।

प्रादुरुपसर्गाद् य-स्वरेऽस्तेः २।३।५८

---

૨૭ (અ) એકજ પદમાં **र् ष्** કે **ऋ** વર્ણથી પર રહેલા **न्** નો **ण्** થાય છે. **पूर्णः** ।

(આ) તેમજ **र् ष्** કે **ऋ** વર્ણ અને **न्** ની વચ્ચે **ल, च** વર્ગ, **ट** વર્ગ, **त** વર્ગ, **ह्म** અને **स्** સિવાય કોઈ પણ વર્ણ હોય, તો પણ **न्** નો **ण्** થાય છે. **मित्राणि** । **पुष्पाणि** । પણ, **काष्ठानि** અહિં **न्** નો **ण्** નહીં થાય.

(ઇ) તેમજ–પદને છેડે **न्** હોય, તો **न्** નો **ण्** થતો નથી. **नरान्** ।

रषृवर्णान्नो ण एकपदेऽनन्त्यस्याऽल-चटतवर्ग-श-सान्तरे २।३।६३

૨૮ **निर् प्र अग्रे अन्तर् खदिर काश्यं आम्र शर इक्षु प्लक्ष** અને **पीयुक्षा** વિગેરે શબ્દોથી પર આવેલા **वन** શબ્દના **न** નો **ण** થાય છે. **अग्रेवणम्** ૩–૧–૩૦ । **अन्तर्वणम्** । **आम्राणां वनम् आम्रवणम्** ।

निष्प्राग्रेऽन्तः-खदिर-काश्यर्याम्र शरेक्षु-प्लक्ष-पीयुक्षाभ्यो वनस्य २।३।६६

૨૯ **गिरि–नदी** વિગેરે શબ્દો ના **न्** નો **ण्** વિકલ્પે થાય છે. **गिरिणदी, गिरिनदी** । **माषोणः, माषोनः** ।

गिरि-नद्यादीनाम् २।३।६८

૩૦ **ग्राम** અને **अग्र** થી પર **नी** ના **न** નો **ण** થાય છે. **ग्रामणीः** । **अग्रणीः** । ૫–૧–૧૪૮

ग्रामाऽग्राद् नियः २।३।७१

૩૧ ર્ વિગેરે જેમાં છે એવા **અ** કારાન્ત પૂર્વપદથી પર રહેલ **અહ્ન** ના **ન્** નો **ણ્** થાય છે. **પૂર્વાહ્ણઃ** । **અપરાહ્ણઃ** ।

अतोऽह्नस्य २।३।७३

૩૨ ર્ વિગેરે જેમાં છે એવા પૂર્વપદથી પર રહેલ **ઉત્તરપદના** અંતે રહેલ **ન** નો, **અગ્રાભના ન** નો અને **સ્યાદિ** ના **ન** નો **ણ** વિકલ્પે થાય છે, પણ **યુવન્ પક્વ** અને **અહન્** શબ્દ સિવાય. **વ્રીહિ-વાપિણૌ, નૌ** । **માષ-વાપાણિ, નિ** । **વ્રીહિ-વાપેણ, ન** ।

वोत्तरपदान्त-न-स्यादेः अयुव-पक्वा-ऽह्नः २।३।७५

૩૩ ર્ વિગેરે જેમાં છે એવા પૂર્વપદથી પર રહેલ **ક** વર્ગવાળું અને એક સ્વર વાળું ઉત્તરપદ હોય, તો ઉપરોક્ત **ન્** નો **ણ્** નિત્ય થાય છે. **સ્વર્ગ-કામિણૌ** । **ક્ષીર-પાણિ** । **યૂષ-પેણ** ।

क-वर्गैक-स्वरवति २।३।७६

૩૪ ર્ વિગેરે જેમાં છે એવા **દુસ્** વર્જ ઉપસર્ગથી અને **અન્તર્** શબ્દથી પર રહેલ **નમ્** [**ણમ્**] વિગેરે **(ણોપદેશ)** ધાતુના **ન** નો, **હિનુ** ના **ન** નો, **મીના** ના **ન** નો અને **આનિ** ના **ન્** નો **ણ્** થાય છે.

પ્રણમતિ । **અન્તર્ણયતિ** । **પ્રહિણુતઃ** । **પ્રમીણીતઃ** । **પ્રયાણિ** ।

अदुरुपसर्गा-ऽन्तरो ण-हिनु-मीना-ऽनेः २।३।७७

૩૫ ર્ વિગેરે જેમાં છે એવા ઉપસર્ગથી અને **અન્તર્** શબ્દથી પર રહેલ **શ** કારાન્ત **નશ્** ધાતુના **ન્** નો **ણ્** થાય છે.

પ્રણશ્યતિ । **અન્તર્ણશ્યતિ** ।

અહીં ન થાય **પ્રનષ્ટ્યતિ** । **પ્રનષ્ટઃ** ।

नशः शः २।३।७८

૩૬ नृत् ધાતુના न નો यङ् ના વિષયમાં ण् થતો નથી. नरीनृत्यते । नरिनर्ति ।

नृते र्यङि (न) २।३।९५

૩૭ क्षुभ्नाति વિગેરેમાં न् નો ण् થતો નથી. क्षुभ्नाति ।

क्षुभ्नादीनाम् २।३।९६

---

૩૮ कृप् ધાતુના ऋ નો ल् અને ॠ નો ल् થાય છે. कृप् + य + ते = क्लृप्यते ઇ. । कृप् + अ + ते – कर्प् + अ + ते – कल्प् + अ + ते = कल्पते ।

ऋर लृलं कृपोऽकृपीटादिषु २।३।९९

૩૯ अय् ધાતુ પર છતાં ઉપસર્ગના ॠ નો ल् થાય છે. परा + अयते = पलायते ।

उपसर्गस्याऽयौ २।३।१००

૪૦ यङ् પર છતાં गॄ ધાતુના र् નો ल् થાય છે. नि + गॄ + यङ् – ૪–૪–૧૧૬ થી – निगिर्य – निगिल्य – निजेगिल्यते ।

ग्रो यङि २।३।१०१

૪૧ गॄ ઇ. પર ધાતુના, સ્વર પર છતાં વિહિત ॠ નો ल् વિકલ્પે થાય છે. गिलति, गिरति ।

नवा स्वरे २।३।१०२

૪૨ ऋफिड વિગેરે શબ્દોના ऋ નો लृ, र નો ल અને ड નો ल વિકલ્પે થાય છે. लृफिडः, लृफिलः । लोमानि, रोमाणि । लोहितम्, रोहितम् ।

ऋफिडादीनां डश्च लः २।३।१०४

द्वितीयोऽध्यायः तृतीयः पादः

षत्व–णत्व प्रकरणम्

१ नमस्पुरसो गतेः क-ख-प-फि रः सः २।३।१

नमस्कृत्य । पुरस्कृत्य

२ तिरसो वा २।३।२ तिरस्कृत्य, तिरः कृत्य

३ शिरोऽधसः पदे समासैक्ये २।३।४ शिरस्पदम् । अधस्पदम्

४ अतः कृ-कमि-कंस-कुंश-कर्णी-पात्रेऽनव्ययस्य २।३।५

अयस्कृत् । यशस्कामः । अयस्कंसः ।

५ प्रत्यये २।३।६ पयस्पाशम् । पयस्कल्पम् । पयस्कम्

६ रोः काम्ये २।३।७ पयस्काम्यति

---

७ नामिनः तयोः षः २।३।८ सर्पिष्पाशम् । सर्पिष्कल्पम्

सर्पिष्कम्

८ निर्-दुर्-बहिरावि॒ष्-प्रादुश्चतुराम् २।३।९ दुष्कृतम् ।

आविष्कुर्वन्ति

९ सुचो वा २।३।१० द्विष्करोति, द्विःकरोति

१० वेसुषोऽपेक्षायाम् २।३।११ सर्पिष्करोति, सर्पिःकरोति

११ समासेऽसमस्तस्य २।३।१३ सर्पिष्कुम्भः

१२ भ्रातुष्पुत्र-कस्कादयः २।३।१४

१३ नाम्यन्तस्था-कवर्गात् पदान्तः कृतस्य सः

शिड्-ना-ऽन्तरेऽपि २।३।१५ बालेषु । आयुःषु । आयूंषि ।

१४ समासेऽग्नेः स्तुतः २।३।१६ अग्निष्टुत्

१५ मातृ-पितुः स्वसुः २।३।१८ मातृष्वसा । पितृष्वसा

१६ अल्लुपि वा २।३।१९ मातुःष्वसा, मातु स्वसा

१७ नि-नद्याः स्नातेः कौशले २।३।२० निष्णः । निष्णातः

१८ भीरु-ष्ठानादयः २।३।३३

१९ ह्रस्वाद् नाम्नः ति २।३।३४ सर्पिष्ट्वम्

२० घस्-वसः २।३।३६ जक्षुः । उषितः

२१ णि-स्तोरेवाऽस्वद-स्विद-सहःषणि २।३।३७
सिषेवयिषति । तुष्टूषति

२२ उपसर्गात् सुग्-सुव-सो-स्तु-स्तुभोऽटचष्यद्वित्वे २।३।३९
अभिषुणोति । निःषुणोति

२३ स्था-सेनि-सेध-सिच-सञ्जां द्वित्वेऽपि २।३।४०
अधिष्ठाष्यति

२४ अवात् चाऽऽश्रयोर्जा-ऽविदूरे २।३।४२ अवष्टम्नाति

२५ परि-नि-वेः सेवः २।३।४६ परिषेवते

२६ प्रादुरुसर्गाद् य-स्वरेऽस्तेः २।३।५८ प्रादुःष्यात् । निषन्ति

---

२७ र-वृ-वर्णाद् नो ण एकपदेऽनन्त्यस्याऽल-च-ट-त-वर्ग-श
-सा-ऽन्तरे २।३।६३ पूर्णः । मित्राणि । पुष्पाणि

२८ निष्प्रा-ग्रे-ऽन्तः-खदिर-काश्यर्या-ऽऽम्र-शरेक्षु-प्लक्ष-
पीयुक्षाभ्यो वनस्य २।३।६६ अग्रेवणम्

२९ गिरि-नद्यादीनाम् २।३।६८ गिरि-णदी, गिरि-नदी ।

माषोण:, नः

३० ग्रामा-ऽग्राद् नियः २।३।७१ ग्रामणीः । अग्रणीः

३१ अतोऽङ्गस्य २।३।७३ पूर्वाङ्गः

३२ वोत्तर-पदान्त-न-स्यादेः अ-युव-पक्वाऽह्नः २।३।७५

व्रीहि-वापिणौ, व्रीहिवापिनौ

३३ क-वर्गैक-स्वरवति २।३।७६ स्वर्ग-कामिणौ

३४ अदुरुपसर्गाऽन्तरो ण-हिनु-मीना-ऽऽनेः २।३।७७

प्रणमति

३५ नशः शः २।३।७८ प्रणश्यति

३६ नृतेर्यङि(न) २।३।९५ नरीनृत्यते

३७ क्षुभ्नादीनाम् २।३।९६ क्षुम्नाति

---

३८ ऋ-र लृ-लं कृपोऽकृपीटादिषु २।३।९९ क्लृप्यते ।

कल्पते

३९ उपसर्गस्याऽयौ २।३।१०० पलायते

४० ग्रो यङि २।३।१०१ निजेगिल्यते

४१ नवा स्वरे २।३।१०२ गिलति, गिरति

४२ ऋफिडादीनां डश्च लः २।३।१०४ लृफिडः, लृफिलः ।

लोहितम्, रोहितम्

સ્ત્રી-પ્રત્યય પ્રકરણ

૧ **न्** કારાન્ત નામને અને **ऋ** કારાન્ત વિષેષણોને સ્ત્રી-લિંગમાં **ई** [**ङी**] પ્રત્યય લાગે છે.
मायिन् + ई = मायिनी । **कर्तृ + ई = कर्त्री** ।

स्त्रियां नृतो ऽस्वस्रादे र्ङीः २।४।१

૨ **उ** અને **ऋ** ઇતવાળા નામોને સ્ત્રીલિંગમાં **ई** [**ङी**] પ્રત્યય લાગે છે. **भवत्** [**भवतु**] **+ ई = भवती** । **गच्छ् अ अत्** [**शत्**] **+ ई** ૨–૧–૧૧૬ **गच्छ् अ अन्त् + ई** – ૨–૧–૧૧૩ **गच्छ् अन्त् + ई = गच्छन्ती** ।

अधातूदृदितः २।४।२

૩ **अञ्च्** જેને અંતે છે એવા નામથી, સ્ત્રી લિંગમાં **ई** [**ङी**] થાય છે. **प्राची प्रतीची अवाची तिरश्ची** ૪–૨–૪૬ ૨–૧–૧૦૪ । **उदीची** ૨–૧–૧૦૩ ।

अञ्चः २।४।३

૪ **ण** કાર, સ્વર અને અઘોષ થી વિહિત **वन्** પ્રત્યયાન્ત નામથી સ્ત્રીલિંગમાં **ई** [**ङी**] થાય છે અને **वन्** પ્રત્યયના **न्** નો **र्** થાય છે. **ओण्**, ૧-૧-૫ દૂર કરવું. **ओणति** । **वन्** ૫–૧–૧૪૭ **ओण् + वन्** – ૪–૨–૬૫ **अवावन् + ई = अवावरी** । **धा,**

ण-स्वरा-ऽघोषाद् वनोरश्च २।४।४

धीवरी । **मेरुदश्वरी** ।

૫ **मन्** અંતવાળા નામને **ई** [**ङी**] પ્રત્યય લાગતો નથી. **सीमन्**

मनः (न) २।४।१४

૬ **अजा** વિગેરે શબ્દોથી સ્ત્રીલિંગમાં **आ** [**आप्**] થાય છે.
अजा । **वाला** ।

अजादेः (आप्) २।४।१६

૭ **अ** કારાન્ત વિશેષણ નામોને સ્ત્રી-લિંગમાં **आ** [**आप्**] પ્રત્યય લાગે છે. **शोभना माला । सर्वा । या । सा ।**

आत् २।४।१८

૮ **गौर** વિગેરે મુખ્ય નામને સ્ત્રીલિંગમાં **ई** [**ङी**] પ્રત્યય થાય છે. **गौरी । शबली ।**

गौरादिभ्यो मुख्याद् ङीः २।४।१९

૯ **अण् अञ् एय इकण्, नञ् स्नञ्** અને **टित्** [**ट् इत्** વાળા] પ્રત્યયોનો **अ** જેને અંતે છે, એવા **अ** કારાન્ત નામથી સ્ત્રી લિંગમાં **ई** [**ङी**] પ્રત્યય થાય છે.
औपगवी ६-१-२८ ઈ. । **टित्, तादृशी** । ५-१-१५२

अणञेयेकण्-नञ्-स्नञ्-टिताम् २।४।२०

૧૦ અત્યરમ વયમાં વર્તમાન **अ** કારાન્ત નામથી સ્ત્રી લિંગમાં **ई** [**ङी**] પ્રત્યય થાય છે. **कुमारी । किशोरी । तरुणी ।**

वयस्यनन्त्ये २।४।२१

૧૧ **अ** કારાન્ત સમાહાર-દ્વિગુથી સ્ત્રી લિંગમાં **ई** [**ङी**] થાય છે.
त्रयाणां लोकानां समाहारः त्रिलोकी । ३-१-५६

द्विगोः समाहारात् २।४।२२

૧૨ **शोण** વિગેરે શબ્દોથી સ્ત્રી લિંગમાં **ई** [**ङी**] વિકલ્પે થાય છે. **शोणी, शोणा । चण्डी, चण्डा ।**

नवा शोणादेः २।४।३१

૧૩ **ति** [**क्ति**] અને તેના અર્થવાળા નામ સિવાય **इ** કારાન્ત નામથી સ્ત્રીલિંગમાં **ई** [**ङी**] વિકલ્પે થાય છે.
भूमी, भूमिः ।

इतोऽक्त्यर्थात् २।४।३२

૧૪ સ્વર પછી તરત જ ઉ કારાન્ત વર્ણ હોય, એવા [खरु-સિવાયના] ઉ કારાન્ત ગુણવાચક વિશેષણોને સ્ત્રી લિંગમાં ઈ [ङी] વિકલ્પે થાય છે. **बह्वी, बहुः मृद्।** **साध्वी, साधुः चन्दना । पाण्डुः भूमिः ।** અહીં ઈ ન થાય, વચ્ચે ण् છે.

स्वरादुतो गुणादखरोः २।४।३५

૧૫ **इयेत एत हरित भरत** અને **रोहित** વર્ણવાચિ શબ્દોથી સ્ત્રી લિંગથાં ઈ [ङी] વિકલ્પે થાય છે. અને **त** નો **न** થાય છે. **इयेनी, इयेता। एनी, एता ।**

इयेतैत-हरित-भरत-रोहिताद् वर्णात् तो नश्च २।४।३६

૧૬ **सह न** અને **विद्यमान** સિવાયનું પૂર્વપદ છે જેને એવા **क्रोड** વિગેરે સિવાયના **अ** કારાન્ત **स्वांग** શબ્દથી સ્ત્રી લિંગમાં ઈ [ङी] વિકલ્પે થાય છે. **इभकुम्भस्तनी, स्तना**

असह-नञ्-विद्यमानपूर्वपदात् स्वाङ्गादक्रोडादिभ्यः २।४।३८

૧૭ **नासिका उदर ओष्ठ जङ्घा दन्त कर्ण शृङ्ग अङ्ग गात्र कण्ठ स्वांग** શબ્દથી ઈ વિકલ્પે થાય છે, આ સિવાયના બહુ સ્વરવાળા અને સંયોગ ઉપાન્ત્યવાળા **स्वाङ्ग** શબ્દથી ઈ થતી નથી. **तुङ्गनासिकी तुङ्गनासिका । कृशोदरी कृशोदरा । सुपार्श्वी**

नासिकोदरौष्ठ-जङ्घा-दन्त-कर्ण-शृङ्गा-ऽङ्ग-गात्र-कण्ठात् २।४।३९

૧૮ **नख** અને **मुख स्वांग** થી કોઇનું નામ ન હોય ત્યારે વિકલ્પે ઈ થાય છે. **शूर्पनखी, शूर्पनखा । चन्द्रमुखी, चन्द्रमुखा ।**

नख-मुखादनाम्नि २।४।४०

૧૯ અ કારાન્ત જાતિ વાચક નામોને, સ્ત્રીલિંગમાં ઈ [ङी] થાય છે.
सिंह + ई = सिंही । गर्दभी । २–४–८६

जातेरयान्त-नित्यस्त्री-शूद्रात् । २।४।५४

૨૦ य [यञ्] પ્રત્યયાન્ત શબ્દથી સ્ત્રી લિંગમાં ઈ [ङी] થાય છે.
दैव्य + ई – दैवी । ६–१–२१, २–४–८८

यञो ङायन् च वा २।४।६७

૨૧ ઉપમાન વાચક શબ્દની પછી રહેલા ऊरु શબ્દથી સ્ત્રી લિંગમાં ऊ [ऊङ्] પ્રત્યય થાય છે. તથા सहित संहित सह सफ वाम અને लक्ष्मण શબ્દની પછી રહેલા ऊरु શબ્દથી પણ ऊ થાય છે.
करभ इव ऊरू यस्याः सा करभोरूः । रम्भोरूः ।
वामौ (सुन्दरौ) उरू यस्याः सा वामोरूः ।
પણ– वृत्तौ उरू यस्याः सा वृत्तोरुः । पीनोरुः

उपमान-सहित-संहित-सह-सफ-वाम-लक्ष्मणादूरोः (ऊङ्) २।४।७५

---

૨૨ ई [ङी] પર છતાં अ નો લોપ થાય છે.
सिंह + ई = सिंही । मत्स्य, मत्सी

अस्य ङ्यां लुक् २।४।८६

૨૩ ई [ङी] પર છતાં मत्स्य ના य् નો લોપ થાય છે.
मत्स्य, मत्सी ।

मत्स्यस्य यः २।४।८७

૨૪ ई [ङी] પર છતાં, વ્યંજન પછી રહેલા તદ્ધિતના य નો લોપ થાય છે.
देवस्येयं देव + य [यञ्] दैव्य + ई = दैवी वाक् ।

व्यञ्जनात् तद्धितस्य २।४।८८

૨૫ વ્યંજન પછી રહેલા **અપત્યના ય** નો, **ય** કારાદિ તદ્ધિત અને **આ** કારાદિ સિવાય સ્વરાદિ તદ્ધિત પર છતાં લોપ થાય છે.

आदित्ये साधुः आदित्यः ૬-૧-૧૫ । **आदित्यस्येदं आदितीयं मण्डलम्** । ૬-૩-૩૨

(आपत्यस्य) तद्धित-य-स्वरेऽनाति ૨।૪।૯૨

૨૬ તદ્ધિતનો લોપ થયે છતે, ગૌણ એવા **ई** [**ङी**] **आ** [**आप्**] અને **ऊ** [**ऊङ्**] સ્ત્રી પ્રત્યયનો લોપ થાય છે.

सप्तकुमारः (**सप्तकुमार्यो देवता अस्य**) ૬-૨-૧૦૧થી **अण्** ૬-૧-૨૪ થી **अण्** લોપ, પછી **ङी** લોપ ।

ङ्यादे र्गौणस्याऽक्विपः तद्धितलुक्य-गोणी-सूच्योः ૨।૪।૯૫

૨૭ **गो** શબ્દ અને **ई** [**ङी**], **आ** [**आप्**,] અને **ऊ** [**ऊङ्**] પ્રત્યયો જેને અંતે છે એવા સ્ત્રી લિંગ શબ્દો સમાસને અન્તે હોય અને **गौण** હોય, તો તેઓનો સ્વર હ્રસ્વ થાય છે. પરંતુ અંશિ સમાસ અને **ईयस्** [**ईयसु**] પ્રત્યયાન્ત બહુવ્રીહિમાં હ્રસ્વ થતો નથી.

चित्रा गावो यस्य स चित्रगुः । प्रिया खट्वा यस्य स प्रियखट्वः । वाराणस्या निर्गतः निर्वाराणसिः । (પ્રાદિ તત્પુરુષ ૩-૧-૪૭) **खट्वामतिक्रान्तोऽतिखट्वः । वामोरूमतिक्रान्तः अतिवामोरुः ।** ૩-૧-૪૭

પરંતુ **अर्धं पिप्पल्याः अर्धपिप्पली** (અંશિતત્પુરુષ ૩-૧-૫૪ **बहवः श्रेयस्यो यस्य स बहुश्रेयसी पुरुषः ।**

गोश्चान्ते ह्रस्वोऽनंशिसमासेयो-बहुव्रीहौ ૨।૪।૯૬

૨૮ નપુંસક લિંગ નામોનો અંત્ય સ્વર હ્રસ્વ થાય છે. **विश्वप** રૂપો **वन** પ્રમાણે કરવાં **विश्वपम्** ।

क्लीबे २।४।९७

૨૯ **ङी, आ, ई** અને **ऊ** નો **क** પ્રત્યય પર છતાં હ્રસ્વ થાય છે.

कुमारी, कुमारिका । सोमपा, सोमपकः ।

સ્ત્રીલિંગ-**सोमपिका** અ નો **इ** થાય છે. ૨–૪–૧૧૧

लक्ष्मीः, लक्ष्मिका । वधूः, वधुका । ૭–૩–૩૩

ङ्यादीदूतः के २।४।१०४

૩૦ **कन्** પ્રત્યય પર છતાં હ્રસ્વ થતો નથી.

बहुकुमारीकः । बहुसोमपाकः । बहुलक्ष्मीकः । बहुवधूकः ।

न कचि २।४।१०५

૩૧ **आ** [**आप्**] પ્રત્યયનો, **क** [**कन्**] પ્રત્યય પર છતાં વિકલ્પે હ્રસ્વ થાય છે.

कान्ता भार्या यस्य स कान्तभार्यकः कान्तभार्याकः ।
लक्ष्मीभार्यकः लक्ष्मीभार्याकः । प्रियखट्वकः । प्रियखट्वाकः ।

नवा·ऽऽपः २।४।१०६

૩૨ સ્ત્રીલિંગ શબ્દથી **आप्** પ્રત્યયનો **का** પર છતાં **इ** પણ થાય છે.

खट्विका खट्वका । खट्वाका प्रियखट्वका ।
प्रियखट्वाका । प्रियखट्विका ।

इच् चा·ऽपुंसोऽनित्क्याप्परे २।४।१०७

૩૩ **पाचक** વિગેરે શબ્દોના **अ** નો સ્ત્રીલિંગમાં **इ** થાય છે. **पाचिका, कारिका** વિગેરે.

अस्याऽयत्-तत्-क्षिपकादीनाम् २।४।१११



द्वितीयोऽध्यायः चतुर्थः पादः

स्त्री-प्रत्यय प्रकरणम्

१ स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः २।४।१ मायिनी । कर्त्री

२ अधातूदृदितः २।४।२ भवती । गच्छन्ती

३ अञ्चः २।४।३ प्राची । प्रतीची । उदीची । तिरश्ची

४ ण-स्वरा-ऽघोषाद् वनो रश्च २।४।४ अवावरी । धोवरी ।

५ मनः (न) २।४।१४ सीमन्

६ अजादेः (आप्) २।४।१६ अजा । बाला

७ आत् २।४।१८ शोभना माला । सर्वा । या । सा

८ गौरादिभ्यो मुख्याद् ङीः २।४।१९ गौरी । शबली

९ अणञोयेकण्-नञ्-स्नञ्-टिताम् २।४।२० औपगवी । तादृशी

१० वयस्यनन्त्ये २।४।२१ कुमारी । किशोरी । तरुणी

११ द्विगोःसमाहारात् २।४।२२ त्रिलोकी

१२ नवा शोणादेः २।४।३१ शोणा, शोणी । चण्डी, चण्डा

१३ इतोऽक्त्यर्थात् २।४।३२ भूमी, भूमिः

१४ स्वरादुतो गुणादखरोः २।४।३५ साध्वी, साधुः

१५ श्येतैत-हरित-भरत-रोहिताद् वर्णात् तो नश्च २।४।३६
श्येनी, श्येता

१६ अ-सह-नञ्-विद्यमान-पूर्वपदात् स्वाङ्गाद-क्रोडादिभ्यः
२।४।३८ इभकुम्भस्तनी, इभकुम्भस्तना

१७ नासिकोदरौष्ठ-जङ्घा-दन्त-कर्ण-शृङ्गा-ऽऽङ्ग-गात्र-कण्ठात्
२।४।३९ तुङ्गनासिकी, तुङ्गनासिका

१८ नख-मुखादनाम्नि २।४।४० शूर्पनखी, शूर्पनखा

१९ जातेः अ-यान्त-नित्यस्त्री-शुद्रात् २।४।५४ सिंही

२० यञो ङायन् च वा २।४।६७ दैवी वाक्

२१ उपमान-सहित संहित-सह-सफ-वाम-लक्ष्मणादूरोः (ऊङ्) २।४।७५ करभोरूः

---

२२ अस्य ङ्यां लुक् २।४।८६ सिंही । मत्सी

२३ मत्स्यस्य यः २।४।८७ मत्सी

२४ व्यञ्जनात् तद्धितस्य २।४।८८ दैवी वाक्

२५ (आपत्यस्य) तद्धित-य-स्वरेऽनाति २।४।९२ आदित्यः ।

२६ ङ्यादेर्गौणस्याऽक्विपः तद्धित-लुक्यगोणी-शूच्योः २।४।९५ सप्तकुमारः

२७ गोश्चाऽन्ते ह्रस्वोऽनंशि-समासेयो-बहुव्रीहौ २।४।९६ चित्रगुः । प्रियखट्वः

२८ क्लीबे २।४।९७ विश्वपम्

२९ ङ्यादीदूतः के २।४।१०४ कुमारिका । सोमपकः

३० न कचि २।४।१०५ बहुकुमारीकः

३१ नवाऽऽपः २।४।१०६ प्रियखट्वकः, प्रियखट्वाकः

३२ इत् चाऽपुसोऽनित्-क्याप्-परे २।४।१०७ प्रियखट्विका

३३ अस्याऽयत्-तत्-क्षिपकादीनाम् २।४।१११ पाचिका

इति सिद्ध-हेम-सारांश-संस्कृत-व्याकरणे द्वितीयोऽध्यायः समाप्तः

સમાસ પ્રકરણ ૧

૧ ધાતુ સંબંધી **પ્રાદિ** (**પ્ર** વિગેરે) અવ્યયો, ધાતુની **પૂર્વે** જોડાઈને ધાતુના જુદી જુદી રીતે અનેક **અર્થ** ઉત્પન્ન કરે છે ત્યારે તે **ઉપસર્ગ** કહેવાય છે, **પૂજાર્થ સુ** અને **અતિ ગતાર્થ અધિ** અને **પરિ** તથા **અતિક્રમાર્થ અતિ** ઉપસર્ગ થતા નથી. **પ્રણયતિ** । ૨-૩-૭૭

(અ) કોઇ ઉપસર્ગ ધાતુના મૂળ અર્થથી જુદો જ અર્થ બતાવે છે. **ગચ્છતિ** તે જાય છે. **આગચ્છતિ** તે આવે છે, **વિશતિ** તે પ્રવેશ કરે છે. **ઉપવિશતિ** તે બેસે છે.

(આ) કોઈ ઉપસર્ગ ધાતુના અર્થને અનુસરે છે અને ધાતુની સાથે આવશ્ય જોડાયેલો જ રહે છે, **અનુરુધ્યતે** તે ઈચ્છે છે.

(ઇ) કોઈ ઉપસર્ગ ધાતુના અર્થમાં વધારો કરે છે. **ઈક્ષતે** તે જુવે છે. **નીરીક્ષતે** તે બારીકાઇથી જુવે છે.

(ઈ) કોઈ ઉપસર્ગ માત્ર ધાતુ સાથે જોડાએલો રહે છે પણ ધાતુના અર્થમાં બીજો કોઈ પણ ફેરફાર કરતો **નથી**. **વિશતિ** તે પ્રવેશ કરે છે. **પ્રવિશતિ**, તે પ્રવેશ કરે છે.

धातोः पूजार्थस्वति-गतार्थाधिपर्यतिक्रमार्थाति-वर्जः प्रादिरुपसर्गः प्राक् च ३।१।१

૨ ઉપસર્ગો, **ઊરી**, **ઉરરી**, **અત્**, **પ્રાદુસ્ આવિસ્** વિગેરે તથા **ચ્વિ** પ્રત્યયાંત શબ્દો **ગતિ** સંજ્ઞક થાય છે, **ઊરીકૃત્ય** ।

ऊर्याद्यनुकरण-च्वि-डाचश्च गतिः ३।१।२

૩ ભૂષા આદર અને ક્ષેપ અર્થમાં અનુક્રમે **અલમ્**, **સત્** અને **અસત્** શબ્દો, ધાતુ સાથે સંબંધ રાખતા હોય ત્યારે ગતિસંજ્ઞક થાય છે અને ધાતુની પૂર્વે જોડાય છે. **અલંકૃત્ય** ।

भूषा-ऽऽदर-क्षेपेऽलं-सदसत् ३।१।४

૪ **पुरस्** અને **अस्तम्** અવ્યય ગતિસંજ્ઞક થાય છે. **पुरस्कृत्य** । **अस्तंगत्य** ।

पुरोऽस्तमव्ययम् ३।१।७

૫ અન્તર્ધિ અર્થમાં **तिरस्** શબ્દ ગતિસંજ્ઞક થાય છે. **तिरोभूय**

तिरोऽन्तर्धौ ३।१।९

૬ અન્તર્ધિ અર્થમાં **तिरस्** શબ્દ कृ ધાતુસંબંધી હોય તો વિકલ્પે ગતિ થાય છે. **तिरस्कृत्य, तिरःकृत्य** । २-३-२ **तिरःकृत्वा**

कृगो नवा ३।१।१०

૭ **साक्षात्** વિગેરે શબ્દો, **च्वि** ના અર્થમાં હોય ત્યારે कृ ધાતુના યોગમાં વિકલ્પે ગતિસંજ્ઞક થાય છે. **साक्षात्कृत्य, साक्षात्कृत्वा** । **मिथ्याकृत्य, मिथ्याकृत्वा** ।

साक्षादादिश्च्व्यर्थे ३।१।१४

૮ **हस्ते** અને **पाणौ** અવ્યય, ઉદ્વાહ અર્થમાં कृ ધાતુના યોગમાં નિત્ય ગતિ સંજ્ઞક થાય છે. **हस्तेकृत्य** । **पाणौकृत्य** પરણીને

नित्यं हस्ते-पाणावुद्वाहे ३।१।१५

---

૯ **नाम** (પદ) પોતાની સાથે સંબંધ ધરાવતા બીજા **नाम** (પદ) સાથે જોડાઈને સંક્ષેપ માટે એકપદ બને છે, તે સમાસ કહેવાય છે. **विस्पष्टं पटुः विस्पष्टपटुः** । **श्रुतः पूर्वं श्रुतपूर्वः** ।

नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ३।१।१८

૧૦ **वार** અર્થમાં અને **विकल्प** કે **संशय** અર્થમાં વર્તમાન સંખ્યાવાચક નામ, સંખ્યેય (વસ્તુના વિશેષણ)માં વર્તમાન સંખ્યાવાચક નામ સાથે બહુવ્રીહિ સમાસ પામે છે.

द्विः दश वृक्षाः, द्विदशाः वृक्षाः ૨૦ વૃક્ષો त्रिर्दश त्रिदशाः। द्विः विंशतिः द्विविंशाः वृक्षाः । ૭-૩-૧૨૮. ૭-૪-૬૭
द्वौ वा त्रयो वा द्वित्राः जनाः બે કે ત્રણ માણસ
सप्त वा अष्ट वा सप्ताष्टाः । पञ्च वा षड् वा पञ्चषाः ।
त्रयो वा चत्वारो वा त्रिचतुराः ૭-૩-૧૩૧

सुज्-वा-ऽर्थे संख्या संख्येये संङ्घचया बहुव्रीहि ૩।૧।૧૯

૧૧ आसन्न अदूर अधिक અને अध्यर्ध નામ તથા अर्ध પછી રહેલું પુરણ પ્રત્યયાન્ત નામ, સંખ્યાવાચિ નામ સાથે દ્વિતીયા વિગેરે વિભક્તિવાળા અન્ય પદના સંખ્યેય (વિશેષણ) રૂપ અર્થ હોતે છતે, બહુવ્રીહિ સમાસ પામે છે. आसन्ना दश येषां येभ्यो वा ते आसन्नदशाः वृक्षाः ૯ કે ૧૧ વૃક્ષો એ પ્રમાણે आसन्नविंशाः । आसन्नत्रिंशाः । अदूरदशाः ૯ કે ૧૧ अधिका दश येभ्यो येषु वा ते अधिकदशाः ૧૧ વિગેરે ૨-૨-૧૧૧ । अध्यर्धा विंशतिः येषां ते अध्यर्धविंशाः દોઢ વીશ સંખ્યા છે જેઓની તે, ૩૦. अर्धपञ्चमा विंशतयः येषां ते अर्धपञ्चमविंशाः સાડા ચાર વીશ (સંખ્યા) છે જેઓની તે, ૯૦ । ૭-૩-૧૩૦

आसन्ना-ऽदूरा-ऽधिका-ऽध्यर्धा-ऽर्धादिपूरणं द्वितीया-ऽऽद्यन्यार्थे ૩।૧।૨૦

૧૨ અવ્યય નામ, સંખ્યાવાચક નામ સાથે દ્વિતીયા વગેરે વિભક્તિ-વાળા અન્ય પદના સંખ્યેય (વિશેષણ) રૂપ અર્થ હોતે છતે બહુવ્રીહિ સમાસ પામે છે. उप-समीपे दश येषां ते उपदशाः ૯ કે ૧૧ એ પ્રમાણે-उपविंशाः। उपचत्वारिंशा। उपचतुराः।

अव्ययम् ૩।૧।૨૧

१३ એક સરખી વિભક્તિવાળું (એકાર્થ) એક નામ કે અનેક નામ તથા અવ્યય, બીજા નામ સાથે, દ્વિતીયા વિગેરે વિભક્તિવાળા અન્ય પદના અર્થમાં એટલે કે અન્યપદના વિશેષણ તરીકે બહુવ્રીહિ સમાસ પામે છે.

(१) आरुढो वानरो यं स आरूढवानरो वृक्षः ।
ऊढो रथो येन स ऊढरथोऽनड्वान् ।
उपहृतो बलिः अस्यै सा उपहृतबलिः यक्षी ।
भीता शत्रवो यस्मात्स भीतशत्रुर्नृपः ।
चित्रा गावो यस्य स चित्रगुश्चैत्रः २-४-६६
अर्ध तृतीयमेषामर्धतृतीयाः अढी-२।।
वीराः पुरुषाः सन्त्यस्मिन् वीरपुरुषको ग्रामः। ७-३-१७५

(२) आरूढा बहवो वानरा यं स आरूढबहुवानरो वृक्षः ।
पञ्च पूला धनमस्य पञ्चपूलधनः
मत्ता बहवो मातङ्गा यत्र तन्मत्तबहुमातङ्गं वनम् ।

(३) उच्चैर्मुखमस्य उच्चैर्मुखः व्यधिकरण
अन्तरङ्गानि यस्य अन्तरङ्गः ,,
कर्त्तुं कामोऽस्य कर्त्तुकामः ,, ३-२-१४०
अस्ति क्षीरमस्याः अस्तिक्षीरा गौः समानाधिकरण

एकार्थं चानेकं च ३।१।२२

१४ उष्ट्रमुख विगेरे બહુવ્રીહિ સમાસો સ્વયંસિદ્ધ છે, જેમ કે-

(१) उष्ट्रस्य मुखमिव मुखमस्य उष्ट्रमुखः ।
हरिणाक्षिणी इवाक्षिणी यस्याः सा हरिणाक्षी ।
७-३-१२६
हंसगमनमिव गमनं यस्याः सा हंसगमना ।

इभकुम्भाविव स्तनौ यस्याः सा इभकुम्भस्तनी–स्तना
चन्द्र इव मुखं यस्याः सा चन्द्रमुखी–मुखा २–४–४०
कमलमिव वदनं यस्याः सा कमलवदना । २–४–३९
कण्ठे स्थिताः काला यस्य स कण्ठेकालः ।

(२) उरसि स्थितानि लोमानि यस्य स उरसिलोमा ।

(३) प्रपतितानि पर्णानि अस्य प्रपर्णः । निर्गतं तेजो यस्मात्स निस्तेजाः । उद्गता कन्धरा यस्य स उत्कन्धरः । विगतो धवो यस्याः सा विधवा ।

(४) अविद्यमानः पुत्रोऽस्य अपुत्रः । न विद्यन्ते चौरा अस्मिन् अचौरः पन्थाः । नास्ति आदिर्यस्य अनादिः संसारः । असन् उत्सेधः अस्य अनुत्सेधः प्रासादः ।

(५) कण्ठे काला अस्य स कण्ठेकालः । इन्दुः मौलौ यस्य इन्दुमौलिः । पद्मं हस्तेऽस्य पद्महस्तः । असिः प्राणौ यस्य असिपाणिः । धनुर्हस्ते यस्य धनुर्हस्तः ।
इन्द्रस्योपमा यस्य यस्मिन् वा स इन्द्रोपमो राजा ।

उष्ट्रमुखादयः ३।१।२३

૧૫ તૃતીયાન્ત નામની સાથે **સહ** અવ્યય સમાસ પામે છે, તે **સહાર્થ** બહુવ્રીહિ સમાસ કહેવાય છે.
सह पुत्रेण सपुत्र आगतः । सह छात्रेण सच्छात्रः आगतः ।
सह मदेन वर्तते समदः । सधनः । सस्मयः ।

सहस्तेन ३।१।२४

૧૬ લોક વ્યવહારમાં પ્રચલિત દિશાવાચક નામ, એવાજ બીજા દિશાવાચક નામ સાથે બહુવ્રીહિ સમાસ પામે છે, આ સમાસ તે તે દિશાના અંતરાલ અર્થમાં વપરાય છે.
दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोर्यदन्तरालम् सा दक्षिणपूर्वा

दिक् અગ્નિ કોણ. ૩-૨-૬૧ એ પ્રમાણે **पूर्वोत्तरा** ઈશાન કોણ, **उत्तरपश्चिमा** વાયવ્ય કોણ, **दक्षिणपश्चिमा** નૈઋત્ય કોણ.

दिशो रूढ्यान्तराले ३।१।२५

---

૧૭ (૧) 'પરસ્પર ગ્રહણ કરીને કરેલું યુદ્ધ' એવા અર્થમાં સપ્તમ્યન્ત નામ, બીજા એવા જ સપ્તમ્યન્ત નામ સાથે તથા-
(૨) 'પરસ્પર પ્રહાર કરીને કરેલું યુદ્ધ' એવા અર્થમાં તૃતીયાન્ત નામ, બીજા એવાજ તૃતીયાન્ત નામ સાથે **अव्ययीभाव** સમાસ પામે છે.

(૧) **केशेषु च केशेषु च मिथः गृहीत्वा कृतं युद्धम्-केशाकेशि** । ૭-૩-૭૪

(૨) **दण्डैश्च दण्डैश्च मिथः प्रहृत्य कृतं युद्धम्-दण्डादण्डि** ।

तत्रादाय मिथस्तेन प्रहृत्येति सरूपेण युद्धेऽव्ययीभावः ३।१।२६

૧૮ **पारे मध्ये अग्रे** અને **अन्तर्** નામ, ષષ્ઠ્યન્ત નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ વિકલ્પે અવ્યયીભાવ સમાસ પામે છે.

गङ्गायाः पारम्	**पारेगङ्गम्**	પક્ષે **गङ्गापारम्**	(ષષ્ઠીતત્પુરુષ)
गङ्गायाः मध्यम्	**मध्येगङ्गम्**	,, **गङ्गामध्यम्**	,,
वनस्य अग्रम्	**अग्रेवणम्**	,, **वनाग्रम्** ૨-૩-૬૬	,,
गिरेरन्तः	**अन्तर्गिरि**	,, **गिर्यन्तः**	,,

पारे-मध्ये-ऽग्रे-ऽन्तः षष्ठ्या वा (पूर्वार्थे) ३।१।३०

૧૯ અવધારણ જણાતુ હોય તો **यावद्** નામ, બીજા નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ અવ્યયીભાવ સમાસ પામે છે.

यावन्ति अमत्राणि तावन्त इति यावदमत्रमतिथीनामन्त्र-यस्व । વાસણથી અતિથિનું 'અવધારણ' જણાય છે.

यावदियत्त्वे ३।१।३१

૨૦ **परि, अप आ बहिस्** તથા **अच्** જેને અન્તે છે એવાં અવ્યય નામો, પંચમ્યન્ત નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ **अव्ययीभाव** સમાસ પામે છે.

परि त्रिगर्तेभ्यः परित्रिगर्तम् । अपत्रिगर्तम् । अप विचारात् अपविचारम् । आ गाघ्रात् आग्रामम् । बहि ग्रामात् बहि-र्ग्रामम् । प्राग् ग्रामात् प्राग्ग्रामम् ।

पर्यपाङ्-बहिरच् पञ्चम्या ३।१।३२

૨૧ 'અભિમુખ' અર્થમાં વર્તતું **अभि** અને **प्रति** નામ, લક્ષણ-ચિહ્ન-વાચિ નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ અવ્યયીભાવ સમાસ પામે છે. **अभि अग्निम् अभ्यग्नि प्रत्यग्नि शलभाः पतन्ति** । અગ્નિ તરફ પતંગીયાં પડે છે. અગ્નિ વડે પતંગીયાનું પડવું જણાય છે, માટે અગ્નિ લક્ષણ છે.

लक्षणेना-ऽभि-प्रत्याभिमुख्ये ३।१।३३

૨૨ **अनु** નામ, દીર્ઘતા સૂચક લક્ષણ નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ અવ્યયીભાવ સમાસ પામે છે.

अनु गङ्गां दीर्घा अनुगङ्गम् वाराणसी ગંગા જેમ લાંબી છે તેમ કાશી નગરી લાંબી છે. ગંગાને કાંઠે કાંઠે કાશી છે.

दैर्घ्येऽनुः ३।१।३४

૨૩ 'સમીપ' અર્થમાં વર્તમાન **अनु** નામ, બીજા નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ **અવ્યયીભાવસમાસ** પામે છે.

अनु नृपस्य अनुनृपं पिशुनाः રાજા પાસે ચાડિયા હોય છે.

समीपे ३।१।३५

૨૪ **तिष्ठद्गु** વિગેરે અન્ય અથવા પૂર્વપદના અર્થમાં અવ્યયીભાવ સમાસો થાય છે.

तिष्ठन्ति गावो यस्मिन् काले स तिष्ठद्गु कालः ।
नाभेः अधः अधोनाभं हतः । ઇત્યાદિ

तिष्ठद्गु इत्यादयः ३।१।३६

૨૫ જુદા જુદા અર્થમાં રહેલ અવ્યય નામ, બીજા નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

(૧) स्त्रीषु	अधिस्त्रि निधेहि ।
वेलायाम्	अधिवेलं भुङ्क्ष्व ।
(૨) वनस्य समीपम्	उपवनम् વનની સમીપ
कुम्भस्य समीपम्	उपकुम्भम् । उपारामम् ।
(૩) मक्षिकाणाम् अभावः	निर्मक्षिकम् । निरालोकम् ।
(૪) हिमस्य अत्ययः	अतिहिमम् ।
(૫) रथस्य पश्चात्	अनुरथम् । રથની પાછળ
(૬) ज्येष्ठस्यानुक्रमेण	अनुज्येष्ठं प्रविशन्तु
वृद्धानुक्रमेण	अनुवृद्धं साधूनर्चय
(૭) तृणमपि अपरित्यज्य	सतृणमभ्यवहरति। सतृषम्।

विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाभावा-ऽत्यया-ऽसंप्रति पश्चात्-क्रम-रूयाति-युगपद्-सदृक्-सम्पत्-साकल्या-ऽन्तेऽव्ययम् नित्यम्) ३।१।३९

૨૬ યોગ્યતા, વીપ્સા, અર્થની અનતિવૃત્તિ અને સાદૃશ્ય અર્થમાં વર્તમાન અવ્યય નામ, બીજા નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

रूपस्य योग्यम् अनुरूपम् चेष्टते રૂપને યોગ્ય ચેષ્ટા કરે છે.
अर्थं अर्थं प्रति प्रत्यर्थम् દરેક અર્થ પ્રત્યે. **दिनं दिनं प्रति**

प्रतिदिनम् દરરોજ. **शक्तेरनतिक्रमेण यथाशक्ति** પોતાની શક્તિ પ્રમાણે ભણ. **शीलस्य सादृश्यम् सशीलमनयोः** એમનાં શીલનું સાદૃશ્ય છે.

योग्यता–वीप्सा-ऽर्था-ऽनतिवृत्ति–सादृश्ये ३।१।४०

૨૭ સાદૃશ્ય વિના ઉપરોક્ત અર્થમાં **यथा** અવ્યય, બીજા નામ સાથે પૂર્વપદની મુખ્યતાએ નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.
रूपस्य अनुरूपम् यथारूपम् चेष्टते ।
ये ये वृद्धाः तान् यथावृद्धमभ्यर्च्चय ।
सूत्रस्य अनतिवृत्त्या यथासूत्रमनुतिष्ठति । સૂત્ર પ્રમાણે અનુષ્ઠાન (ધર્મક્રિયા) કરે છે.

यथाऽथा ३।१।४१

---

૨૮ ગતિસંજ્ઞક નામો અને કુ નામ, બીજા નામ સાથે નિત્ય **तत्पुरुष** સમાસ પામે છે. **प्रकृत्य । ऊरीकृत्य । उररीकृत्य । शुक्लीभूतम् । अलङ्कृत्य । सत्कृत्य । असत्कृत्य । तिरोभूय ।** કુ અ. પાપ કે અલ્પ અર્થમાં છે. **कुत्सितः ब्राह्मणः कुब्राह्मणः । कुपुरुषः । ईषदुष्णं कोष्णं कवोष्णम्, कदुष्णम् ।** ૩–૨–૧૩૭, ૧૩૦

गति–क्वन्यस्तत्पुरुषः ३।१।४२

૨૯ નિંદા અને કૃચ્છ્ર અર્થમાં રહેલું **दुर्** નામ, બીજા નામ સાથે નિત્ય તત્પુરુષ સમાસ પામે છે.
निन्दितः पुरुषः दुष्पुरुषः । दुर्जनः । कृच्छ्रेण कृतम् दुष्कृतम् । निन्दितं कृतम् दुष्कृतम् ।

दुर् निन्दा–कृच्छ्रे ३।१।४३

૩૦ પૂજા અર્થમાં રહેલું **સુ** નામ, બીજા નામ સાથે નિત્ય તત્પુરુષ સમાસ પામે છે. **शोभनः राजा सुराजा** ૭–૩–૭૨

सुः पूजायाम् ३।१।४४

૩૧ અતિક્રમ અને પૂજા અર્થમાં **अति** અવ્યય, બીજા નામની સાથે નિત્ય તત્પુરુષ સમાસ પામે છે. ૩–૧–૧, ૨–૩–૪૦

अतिसिक्तं भवता । शोभनो राजा अतिराजा । ૭–૩–૭૨

अतिरतिक्रमे च ३।१।४५

૩૨ અલ્પાર્થ **आ** અ. બીજા નામ સાથે નિત્ય તત્પુરુષ સમાસ પામે છે. **ईषत् पिङ्गलः आपिङ्गलः**

आङ् अल्पे ३।१।४६

૩૩ પ્રાદિ તત્પુરુષ– **प्रगतः आचार्यः प्राचार्यः । प्रवृद्धः गुरुः प्रगुरुः । विरुद्धः पक्षः विपक्षः । खट्वामतिक्रान्तः अतिखट्वः । अभिप्रपन्नः मुखम् अभिमुखः । अवक्रुष्टः कोकिलया अवकोकिलः । अनुगतमर्थेन अन्वर्थं नाम । वियुक्तमर्थेन व्यर्थं वचः । उद्युक्तः संग्रामाय उत्संग्रामः । उत्क्रान्तं सूत्रात् उत्सूत्रम् वचः ।**

प्रा-ऽत्यव–परि–निरादयो गत–क्रान्त–क्रुष्ट–ग्लान-क्रान्ता-ऽर्थाः प्रथमाद्यन्तैः ३।१।४७

૩૪ કૃત્ પ્રત્યય વિધાયક (કરનાર) સૂત્રમાં પંચમ્યન્ત નામથી ઉક્ત નામ, કૃદન્તની સાથે નિત્ય તત્પુરુષ સમાસ પામે છે. આ સમાસને ઉપપદ તત્પુરુષ સમાસ કહે છે. ૫–૧–૭૨ ઇ.

कुम्भं करोति कुम्भकारः । तन्तून्वयति तन्तुवायः ।
पापं हन्ति पापघातो यतिः । (૪–૩–૧૦૦)
भारं वहति भारवाहः । द्वारं पालयति द्वारपालः अ [अण्]

कुम्भं करोति कुम्भकारः વિગેરે કૃદન્તો, ઉપપદ સમાસ છે.

ङस्युक्तं कृता ३।१।४९

૩૫ તૃતીયોક્ત નામ, કૃદન્ત સાથે વિકલ્પે ઉપપદ સમાસ પામે છે.

मूलकोपदंशम्, मूलकेनोपदंशं भुङ्क्ते । ५-४-७३ ઇ.

तृतीयोक्तं वा ३।१।५०

૩૬ **न** [**नञ्**] અવ્યય, બીજા નામ સાથે સમાસ પામે છે, તે **नञ्** તત્પુરુષ સમાસ કહેવાય છે.

न ब्राह्मणः अब्राह्मणः तत्सदृशः क्षत्रियादिः કોઇ વર્ણ
न शुक्लः अशुक्लः ,, पीतादिः કોઇ વર્ણ
न धर्मः अधर्मः तद्विरुद्धः पाप्मा પાપ
न सितः असितः ,, कृष्णः કાળો
न अग्निः अनग्निः तदन्यः અગ્નિ સિવાય કોઇ
न वायुः अवायुः ,, વાયુ સિવાય કોઇ
न वचनम् अवचनम् तदभावः વચનનો અભાવ
न वीक्षणम् अवीक्षणम् ,, વીક્ષણનો અભાવ

नञ् ३।१।५१

૩૭ અંશિ તત્પુરુષ- અંશ (અવયવ) અર્થવાળા **पूर्व, अपर, अधर** અને **उत्तर** શબ્દો, અભિન્ન (એક) અંશી (અવયવી) નામ સાથે સમાસ પામે છે.

पूर्वं, पूर्वो वा कायस्य पूर्वकायः
अपरकायः । अधरकायः । उत्तरकायः ।

पूर्वा-ऽपरा-ऽधरोत्तरम् अभिन्नेनांऽशिना ३।१।५२

૩૮ **सायम् अह्नः सायाह्नः । मध्यमह्नः मध्याह्नः ।**
मध्यं दिनस्य मध्यन्दिनम् । मध्यं रात्रेः मध्यरात्रः पुं ।
વિગેરે અંશિ તત્પુરુષ સમાસો છે.

सायाद्नादयः ३।१।५३

૩૯ સમ અંશ (સરખાભાગ) માં વર્તમાન **અર્ધ** (ન.) શબ્દ અભિન્ન અંશિ નામ સાથે વિકલ્પે સમાસ પામે છે.
અર્ધપિપ્પલ્યાઃ અર્ધપિપ્પલી । પક્ષે ષષ્ઠી તત્પુરુષ **પીપ્પલ્યર્ધમ્** । એ પ્રમાણે **અર્ધગ્રામઃ, ગ્રામાર્ધમ્** ।
અર્ધાપૂપઃ । અપૂપાર્ધમ્ । અસમ અંશમાં અર્ધ *પું. છે,*
ગ્રામાર્ધઃ નગરાર્ધઃ (ષ તત્પુરુષ)

સમેંઽશે ઽર્ધં નવા ૩।૧।૫૪

૪૦ **મેય તત્પુરુષ**– એકવચનમાં રહેલું કાલવાચિ નામ અને દ્વિગુ સમાસના વિષયમાં રહેલું કાલવાચિ નામ, મેયવાચિ (માપ કરવા યોગ્ય) નામ સાથે સમાસ પામે છે.
માસો જાતસ્ય માસજાતઃ । એવં **સંવત્સરજાતઃ** ।
મહિનાનો જન્મેલો, વરસનો જન્મેલો આ પ્રમાણે **અર્થ** કરવો.
દ્વિગુ–વિષય–**એકો માસો જાતસ્ય એકમાસજાતઃ** એક માસનો જન્મેલ, **દ્વે અહ્ની સુપ્તસ્ય દ્વ્યહ્નસુપ્તઃ** । બે દિવસનો સુતેલો.

કાલો દ્વિગૌ ચ મેયૈઃ ૩।૧।૫૭

૪૧ વિભક્તિ તત્પુરુષ– દ્વિતીયાન્ત **ખટ્વા** નામ, **ક્ષાન્ત** નામ સાથે નિંદામાં સમાસ પામે છે.
ખટ્વામ્ આરૂઢઃ ખટ્વારૂઢઃ જાલ્મઃ ।

દ્વિતીયા ખટ્વા ક્ષેપે (ક્તેન) ૩।૧।૫૯

૪૨ દ્વિતીયાન્ત કાલવાચિનામ, વ્યાપક (તેમાં વ્યાપીને રહેલ) નામ સાથે સમાસ પામે છે.
મુહૂર્તં સુખમ્ મુહૂર્તસુખમ્ મુહૂર્ત પર્યંત સુખ.

વ્યાપ્તૌ (કાલઃ) ૩।૧।૬૧

૪૩ દ્વિતીયાન્ત નામ, **શ્રિત** વિગેરે નામ સાથે સમાસ પામે છે.
ધર્મંશ્રિતઃ ધર્મશ્રિતઃ । સંસારમ્ અતીતઃ સંસારાતીતઃ।

नरकं पतितः नरकपतितः । निर्वाणं गतः निर्वाणगतः । ओदनं बुभुक्षुः ओदनबुभुक्षुः । हिताशंसुः । सुखेच्छुः । ४.

श्रितादिभिः ३।१।६२

૪૪ તૃતીયાન્ત નામ, તેનાથી કરાએલ ગુણ વાચક વિશેષણ નામો સાથે સમાસ પામે છે. **शङ्कुलया कृतः खण्डः शङ्कुलाखण्डः । कुसुमैः कृतः सुरभिः कुसुमसुरभिः ।**

तृतीया तत्कृतैः ३।१।६५

૪૫ તૃતીયાન્ત નામ, **ઊન** અને તેના અર્થવાળા નામો સાથે તથા પૂર્વ વિગેરે નામો સાથે સમાસ પામે છે. **माषेणोनम् माषोणम्** २-३-६८ । **माषविकलम् । मासेन पूर्वः मासपूर्वः । मासावरः । भ्रात्रा तुल्यः भ्रातृतुल्यः । धान्येनार्थः धान्यार्थः । एकेन अधिका एकाधिका दश ।**

ऊनार्थ-पूर्वाद्यैः ३।१।६७

૪૬ કર્તા અને કરણમાં થએલ તૃતીયા વિભક્તિવાળા નામ, કૃદન્ત નામ સાથે સમાસ પામે છે. **आत्माना कृतम् आत्मकृतम् । नखैः निर्भिन्नः नखनिर्भिन्नः । क्षैत्रनखनिर्भिन्नः । बाष्पच्छेद्यानि तृणानि । काकपेया नदी** પાણીથી પૂર્ણ નદી ।

कारकं कृता ३।१।६८

૪૭ તૃતીયાન્ત **एक** શબ્દ, **न विंशति** વિગેરે નામ સાથે તત્પુરુષ સમાસ પામે છે અને **एक** શબ્દને **अद्** આગમ થાય છે. **एकेन न विंशतिः एकान्नविंशतिः एकादूनविंशतिः ।**

न विंशत्यादिनैकोऽद्चाऽन्तः ३।१।६९

૪૮ વિકારવાચક ચતુર્થ્યન્ત નામ, પ્રકૃતિવાચિ નામ સાથે સમાસ પામે છે. **कुण्डलाय हिरण्यम् कुण्डलहिरण्यम् ।**

હિરણ્ય-સોનું એ મૂળ-પ્રકૃતિ છે, અને કુંડલ તેનો વિકાર છે.
यूपाय दारु यूपदारु ।

चतुर्थी प्रकृत्या ३।१।७०

૪૯ ચતુર્થ્યન્ત નામ, **हित, सुख, रक्षित** અને **बलि** વિગેરે નામ સાથે સમાસ પામે છે. **गोभ्यः हितम् गोहितम् । अश्वाय घासः अश्वघासः । धर्माय नियमः धर्मनियमः । देवाय देयम् देवदेयम् ।**

हितादिभिः ३।१।७१

૨૭ **ग्रह्** ધાતુથી આવેલો **इ [इट्]** દીર્ઘ થાય છે પણ પરોક્ષામાં દીર્ઘ થતો નથી. **ग्रहीता** । **ग्रहीष्यति** । **ग्रहीतुम्** । **गृहीत्वा** । **गृहीतः** ।

गृह्णोऽपरोक्षायां दीर्घः ૪।૪।૩૪

૨૮ **वृ** ઉ. **वृ** આ. અને દીર્ઘ **ऋ** કારાન્ત ધાતુઓથી **इट्** વિકલ્પે દીર્ઘ થાય છે, પરોક્ષા આશીઃ અને પરસ્મૈપદ **सिच्** સિવાય. **प्रावरीता प्रावरिता** । **वरीता वरिता** । **तरीतुम् तरितुम्** ।

वृतो नवाऽनाशीः-सिच्-परस्मै च ૪।૪।૩૫

૨૯ વૃ [વૃ ઉ. વૃ આ.] ધાતુથી ને દીર્ઘ ऋ જેને અંતે છે એવા ધાતુઓથી પર રહેલા આત્મનેપદી स् [सिच्] અને આશીઃ ની પૂર્વે इ [इट्] વિકલ્પે થાય છે. अवृत, अवरिष्ट । आस्तीर्ष्ट आस्तरिष्ट । वृषीष्ट, वरिषीष्ट ।

इट् सिजाशिषोरात्मने ४।४।३६

૩૦ धू [धूग्] અને रध् વિગેરે [ओदित्] ધાતુઓથી પર રહેલા स् કારાદિ અને त् કારાદિ અશિત્ પ્રત્યયોની પૂર્વે इ [इट्] વિકલ્પે થાય છે. (૪-૪-૩૨નો અપવાદ) धू, धोता धोतुम् धोतव्यम् धोष्यति अधोष्यत्, त । धविता धवितुम् धवितव्यम् धविष्यति अधविष्यत्, त । रध्, रद्धा रद्धुम्, रद्धव्यम् रत्स्यति अरत्स्यत् रधिता रधितुम् रधितव्यम् रधिष्यति अरधिष्यत् । मृज्, मार्ष्टा मार्ष्टुम् मार्ष्टव्यम् मार्क्ष्यति मार्जिता मार्जितुम् मार्जितव्यम् मार्जिष्यति ।

धूग्रौदितः ४।४।३८

૩૧ निष्कुष् થી પર क्त क्तवतु ની પૂર્વે इट् થાય છે. निष्कुषितः ।

निष्कुषः (क्तयोः) ४।४।४०

૩૨ जॄ ગ. ૯ અને व्रश्च् ધાતુથી क्त्वा પ્રત્યયની પૂર્વે इट् થાય છે. जरित्वा । व्रश्चित्वा । ४-३-२९

जॄ-व्रश्चः क्त्वः ४।४।४१

૩૩ दम् વિગેરે (ऊदित्) ધાતુઓથી क्त्वा પ્રત્યયની પૂર્વે इट् વિકલ્પે થાય છે. दान्त्वा दमित्वा । शान्त्वा शमित्वा । द्यूत्वा देवित्वा । स्यूत्वा । सेवित्वा । अस्त्वा । असित्वा ।

ऊदितो वा ४।४।४२

૩૪ क्षुध् અને वस् ગ. १ થી क्त क्तवतु क्त्वा ની પૂર્વે इट् થાય છે. क्षुधितः । क्षुधित्वा । उषितः । उषित्वा । ४-३-३१

क्षुध-वसस्तेषाम् ४।४।४३

૩૫ **अञ्च्** ધાતુને પૂજ્યર્થમાં **इ [इट्]** થાય છે. **आञ्चता गुरवः।**

लुभ्यञ्चे र्विमोहार्चे ४।४।४४

૩૬ **पू** ગ. ૧ આ. અને **क्लिश्** ધાતુ ને **क्त क्तवतु** અને **क्त्वा** પૂર્વે વિકલ્પે **इट्** થાય છે. **पूतः। पवितः। पूत्वा पवित्वा क्लिष्टः। क्लिषितः। क्लिष्ट्वा। क्लिषित्वा।**

पूङ्-क्लिशिभ्यो नवा ४।४।४५

૩૭ **सह्, लुभ् इष् [इच्छ्]** રુષ્ અને **रिष्** ધાતુઓથી **त** કારાદિ અશિત્ પ્રત્યયો પર છતાં વિકલ્પે **इ** થાય છે. **सोढा, सहिता लोब्धा, लोभिता। एष्टा एषिता। रोष्टा रोषिता। रेष्टा रेषिता।**

सह-लुभेच्छ-रुष-रिषस्तादेः ४।४।४६

૩૮ **इव्** જેને અંતે હોય એવા ધાતુઓ તથા **ऋध्, भ्रस्ज्, दम्भ्, श्रि, यु, ऊर्णु** ગ. ૨ **भृ, ज्ञपि (णिगन्त ज्ञा** ધાતુ) **सन् तन् पत्, वृ,** દીર્ઘ **ऋ** કારાન્ત ધાતુઓ અને **दरिद्रा** ધાતુથી **स [सन्]** પૂર્વે **इट्** વિકલ્પે થાય છે. **दिव्-दुद्यूषति** ૪-૧-૧૦૮ **दिदेविषति। ऋध्, ईर्त्सति** ૪-૧-૧૭ **अर्दिधिषति। भ्रस्ज्, बिभ्रक्षति,** ૨-૧-૮૮, ૮૭, ૬૨ **बिभ्रज्जिषति बिभर्क्षति, बिभर्जिषति। श्रि-शिश्रीषति, शिश्रयिषति। युयूषति, यियविषति। प्रोर्णुनूषति, प्रोर्णुनविषति। बुभूर्षति, बिभरिषति। तन् तितंसति, तितनिषति। वृ-वुवूर्षते, विवरिषते। तॄ-तितीर्षति, तितरिषति। दरिद्रा-दिदरिद्रासति, दिदरिद्रिषति।** અહીં **आ** નો લોપ થાય છે ૪-૩-૬૪

इवृध-भ्रस्ज्-दम्भ-श्रि-यूर्णु-भर-ज्ञपि-सनि-तनि-पति-वृ-ऋद् दरिद्रः सनः ४।४।४७

૩૯ ऋ, स्मि पू (ગ ૧ આત્મને) अञ्ज् अश् (ગ-૫) कृ गृ दृ धृ (ગ. ૬ આ) અને प्रच्छ ધાતુથી स [सन्] પૂર્વે इट् થાય છે. अरिरिषति । सिस्मयिषते । पिपविषते । अञ्जिजिषति । अशिशिषते । चिकरिषति । जिगरिषति । आदिदरिषते । आदिधरिषते । पिपृच्छिषति ।

ऋ-स्मि-पूङञ्जशौ-कृ-गृ-दृ-धृ-प्रच्छः ४।४।४८

૪૦ हन् ધાતુ અને ऋ કારાન્ત ધાતુઓથી स्य ની પૂર્વે इ થાય છે. हनिष्यति । अहनिष्यत् । करिष्यति । अकरिष्यत् । स्वृ, स्वरिष्यति । अस्वरिष्यत् । मृ-मरिष्यति अमरिष्यत् ।

हनृतः स्यस्य ४।४।४९

૪૧ कृत् चृत् नृत्, छृद् અને तृद् ને અદ્યતની स् [सिच्] (૩-૪-૫૩) પ્રત્યય સિવાયના स કારાદિ અશિત્ પ્રત્યયની પૂર્વે વિકલ્પે इ થાય છે कर्त्स्यति, कर्तिष्यति । अकर्त्स्यत्, अकर्तिष्यत् । नृत्, नर्त्स्यति, नर्तिष्यति ।

कृत-चृत-नृत-छृद-तृदो ऽ सिचः सादे र्वा ४।४।५०

૪૨ गम् ધાતુથી स् કારાદિ અશિત્ પ્રત્યયની પહેલાં इ થાય છે પણ આત્મનેપદમાં ન થાય. गमिष्यति । अगमिष्यत् । संगंस्यते । ૩-૩-૮૪

गमोऽनात्मने ४।४।५१

૪૩ स्नु ધાતુથી स કારાદિ त કારાદિ અશિત્ પ્રત્યયની પૂર્વે इट् થાય છે. પણ આત્મનેપદમાં ન થાય. प्रस्नविष्यति । प्रस्नविता । प्रस्नवितुम् । આ. प्रस्नोष्यते ક. । प्रस्नोता ક. ।

स्नोः ४।४।५२

૪૪ **क्रम्** ધાતુ થી **स्** કારાદિ અને **त्** કારાદિ અશિત્ પ્રત્યયની પૂર્વે **इ** થાય છે, પણ આત્મનેપદમાં ન થાય. **क्रमिष्यति** । **क्रमिता**। **प्रक्रमितव्यम्** । આ. **प्रक्रंस्यते** । **प्रक्रन्ता** । ૩-૩-૫૧

क्रमः ४।४।५३

૪૫ **वृत्** વિગેરે પાંચ ધાતુઓથી **स्** કારાદિ અને **त्** કારાદિ અશિત્ પ્રત્યયોની પૂર્વે **इ** થતી નથી, આત્મનેપદ સિવાય. ૫૨સ્મૈ-**वृत्** કે **वृध्-वर्त्स्यति** । **अवर्त्स्यत्** । **विवृत्सति** । ૪-૩-૩૪ **स्यन्त्स्यति** । **अस्यन्त्स्यत्** । **शर्त्स्यति** । **कल्प्स्यति** । **अकल्प्स्यत्** । **कल्प्तास्मि** । ૩-૩-૪૫,૪૬ આત્મને-**वर्तिष्यते** । **अवर्तिष्यत** । **विवर्त्तिषते वर्धिष्यते** । **अवर्धिष्यत** । **विवर्धिषते शर्धिष्यते** । **अशर्धिष्यत** । **स्यन्द्** વેટ્ **स्यन्त्स्यते स्यन्दिष्यते** । **अस्यन्त्स्यत, अस्यन्दिष्यत** । **कृप्** વેટ્ **कल्प्स्यते, कल्पिष्यते** । **अकल्प्स्यत, अकल्पिष्यत** । **कल्प्ताहे कल्पिताहे** । ૪-૪-૩૮

न वृद्भ्यः ४।४।५५

૪૬ એક સ્વરી અનુસ્વાર ઈત્ વાળા ધાતુઓથી પર રહેલા **स** કારાદિ અને **त** કારાદિ અશિત્ પ્રત્યયોની પૂર્વે **इ** (**इट्**) થતી નથી. ૪-૪-૩૨ નો અપવાદ.

नी-नेता । **नेतुम्** । **नेतव्यम्** । **नेष्यति, ते** । **अनेष्यत्, त** । **पा-पाता** । **पातुम्** । **पातव्यम्** । **पास्यति** । **अपास्यत्** । **लभ्-लब्धा** । **लब्धुम्** । **लब्धव्यम्** । **लप्स्यते**। **अलप्स्यत**। **शद्-शत्ता** । **शत्तुम्** । **शत्तव्यम्** । **शत्स्यति** । **अशत्स्यत्** । **शक्-शक्ता** । **शक्तुम्** । **शक्तव्यम्** । **शक्ष्यति** । **अशक्ष्यत्** । **पच्-पक्ता** । **पक्तुम्** । **पक्तव्यम्** । **पक्ष्यति, ते** । **अपक्ष्यत्, त** । **बुध** ગ. ૪ **बोद्धा** । **बोद्धुम्** । **बोद्धव्यम्** । **भोत्स्यते** । **अभोत्स्यत** । **लिह्**

-लेढा । लेढुम् । लेढव्यम् । लेक्ष्यति, ते । अलेक्ष्यत्, त । दुह्-दोग्धा । दोग्धुम् । दोग्धव्यम् । धोक्ष्यति, ते । अधोक्ष्यत्, त । दिश् देष्टा । देष्टुम् । देष्टव्यम् । देक्ष्यति, ते । अदेक्ष्यत्, त । पिष्-पेष्टा । पेष्टुम् । पेष्टव्यम् । पेक्ष्यति । अपेक्ष्यत् । यज् यष्टा । यष्टुम् । यष्टव्यम् । यक्ष्यति, ते । अयक्ष्यत्, त । रम् रन्ता । रन्तुम् । रन्तव्यम् । रंस्यते । अरंस्यत । रञ्ज्-रङ्क्ता । रङ्क्तुम् । रङ्क्तव्यम् । रङ्क्ष्यति, ते । अरङ्क्ष्यत्, त । रुह्-रोढा । रोढव्यम् । रोक्ष्यति । अरोक्ष्यत् ।

एकस्वरा-दनुस्वारेतः ४।४।५६

४७ એક સ્વરવાળા ऋ વર્ણાન્ત ધાતુઓ તેમજ श्रि અને ऊर्णु ધાતુથી કરેલા कित् પ્રત્યયોની પૂર્વે इ થતી નથી. वृ-वृतः । वृतवान् । वृत्वा । तॄ-तीर्णः । तीर्णवान् । तीर्त्वा । श्रि, श्रितः । श्रितवान् । श्रित्वा । ऊर्णु, ऊर्णुतः । ऊर्णुतवान् । ऊर्णुत्वा ।

ऋवर्ण-श्र्यूर्णुगः कितः ४।४।५७

४८ એકસ્વરી उ વર્ણાન્ત ધાતુથી કરેલા कित् પ્રત્યયની પૂર્વે इ થતી નથી. यु, युतः युतवान् युत्वा । लू, लूनः लूनवान् लूत्वा ।

उवर्णात् ४।४।५८

४९ ग्रह् गुह् અને उ વર્ણાન્ત ધાતુઓથી स [सन्] ની પૂર્વે इ થાય નહિ. जिघृक्षति । जुघुक्षति । २-१-८२, ६२ रुरूषति । बुभूषति । लुलूषति ।

ग्रह-गुहश्च सनः ४।४।५९

५० સ્વાર્થમાં કરેલા सन् પહેલાં इट् થતી નથી. जुगुप्सते तितिक्षते । ३-४-५

स्वार्थे ४।४।६०

૫૧ ડી ગ. ૪ શ્વિ અને લસ્જ્ વિજ્ યત્, ત્રસ્, દીપ્ વિગેરે [વેદિત્] ધાતુઓથી પર રહેલ ક્ત અને ક્તવતુ ની પૂર્વે ઇ થતી નથી ડીનઃ ડીનવાન્ । (ડી ગ. ૧. ડયિતઃ ડયિતવાન્) ડ્ડીનઃ । ડ્ડીનવાન્ । શૂનઃ શૂનવાન્ । લગ્નઃ લગ્નવાન્ । ઉદ્વિગ્નઃ । ઉદ્વિગ્નવાન્ । યત્તઃ યત્તવાન્ । ત્રસ્તઃ । ત્રસ્તવાન્ । દીપ્તઃ દીપ્તવાન્ ।

ડીય-શ્વ્યૈદિતઃ ક્તયોઃ ૪।૪।૬૧

૫૨ પત્ સિવાય, ઋકારાંત પણ પ્રત્યય પૂર્વે વિકલ્પે ઇટ્ લેનારા એકસ્વરી ધાતુથી ક્ત અને ક્તવતુ પૂર્વે ઇટ્ થતી નથી. તૃપ્તઃ । રધ્, રદ્ધઃ । રદ્ધવાન્ । અઞ્જ્ અક્તઃ અક્તવાન્ । ગુહ્-ગૂઢઃ । ગૂઢવાન્ । સામાન્ય વેટ્ છે. ૪-૪-૩૮ શમ્ શાન્તઃ । શાન્તવાન્ । અસ્-અસ્તઃ । અસ્તવાન્ । શાન્ત્વા શમિત્વા । અસ્ત્વા અસિત્વા । ક્ત્વા પૂર્વે વેટ્ છે. ૪-૪-૪૨ સહ્-સોઢઃ । સોઢવાન્ । સોઢુમ્ । સહિતુમ્ । સોઢા । સહિતા । ૪-૪-૪૬ તાદિ પૂર્વે વેટ્ છે. પત્ ધાતુ સન્ માં વેટ્ છે. ૪-૪-૪૭ પિત્સતિ । પિપતિષતિ । પણ તેનું વર્જન કરેલું છે. એટલે ઇટ્ થાય છે. પતિતઃ । પતિતવાન્ । ૪-૪-૩૨

વેટોઽપતઃ ૪।૪।૬૨

૫૩ આ ઈત્ વાળા (આદિત્) ધાતુથી ક્ત ક્તવતુ માં ઇટ્ થતી નથી મ્દિ, મિન્નઃ । મિન્નવાન્ । સ્વિદ્, સ્વિન્નઃ ।

આદિતઃ ૪।૪।૭૧

૫૪ દાન્તઃ દમિતઃ । શાન્તઃ શમિતઃ । પૂર્ણઃ, પૂરિતઃ । દસ્તઃ દાસિતઃ । સ્પષ્ટઃ, સ્પાશિતઃ । છન્નઃ છાદિતઃ । જ્ઞપ્તઃ જ્ઞાપિતઃ । આ પ્રેરક ભૂત કૃદન્તો વિકલ્પે ઉપર પ્રમાણે છે.

(નવા) ર્ણૌ-દાન્ત-શાન્ત-પૂર્ણ-દસ્ત-સ્પષ્ટ-છન્ન-જ્ઞપ્તમ્ ૪।૪।૭૪

૫૫ **सृज्** ધાતુથી, **दृश्** ધાતુથી, **स्कृ** [**स्** પૂર્વક **कृ**] ધાતુથી, તેમજ સ્વરાન્ત અનિટ્ ધાતુઓથી, અને જેમાં **अ** છે એવા અનિટ્ ધાતુઓથી, **थ** ની પૂર્વે વિકલ્પે **इ** [**इट्**] થાય છે. **सृज्-सस्रष्ठ** ૪-૪-૧૧૬ **ससर्जिथ**। **दृश्-ददृष्ठ**। **ददर्शिथ**। **स्कृ-सञ्चस्कर्थ**। **सञ्चस्करिथ**। **नी-निनेथ, निनयिथ**। **दा, ददाथ, ददिथ**। **त्यज्-तत्यक्थ, तत्यजिथ**। **सञ्ज्-ससङ्क्थ**। **ससञ्जिथ**।

सृजि-दृशि-स्कृ-स्वरात्वतः तृज् नित्यानिटस्थवः ४।४।७८

૫૬ હ્રસ્વ **ऋ** કારાન્ત અનિટ્ ધાતુઓથી **थ** ની પૂર્વે **इ** થતો નથી **हृ-जहर्थ**।

ऋतः ४।४।७९

૫૭ **ऋ, वृ, व्ये,** અને **अद्** ધાતુથી **थ** ની પૂર્વે **इ** થાય છે. **आरिथ**। **ववरिथ**। **संविव्ययिथ** ૪-૨-૩ **आदिथ**।

ऋ-वृ-व्ये-ऽद इट् ४।४।८०

૫૮ **कृ, सृ, वृ, भृ, स्तु, द्रु, श्रु,** અને **स्रु** આ આઠ ધાતુ સિવાય દરેક ધાતુથી પરોક્ષાના વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે **इ** [**इट्**] થાય છે. **दा, ददिव**। **बभणिथ**। પણ, **चकर्थ चक्रुषे** **कृ** ધાતુની પૂર્વે **स्** આવે છે ત્યારે **इ** થાય છે. **सञ्चस्करिव**।

स्कृ-सृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्रो-व्यञ्नादेः परोक्षायाः ४।४।८१

૫૯ **घस्** ધાતુ, એકસ્વરી ધાતુઓ અને **आ** કારાન્ત ધાતુઓથી જ **वस्** [**क्वसु**] પ્રત્યય પૂર્વે **इ** [**इट्**] થાય છે. દ્વિરુક્ત વિગેરે થયા બાદ એકસ્વરી હોય, તેવા એકસ્વરી ધાતુઓથી **इ** થાય છે. જો એમ ન હોત તો **घस्** અને **आ** કારાન્ત ને જુદા ગ્રહણ કરત નહીં.

घस्, जक्षिवस्		आ કારન્ત–
એક સ્વરી–		पा, पपिवस्
अद्	आदिवस्	स्था, तस्थिवस्
अश् ગ ૯	आशिवस्	पच्,
अञ्ज्,	आजिवस्	भिद्, बिभिद्वस्
वच्,	ऊचिवस्	तॄ. तितीर्वस्
शक्	शेकिवस्	भू, बभूवस्
इ,	ईयिवस्	श्रु, उप-शुश्रुवस्
ऋ,	आरिवस्	दरिद्रा, दरिद्राञ्चकृवस्

घसेकस्वरातः क्वसोः ४।४।८२

૬૦ गम्, हन् विद् ગ. ૬ विश् અને दृश् ધાતુથી **वस्** [क्वसु] પૂર્વે વિકલ્પે **इ** [इट्] થાય છે. **जग्मिवस्, जगन्वस्** ૨–૧–૬૭। **जघ्निवस्, जघन्वस्**। **विविदिवस्, विविद्वस्**। **विविशिवस्, विविश्वस्**।

गम-हन-विद्लॄ-विश-दृशो-वा ४।४।८३

૬૧ अञ्ज् થી **स्** [सिच्] ની પૂર્વે **इ** નિત્ય થાય છે. **आञ्जीत्**।

सिचोऽञ्जेः ४।४।८४

૬૨ धू [धूञ्] सु અને स्तु ધાતુથી પરસ્મૈપદમાં **स्** [सिच्] ની પૂર્વે **इ** [इट्] થાય છે. **अधावीत्**। **असावीत्**। **अस्तावीत्**।

धूञ्-सु-स्तोः परस्मै ४।४।८५

૬૩ **यम्, रम्, नम्** અને આ કારાન્ત ધાતુઓથી પરસ્મૈપદમાં **स्** [सिच्] ની પૂર્વે **इ** [इट्] થાય છે અને ધાતુઓને અંતે **स्** ઉમેરાય છે. **अयंसीत्**। **व्यरंसीत्**। **नम्-अनंसीत्**। या. **अयासीत्**। **अयासिष्टाम्**। **अयासिषुः**।

यमि-रमि-नम्यातः सोऽन्तश्च ४।४।८६

૬૪ **ईश्** અને **ईड्** ધાતુથી પર રહેલ વર્તમાના **से** અને **ध्वे** તથા પંચમી **स्व** અને **ध्वम्** પ્રત્યયની પૂર્વે **इ** થાય છે. **ईशिषे । ईशिध्वे । ईडिष्व । ईडिध्वम् ।**

ईशीडः सेध्वे-स्वध्वमोः ४।४।८७

૬૫ **रुद् स्वप् अन् श्वस् जक्ष्** આ પાંચ ધાતુઓથી પર આવેલા શિત્ **य** સિવાય ના વ્યંજનાદિ પ્રત્યયોની પૂર્વે **इ** થાય છે. **रोदिति । रुदितः । स्वपिति । जक्षिति ।**

रुत्पञ्चकात् शिदयः ४।४।८८

૬૬ **ह्य.** બીજા અને ત્રીજા પુરુષના એક વચનના પ્રત્યયની પૂર્વે દીર્ઘ **ई** થાય છે. **अरोदीत् । अरोदीः । अस्वपीत् ।**

दिस्योरीट् ४।४।८९

૬૭ **अद्** તેમજ **रुद्, स्वप्, अन्, श्वस्** અને **जक्ष** ધાતુઓ થી પર રહેલ **ह्य.** બીજા અને ત્રીજા પુરુષના એકવચનના પ્રત્યયની પૂર્વે **अ** થાય છે. **अद् + अ + द् = आदत् । आदः अरोदत् । अरोदः । अस्वपत् । अस्वपः ।**

अदश्चाऽट् ४।४।९०

૬૮ **सम्** અને **परि** પછી **कृ** ધાતુની પૂર્વે **स्** [**स्सट**] થાય છે. **संस्करोति परिष्करोति । कन्याम् भूषयतीत्यर्थः ।**

सं-परेः कृगः स्सट् ४।४।९१

---

૬૯ **उ** ઇત્ વાળા [**उदित्**] ધાતુઓને સ્વરની પછી **न्** ઉમેરાય છે. **आशसु-आशंस्, कम्प्, क्रन्द्, काङ्क्ष, खण्ड्, चुम्ब्, चिन्त्, जृम्भ्, नन्द् निन्द्, मण्ड्, लङ्घ् लम्ब् लिङ्ग्, वन्द्, वाञ्छ्, शङ्क्, स्पन्द्, हिंस्** ઇત્યાદિ આ ધાતુઓના **न्** નો લોપ થતો નથી. **आशंस्यते**। ૪-૨-૪૫

उदितः स्वराद्योन्तः ४।४।९८

૭૦ મુચાદિ (મુચ્, સિચ્, વિદ્, લુપ્, લિપ્, કૃત્, ખિદ્ અને વિશ્) ધાતુઓને અ [શ] વિકરણ પર છતાં સ્વરની પછી ન્ ઉમેરાય છે **મુઞ્ચતિ**। **લિમ્પતિ** । **તૃમ્ફતિ**। વિગેરે.

મુચાદિ-તૃફ-દફ-ગુફ-શુભોભઃ શે ૪।૪।૯૯

૭૧ **જભ્** ધાતુને સ્વરની પછી, સ્વરાદિ પ્રત્યય પર છતાં **મ્** આગમ થાય છે. **જમ્ભતિ** । **જમ્ભયતિ** । **જમ્ભઃ** ।

જભઃ સ્વરે ૪।૪।૧૦૦

૭૨ સ્વરાદિ પ્રત્યયો પર છતાં, **રભ્** ધાતુને સ્વરની પછી **ન્** ઉમેરાય છે, પણ પરોક્ષા અને અ[શ્નુ] સિવાય. **રમ્ભયતિ** ૧-૩-૩૯। પણ **રેભે** । **રભતે** ।

રભોઽપરોક્ષા-શ્નવિ ૪।૪।૧૦૨

૭૩ **લભ્** ધાતુને સ્વરની પછી **ન્** ઉમેરાય છે, પણ પરોક્ષા અને અ [શ્નુ] સિવાય. **લમ્ભયતિ**। પણ **લેભે**। **લભતે**।

લભઃ ૪।૪।૧૦૩

૭૪ ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં, **નશ્** ધાતુને સ્વરની પછી **ન્** ઉમેરાય છે **નંષ્ટા** । **નંષ્ટુમ્** । **નંક્ષ્યતિ**। **અનંક્ષ્યત્** । **નશિતા** । **નશિતુમ્**। **નશિષ્યતિ** । **અનશિષ્યત્** । **નશ્** વેટ્ છે.

નશો ધુટિ ૪।૪।૧૦૯

૭૫ ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં **મસ્જ્** ધાતુના **સ્** નો **ન્** થાય છે. **મઙ્ક્તા** । **મઙ્ક્તુમ્** । **મઙ્ક્ષ્યતિ**। **અમઙ્ક્ષ્યત્** । **અમાઙ્ક્ષીત્ અમાઙ્ક્તામ્** । **અમાઙ્ક્ષુઃ** । **અમાઙ્ક્ષમ્** । **અમાઙ્ક્ષ્વ** । **અમાઙ્ક્ષ્મ** ।

મસ્જેઃ સઃ ૪।૪।૧૧૦

૭૬ ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં, (૧) **સૃજ્** અને **દૃશ્** ધાતુને નિત્ય સ્વરની પછી **અ** આવે છે, પણ પ્રત્યય કિત્ ન હોય તો. **અસ્રાક્ષીત્। અસ્રાષ્ટામ્। અસ્રાક્ષુઃ। અદ્રાક્ષીત્। અદ્રાષ્ટામ્। અદ્રાક્ષુઃ। સ્રષ્ટા। સ્રષ્ટુમ્। સ્રષ્ટવ્યમ્। સ્રક્ષ્યતિ। અસ્રક્ષ્યત્। દ્રષ્ટા, દ્રષ્ટુમ્। દ્રષ્ટવ્યમ્ દ્રક્ષ્યતિ। અદ્રક્ષ્યત્।** વળી **સૃષ્ટઃ। દૃષ્ટઃ। સૃષ્ટ્વા દૃષ્ટ્વા** પ્રત્યય કિત્ છે.

અઃ સૃજિઃ-દૃશોઽકિતિ ૪।૪।૧૧૧

૭૭ (૨) **સ્પૃશ્, મૃશ્, કૃષ્, તૃપ્, દૃપ્,** અને **સૃપ્** ધાતુને વિકલ્પે સ્વરની પછી **અ** આવે છે, પણ પ્રત્યય કિત્ ન હોય તો. **સ્પ્રષ્ટા, સ્પર્ષ્ટા। સ્પ્રષ્ટુમ્, સ્પર્ષ્ટુમ્। સ્પ્રષ્ટવ્યમ્। સ્પર્ષ્ટવ્યમ્। સ્પ્રક્ષ્યતિ, સ્પક્ષ્યતિ। અસ્પ્રક્ષ્યત્, અસ્પક્ષ્યત્।** એ પ્રમાણે **મૃશ્, કૃષ્** અને **સૃપ્**। વળી **સ્પૃષ્ટઃ। મૃષ્ટઃ। કૃષ્ટઃ। સૃપ્તઃ। સ્પૃષ્ટ્વા**। ઈ. પ્રત્યય કિત્ છે. **ત્રપ્તા, તર્પ્તા। દ્રપ્તા, દર્પ્તા। ત્રપ્સ્યતિ, તર્પ્સ્યતિ,** વિગેરે. **તૃપ્** અને **દૃપ્** આ બે ધાતુવેટ્ છે એટલે **ઇ** આવે ત્યારે, **તર્પિતા, દર્પિતા। તર્પિષ્યતિ દર્પિષ્યતિ** વિગેરે. વળી **તૃપ્તઃ દૃપ્તઃ** પ્રત્યય કિત્ છે.

સ્પૃશાદિ-સૃપો વા ૪।૪।૧૧૨

૭૮ હ્રસ્વ સ્વરાન્ત ધાતુને **પિત્** કૃત્ પ્રત્યય પર છતાં, **ત્** ઉમેરાય છે. **શત્રું જયતિ ક્વિપ્ શત્રુજિત્। અનુ + સૃ + ક્ત્વા = અનુસૃત્ય** (**ક્ત્વા** નો **ય** [**યપ્**] આદેશ છે)

હ્રસ્વસ્ય તઃ પિત્કૃતિ ૪।૪।૧૧૩

૭૯ **આન** પ્રત્યયની પૂર્વે **અ** હોય તો તે **અ** ની પછી **મ્** ઉમેરાય છે. **ઈક્ષ્ + અ + આન – ઇક્ષમાણઃ। વૃત્ – વર્તમાનઃ। અનુ-રુધ્યમાનઃ। ગમ્યમાનઃ** કર્મણિ **પ્રકાશ્યમાનઃ** ભાવે વ. કૃ.

અતો મ આને ૪।૪।૧૧૪

૮૦ **आस्** ધા ૨. કૃ. **आसीन** થાય છે. **उदासीनः**। **उपासीनः**।

आसीनः ४।४।११५

---

૮૧ દીર્ઘ **ऋ** કારાન્ત ધાતુઓના **ऋ** નો કિત્ કે ઙિત્ પ્રત્યય પર છતાં **इर्** થાય છે. **जॄ – जीर्यते** ક.। **तॄ – तीर्यते** ક.। **जॄ + य + ति = जीर्यति** ૨-૧-૬૩ થી દીર્ઘ

ऋतां किङ्तीर् ४।४।११६

૮૨ ઓષ્ઠ્ય વ્યંજનની પછી રહેલા દીર્ઘ **ऋ** નો, કિત્ ઙિત્ પ્રત્યય પર છતાં, **उर्** થાય છે. **पॄ + तस् - पिपुर् + तस्** ૨-૧-૬૩ **पिपूर्तः**। **पिपुरति**।

ओष्ठ्यादुरः ४।४।११७

૮૩ **शास्** ધાતુમાંના **आस्** નો **अङ्** અને વ્યંજનથી શરૂ થતા કિત્ ઙિત્ પ્રત્યયો પર છતાં **इस्** થાય છે. **अशिषत्** ૩-૪-૬૦। **शास्+य [क्य] + ते = शिष्यते**। **शिष्टः** ભૂ. કૃ.। **शास् + तस् – शिष् + तस् = शिष्टः** ૧. ૩ પુ. દ્વિ. વ.

इसासः शासो ऽङ्-व्यञ्जने ४।४।११८

૮૪ **पू [पु]** પર છતાં અને **य** કાર રહિત વ્યંજનાદિ પ્રત્યય પર છતાં, **य्** અને **व्** નો લોપ થાય છે. **क्नोपयति**। **कण्डूतिः** ૪-૩-૮૨। **देदिवः दिव् यङ् लुप्** ૧. ૧ પુ. દ્વિ. વ.

ग्वोः प्वय्-व्यञ्जने लुक् ४।४।१२१

૮૫ **कृत्** ધાતુનો **कीर्त्** આદેશ થાય છે. **कीर्तयति**।

कृतः कीर्त्तिः ४।४।१२२

चतुर्थोऽध्यायः चतुर्थः पादः

धातुरूप-प्रकरणम् ६

[धातूनां-आदेशा धातोः, आदिः अट्, वृद्धिः, प्रत्ययस्यादिः इट् ईट्, अट्, धातोः आदिः स्सट्, आगमाश्चेत्यादि कार्यम्]

१ अस्ति-ब्रुवो भूः-वचावशिति ४।४।१ भविता । वक्ता

२ भृज्जो भर्ज् (नवा) ४।४।६ भर्ष्टा, भ्रष्टा

३ स्वराद् उपसर्गाद् दस्ति कित्यधः (त्तः) ४।४।९ आत्तः

४ दत् ४।४।१० दत्तः । दत्तवान् । दत्तिः । दत्त्वा

५ दो-सो-मा-स्थ इः ४।४।११ निर्दितः । अवसितः । मितिः

६ छा-शो र्वा ४।४।१२ अवच्छितः, अवच्छातः ।

७ हाको हिः क्त्वि ४।४।१४ हित्वा

८ धागः ४।४।१५ विहितः । हित्वा

९ यपि चाऽदो जग्ध् ४।४।१६ जग्धः । जग्ध्वा । प्रजग्ध्य

१० घस्लृ सनद्यतनी-धञ्चलि ४।४।१७ जिघत्सति । अघसत्

११ परोक्षायां नवा ४।४।१८ जघसिथ, आदिथ

१२ वे र्वय् ४।४।१९ ऊयुः, ववुः

१३ ऋः शृ-दृ-प्रः ४।४।२० विशशुः, विशशरुः

१४ हनो वध आशिष्यञौ ४।४।२१ वध्यात् । आवधिषीष्ट

१५ अद्यतन्यां वात्वात्मने ४।४।२२ अवधीत् आवधिष्ट-हत

१६ इणिको र्गाः ४।४।२३ अगात् । अध्यगात्

१७ णावज्ञाने गमुः ४।४।२४ गमयति ग्रामम् अधिगमयति-

१८ सनीङश्च ४।४।२५ अधिजिगांसते । जिगमिषति । अधिजि-
१९ गाः परोक्षायाम् ४।४।२६ अधिजगे
२० णौ सन्-ङे वा ४।४।२७ अधिजिगापयिषति
२१ वाऽद्यतनी-क्रियातिपत्त्यो र्गींङ् ४।४।२८
अध्यगीष्ट, अध्यैष्ट

---

२२ अङ् धातोरादि र्ह्यस्तन्यां चाऽमाङ ४।४।२९ अजयत्
२३ एत्यस्ते र्वृद्धिः ४।४।३० आयन् । आस्ताम्
२४ स्वरादेस्तासु ४।४।३१ आटीत् । ऐषिष्यत । ऐच्छत्

---

२५ स्ताद्यशितोऽत्रोणादेरिट् ४।४।३२ लविष्यति । लविता
२६ ते ग्रहादिभ्यः ४।४।३३ निगृहीतिः । भणितिः
२७ गृह्णोऽपरोक्षायां दीर्घः ४।४।३४ ग्रहीता । ग्रहीष्यति
२८ वृतो नवाऽनाशीः-सिच्परस्मै च ४।४।३५ प्रावरीता
२९ इट् सिजाशिषोरात्मने ४।४।३६ अवृत, अवरीष्ट अवरिष्ट
३० धूगौदितः ४।४।३८ धोता, धविता । रद्धा, रधिता
३१ (निष्कुषः) क्तयोः ४।४।४० निष्कुषितः निष्कुषितवान्
३२ जॄ-व्रश्चः क्त्वः ४।४।४१ जरित्वा । व्रश्चित्वा
३३ ऊदितो वा ४।४।४२ दान्त्वा, दमित्वा
३४ क्षुध-वसस्तेषाम् ४।४।४३ क्षुधितः । उषित्वा
३५ लुभ्यश्च र्विमोहा-ऽर्चै ४।४।४४ अर्चिता गुरवः
३६ पूङ्-विलशिभ्यो नवा ४।४।४५ पूतः, पवितः

३७ सह-लुभेच्छ-रुष-रिषस्तादेः ४।४।४६ लोब्धा, लोभिता

३८ इवु-ऋध-भ्रस्ज-दम्भ-श्रि-यूर्णु-भर-ज्ञपि-सनि-तनि-पति-वृ
-ऋद्-दरिद्रः-सनः ४।४।४७ दुद्यूषति, दिदेविषति

३९ ऋ-स्मि-पूङ्ञ्शौ-कृ-गृ-दृ-धृ-प्रच्छः ४।४।४८ अरिरिषति

४० हनृतः स्यस्य ४।४।४९ हनिष्यति । करिष्यति

४१ कृत-चृत-नृत-छृद-तृदोऽसिचः सादे वा ४।४।५०
कर्त्स्यति, कर्तिष्यति

४२ गमोऽनात्मने ४।४।५१ गमिष्यति । संगंस्यते

४३ स्नोः ४।४।५२ प्रस्नविष्यति । प्रस्नोष्यति

४४ क्रमः ४।४।५३ क्रमिष्यति । प्रक्रंस्यते

४५ न वृद्भ्यः ४।४।५५ वर्त्स्यति । वर्तिष्यते

४६ एकस्वराऽनुस्वारेतः ४।४।५६ नेता । नेतुम् । नेष्यति-ते

४७ ऋवर्णश्यूर्णुगः कितः ४।४।५७ वृतः । तीर्णः । श्रितः

४८ उवर्णात् ४।४।५८ युतः । युत्वा । द्रूनः । द्रुत्वा

४९ ग्रह-गुहश्च सनः ४।४।५९ जिघृक्षति । जुघुक्षति । रुरूषति

५० स्वार्थे ४।४।६० जुगुप्सते

५१ डीय-श्व्यैदितः क्त्वोः ४।४।६१ डीनः । शूनः । लग्नः ।

५२ वेटोऽपतः ४।४।६२ तृप्तः । रद्धः । अक्तः

५३ आदितः ४।४।७१ मिन्नः । मिन्नवान्

५४ (नवा) णौ दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-छन्न-ज्ञप्तम्
४।४।७४ दान्तः । दमितः

५५ सृजि-दृशि-स्कृ-स्वरा-ऽत्वतः तृज्-नित्यानिटस्थवः
४।४।७८ सस्रष्ट, ससर्जिथ । निनयिथ, निनेथ । तत्यजिथ-त्थ

५६ ऋतः ४।४।७९ जहर्थ

५७ ऋ-वृ-व्येऽद इट ४।४।८० आरिथ । ववरिथ । संविव्ययिथ

५८ स्क्र-सृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्रो व्यञ्जनादेः परोक्षायाः
४।४।८१ बभणिथ । सञ्चस्करिव । चकृव

५९ घसेकस्वरात् क्वसोः ४।४।८२ जक्षिवान् । आदिवान् ।

६० गम-हन-विद्लृ-विश-दृशो वा ४।४।८३ जग्मिवान् जगन्वान्

६१ सिचोऽञ्जेः ४।४।८४ आक्षीत्

६२ धूग्-सु-स्तोः परस्मै ४।४।८५ अधावीत् । अस्तावीत्

६३ यमि-रमि-नम्यातः सोऽन्तश्च ४।४।८६ अयंसीत् । व्यरंसीत्

---

६४ ईशीडः से-ध्वे-स्व-ध्वमोः ४।४।८७ ईशिषे । ईडिध्वे

६५ रुत्यश्चकात् शिदयः ४।४।८८ रोदिति । स्वपिति

---

६६ दि-स्योरीट् ४।४।८९ अरोदीत् । अरोदीः

६७ अदश्चाऽटू ४।४।९० आदत् । आदः । अरोदत् । अरोदः

६८ सं-परेः कृगः स्सट् ४।४।९१ संस्करोति कन्याम्

---

६९ उदितः स्वराद् नोऽन्तः ४।४।९८ नन्दति

७० मुचादि-तृफ-दफ-गुफ-शुभोभः शे ४।४।९९ मुञ्चति

७१ जभः स्वरे ४।४।१०० जम्भयति । जम्भः

७२ रभो ऽपरोक्षा-शवि ४।४।१०२ रम्भयति
७३ लभः ४।४।१०३ लम्भयति
७४ नशो धुटि ४।४।१०९ नंष्टा
७५ मस्जेः सः ४।४।११० मङ्क्ता
७६ अः सृजि-दृशोऽकिति ४।४।१११ स्रष्टा । द्रष्टुम्
७७ स्पृशादि-सृपो वा ४।४।११२ स्प्रष्टा । स्पर्ष्टा
७८ ह्रस्वस्य तः पित्कृति ४।४।११३ विजित्य । जगत्
७९ अतो म आने ४।४।११४ पचमानः
८० आसीनः ४।४।११५ आसीनः । उदासीनः

---

८१ ऋतां क्ङिति इर् ४।४।११६ जीर्यति
८२ ओष्ठ्याद् उर ४।४।११७ पूः । पिपूर्तः
८३ इसासः शासोऽङ्-व्यञ्जने ४।४।११८ शिष्यते । शिष्टः
८४ ष्वोः ष्वय्-व्यञ्जने लुक् ४।४।१२१ क्ष्नोपयति । कण्डूतिः
८५ कृतः कीर्तिः ४।४।१२२ कीर्तयति

इति सिद्धहेम-सारांश-संस्कृत-व्याकरणे
चतुर्थोऽध्यायः समाप्तः

કૃદન્ત પ્રકરણ ૧

કૃત્યકૃદન્ત સામાન્યકૃદન્ત ઉપપદકૃદન્ત અને ભૂતકૃદન્ત

૧ કૃદન્ત પ્રકરણોમાં આવતા ત્યાદિ સિવાયના તુમ્ સુધીના પ્રત્યયો કૃત્ કહેવાય છે.

ધાતુને જે પ્રત્યયો લાગીને, ધાતુ પરથી શબ્દો બને છે, તે પ્રત્યયો કૃત્ કહેવાય છે. કૃત્ પ્રત્યય જે શબ્દોને અંતે હોય છે, તે કૃદન્ત કહેવાય છે. **घनघात्यः** । ૩–૧–૬૮

आ तुमो ऽत्यादिः कृत् ૫।૧।૧

૨ વિશેષ કહ્યું ન હોય ત્યાં કૃત્ પ્રત્યયો કર્તામાં થાય છે. **कारकः कर्त्तरि ૫।૧।૩**

૩ **रुच्य अव्यथ्य** અને **वास्तव्य** આ કૃત્ય કૃદન્તો **કર્ત્તામાં–કર્તરિ પ્રયોગમાં** વપરાય છે. **रुच्** અને **नव्यथ्** ધાતુથી **य (क्यप्)** છે અને **वस्** ધાતુથી **तव्य** છે. **रोचते इति रुच्यो मोदको मैत्राय** મૈત્રને મોદક રુચિકર છે. **नव्यथते इति अव्यथ्यो मुनिः** મુનિ વ્યથા પામતા નથી. **वसति इति वास्तव्यः** રહેનાર, વસનાર. અહીં વૃદ્ધિ થાય છે.

रुच्या-ऽव्यथ्य–वास्तव्यम् ૫।૧।૬

૪ **भव्य, गेय, जन्य, रम्य, आपात्य** અને **आप्लाव्य** એ કૃત્ય કૃદન્તો **કર્તામાં–કર્તરિ પ્રયોગમાં** વિકલ્પે વપરાય છે. **भवति असौ इति भव्यः । पक्षे भव्यम् अनेन । गायति इति गेयो माणवकः साम्नाम् । गेयानि माणवकेन सामानि य । जायते ऽसौ इति जन्यः । जन्यमनेन घ्यण् ૪–૩–૫૪ । रमयत्यसौ रम्यः । रम्यते रम्यः य ૫–૧–૨૮ । आपतति असौ आपात्यः आपात्यमनेन घ्यण् ।**

भव्य-गेय-जन्य-रम्या-ऽऽपात्या-ऽऽप्लाव्यम् नञा ५।१।७

५ **प्रवचनीय** विगेरे **अनीय** प्रत्ययान्त कृदन्तो **कर्ताभां-कर्तरि** प्रयोगभां विकल्पे वपराय छे. **प्रवक्ति प्रब्रूते वा प्रवचनीयो गुरुः शास्त्रस्य** गुरु शास्त्रने कहेनार छे. **प्रवचनीयं गुरुणा शास्त्रम्** गुरुवडे शास्त्र कहेवाय छे. **उपतिष्ठते इति उपस्थानीयः शिष्यो गुरोः** शिष्य गुरुनी सेवा करनार होय छे. **उपस्थानीयः शिष्येण गुरुः** शिष्यवडे गुरु सेवाने योग्य छे. एवं **रमयतीति रमणीयो देशः । मदयतीति मदनीया योषित् । दीपयतीति दीपनीयं चूर्णम् । मोहयतीति मोहनीयं कर्म । ज्ञानमावृणोतीति ज्ञानावरणीयम् । एवं दर्शनावरणीम् ।**

प्रवचनीयादयः ५।१।८

६ श्लिष् शी स्था आस् वस् जन् रुह् जृ अने भज् धातुथी क्त प्रत्यय कर्ताभां विकल्पे थाय छे. **आश्लिष्टः कान्तां कामुकः, आश्लिष्टा कान्ता कामुकेन । आश्लिष्टं कामुकेन ।**

श्लिष-शीङ्-स्था-ऽऽस-वस-जन-रुह-जृ-भजेः-क्तः ५।१।९

७ गत्यर्थ धातुओथी **अकर्मक** धातुओथी पा [पिब] अने भुज् धातुथी क्त प्रत्यय कर्ताभां विकल्पे थाय छे. **गतो मैत्रो ग्रामम्, गतो मैत्रेण ग्रामः । गतं मैत्रेण । आसितो भवान्, आसितं भवता । पयः पीता गावः, पयः पीतं गोभिः । पीतं गोभिः । अन्नं भुक्तास्ते, अन्नं तै र्भुक्तम् । तै र्भुक्तम् ।**

गत्यर्था-ऽकर्मक-पिब-भुजेः ५।१।११

८ त्वा [क्त्वा] तुम् अने अम् [ख्णम् णम्] भावमां थाय छे. **कृत्वा व्रजति । कर्तुं व्रजति । कारं कारं व्रजति**

चौरंकारमाक्रोशति ण्णम्। अतिथिवेदं भोजयति णम्।

क्त्वा-तुम्-अम् भावे ५।१।१३

---

૯ ति (क्ति) પ્રત્યય (૫-૩-૯૧) ની પહેલાંના **અપવાદોમાં** સરખો ન હોય તેવો **ઉત્સર્ગ** પ્રત્યય વિકલ્પે થાય છે. **अवश्यलाव्यम्। अवश्यलवितव्यम्। अवश्यलवनीयम्।** य [ण्यण्] અપવાદ પ્રત્યય છે, **तव्य अनीय** ઉત્સર્ગ પ્રત્યયો છે. અને તે **ण्यण्** ની સરખા નથી. એટલે **અપવાદ य** (ण्यण्) માં **तव्य अनीय** થાય છે.

असरूपो ऽपवादे वोत्सर्गः प्राक् क्तेः ५।१।१६

૧૦ ऋ વર્ણાન્ત ધાતુથી અને વ્યંજનાન્ત ધાતુથી **य** [ण्यण्] પ્રત્યય થાય છે. **कार्यम्। हार्यम्।** णित् હોવાથી વૃદ્ધિ- ૪-૩-૫૧,૫૦ **पाक्यम्। वाक्यम्।** ૪-૧-૧૧૧,૧૧૯

ऋवर्ण-व्यञ्जनाद् ण्यण् ५।१।१७

૧૧ અવશ્ય અર્થમાં ઉ વર્ણાન્ત ધાતુથી **ण्यण्** પ્રત્યય થાય છે. **लू-लाव्यम्** અવશ્ય કપાય તેવું. ૧-૨-૨૫ જુઓ. **पू-पाव्यम्** અવશ્ય પવિત્ર કરાય તેવું. અન્યથા **लव्यम्** કપાય તેવું. **पव्यम्** પવિત્ર કરાય તેવું. ૫-૧-૨૮ થી **य**

उवर्णाद् आवश्यके ५।१।१९

૧૨ **आ-सु, यु, वप्, रप्, लप्, त्रप्, डिप्, दभ् चम्** અને **आ-नम्** ધાતુથી **ण्यण्** પ્રત્યય થાય છે. **आसाव्यम्। याव्यम्। वाप्यम्। राप्यम्। लाप्यम्। अभिलाप्यम्। अपत्राप्यम्। डेप्यम्। दाभ्यम्। आचाम्यम् आनाम्यम्।**

आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्या-ऽऽनमः ५।१।२०

૧૩ ધાતુથી **तव्य** અને **अनीय** પ્રત્યય થાય છે. **शयितव्यम्** । **कर्तव्यम् करणीयम् भवता** । **कर्तव्यः करणीयः कटो भवता** । ૩-૩-૨૧

तव्यानीयौ ५।१।२७

૧૪ **स्वरान्त** ધાતુથી **य** પ્રત્યય થાય છે અને **आ** નો **ए** થાય છે. **चि-चेयम्** । **जेयम्** । **नेयम्** । **शेयम्** । **नु-नव्यम्** । **लव्यम्** । **भव्यम्** ૧-૨-૨૫ । **दा-देयम्** । **धा धेयम्** ।

य एत् चातः ५।१।२८

૧૫ **शक्**, **तक**, **चत्**, **यत्**, **शस्**, **सह्**, **यज्**, **भज्**, અને **प**-વર્ગાન્ત ધાતુથી **य** પ્રત્યય થાય છે. **शक्यम्** । **तक्यम्** । **चत्यम्** । **यत्यम्** । **शस्यम्** । **सह्यम्** । **यज्यम्** । **भज्यम्** । **प-वर्ग-तप्यम्** । **लभ्यम्** । **गम्यम्** ।

शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् ५।१।२९

૧૬ ઉપસર્ગ વગરના **यम्** **मद्** અને **गद्** ધાતુથી **य** થાય છે. **यम्यम्** । **मद्यम्** । **गद्यम्** । ઉપસર્ગ સાથે **आयाम्यम्** ।

यमि-मदि-गदो ऽनुपसर्गात् ५।१।३०

૧૭ ઉપસર્ગ રહિત **चर्** ધાતુથી **य** પ્રત્યય થાય છે, તેમજ **आ+चर्** ધાતુથી ગુરુ સિવાયના અર્થમાં **य** થાય છે. **चर्यम् आचर्यम् भवता** । **चर्य आचर्यो देशः** । **आचार्यो गुरुः ष्यण्** ।

चरेः आङस्त्वगुरौ ५।१।३१

૧૮ **वर्य उपसर्या अवद्य** અને **पण्य** શબ્દો અનુક્રમે **उपेय** (પાસે જવા-સેવવા યોગ્ય) **ऋतुभती गर्ह्य** અને **विक्रेय** અર્થમાં **य** પ્રત્યયાન્ત નિપાત થાય છે. **वर्या उपेया**। **वर्यः**

उपेयः । उपसर्या ऋतुमती । अवद्यं गर्ह्यम् पण्यं विक्रेयम् ।

वर्योपसर्या-ऽवद्य-पण्यम् उपेयर्तुमती-गर्ह्य-विक्रेये

५।१।३२

૧૯ સ્વામિ અને વૈશ્ય અર્થમાં ऋ ધાતુથી य થાય છે. अर्यः स्वामी वैश्यो वा । अर्यतेऽभिगम्यते आर्यः ण्यण् ।

स्वामि-वैश्येऽर्यः ५।१।३३

૨૦ ઉપસર્ગ વગરના નામથી પર રહેલ वद् ધાતુથી य (क्यप्) અને य પ્રત્યય થાય છે. ब्रह्मोद्यम् । ब्रह्मवद्यम् બ્રહ્મવાક્ય. सत्योद्यम् सत्यवद्यम् । સત્યવચન. પણ वाद्यम् । प्रवाद्यम् ण्यण् ।

नाम्नो वदः क्यप् च ५।१।३५

૨૧ दृ, वृ, (ઉ.) स्तु, जुष्, इ અને शास् ધાતુથી क्यप् પ્રત્યય થાય છે. आदृत्यः । प्रावृत्यः । स्तुत्यः । अवश्य-स्तुत्यः । जुष्यः । इत्यः ४-४-११३ । शिष्यः । ४-४-११८

दृ-वृग्-स्तु-जुषेति-शासः ५।१।४०

૨૨ कृप्, चृत् અને ऋच् સિવાય ऋ ઉપાન્ત્ય હોય એવા ધાતુથી क्यप् પ્રત્યય થાય છે. वृत्यम् वृध्यम् गृध्यम् शृध्यम् । પણ कल्प्यम् । चर्त्यम् । अर्च्यम् ण्यण् ।

ऋदुपान्त्याद् अ-कृपि-चृद्-ऋचः ५।१।४१

૨૩ कृ, वृष्, मृज्, शंस्, गुह्, दुह् અને जप् ધાતુથી વિકલ્પે क्यप् પ્રત્યય થાય છે. (પક્ષે ण्यण्) कृत्यम् । कार्यम् । वृष्यम् । वर्ष्यम् । मृज्यम् । मार्ज्यम् । शस्यम् । शंस्यम् । गुह्यम् । गोह्यम् । दुह्यम् । दोह्यम् । जप्यम् । जाप्यम् ।

कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि-जपो वा ५।१।४२

२४ य [ण्यण्] तव्य अनीय य અને य [क्यप्] આ પાંચ કૃત્ પ્રત્યયો કૃત્ય કહેવાય છે. ૩-૩-૨૧

ते कृत्याः ५।१।४७

---

२५ 'धातु सूचित क्रियानो कर्ता' એ અર્થમાં-કર્તામાં ધાતુથી अक [णक] અને तृ [तृच्] પ્રત્યય થાય છે. **पचति इति पाचकः । पक्ता । पक्तारौ । पक्तारः । पठति इति पाठकः । पठिता । पठितारौ । पठितारः ।**

णक-तृचौ ५।१।४८

२६ ધાતુથી अ (अच्) પ્રત્યય થાય છે. **करः । हरः । पचः ।**

अच् ५।१।४९

२७ **नन्दि** વિગેરે ધાતુઓથી अन પ્રત્યય થાય છે, **नन्द्यतीति नन्दनः । एवम् वाशनः । मदनः । दूषणः । साधनः । वर्धनः रोचनः । सहते इति सहनः । एवम् रमणः । दमनः । विरोचनः । विकर्तनः । तपनः । प्रतर्दनः । दहनः । यवनः । पवनः । लवणः । संक्रन्दतीति संक्रन्दनः । संकर्षणः । संहर्षणः । सर्वान् दाम्यतीति सर्वदमनः । जनार्दनः । वित्तविनाशनः । मधुसूदनः ।** ઇત્યાદિ

नन्द्यादिभ्यो ऽनः ५।१।५२

२८ ग्रह् વિગેરે ધાતુઓથી इन् [णिन्] પ્રત્યય થાય છે, **ग्राही । स्थायी । मन्त्री । अपराधी । उत्साही । निवासी ।**

ग्रहादिभ्यो णिन् ५।१।५३

२९ नामि २।५२ ઉપાન્ત્ય હોય એવા ધાતુથી તથા **प्री, कृ, गृ** અને **ज्ञा** ધાતુથી अ [क] પ્રત્યય થાય છે. **विक्षिपः विलिखः बुधः । युधः । कृशः । वितृदः । प्रीणातीति प्रियः ।**

किरतीति किरः। उत्किरः। गिलतीति गिलः। निगिलः जानातीति ज्ञः ४-३-६४। ५-१-१६ थी ज्ञः ज्ञायकः ज्ञाता। नन्दनः नन्दकः नन्दयिता ५-१-५२।

नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः कः ५।१।५४

३० ઉપસર્ગથી પર રહેલા [इयै] સિવાય आકારान्त ધાતુથી अ [ड] પ્રત્યય થાય છે. आह्वयतीति आह्वः। संव्यः। परिव्यः। प्रव्यः। अनुव्यः। प्रस्थः। सुग्लः। सुम्लः। सुत्रः। व्यालः। सुरः। इयै-अवश्यायः ५-१-६४

उपसर्गाद् आतो डो ऽश्यः ५।१।५६

३१ तन् व्यध् इ श्वस् અને आકારान्त ધાતુથી अ [ण] પ્રત્યય થાય છે. तानः। उत्तानः। व्याधः। प्रत्यायः अन्तरायः। श्वासः। अवश्यायः।

तन्-व्यधीण्-श्वसातः (णः) ५।१।६४

३२ नृत् खन् અને रञ्ज् ધાતુથી शिલ્પી કર્તામાં अक [अकट्] પ્રત્યય થાય છે. शिલ્પ એટલે કામમાં કુશળપણું, तद्वान् शिલ્પી नर्त्तकः। नर्त्तकी। खनकः। रजकः।

नृत्-खन्-रञ्जः शिल्पिन्यकट् ५।१।६५

३३ आशिष (ઇષ્ટની પ્રાર્થના) અર્થ ગમ્ય હોય તો, ધાતુથી अक [अकन्] પ્રત્યય થાય છે. नन्दतात् इति आशंस्यमानः नन्दकः।

आशिष्यकन् ५।१।७०

३४ आशिष ના વિષયમાં संज्ञा હોય તો ધાતુથી ति [तिक्] અને कृत् પ્રત્યયો થાય છે. शम्यात् शान्तिः। रंषीष्ट इति आशंसितः रन्तिः। वीरो भूयाद् इति वीरभूः। क्विप्

तिक्-कृतौ नाम्नि ५।१।७१

૩૫ કર્મથી પર રહેલ ધાતુથી અ (अण्) પ્રત્યય થાય છે. कुम्भं करोति कुम्भकारः । तन्तून्वयति तन्तुवायः । पापं हन्ति पापघातो यतिः ४-३-१०० । भारं वहति भारवाहः । द्वारं पालयति द्वारपालः । सूत्रधारः ई.

कर्मणोऽण् ५।१।७२

૩૬ કર્મથી પર રહેલ ઉપસર્ગ વગરના गा (गै) ધાતુથી અ (टक्) પ્રત્યય થાય છે. ४-३-६४ वक्रगः । सामगः । सामगी । २-४-२०

गायो ऽनुपसर्गात् टक् ५।१।७४

૩૭ કર્મથી પર રહેલ ઉપસર્ગ વગરના, ह्वा (ह्वे) वा (वे) અને मा સિવાય आ કારાન્ત ધાતુથી અ (ड) પ્રત્યય થાય છે. गां ददाति गोदः । कम्बलदः । जलदः । अङ्गुलित्रम् ।

आतो डोऽह्वा-वा-मः ५।१।७६

૩૮ કર્મથી પર हन् ધાતુથી आशिष ગમ્ય હોય તો ड પ્રત્યય થાય છે. शत्रुं वध्यात् शत्रुहः । पापहः ।

आशिषि हनः ५।१।८०

૩૯ क्लेशादि કર્મથી પર રહેલ अप પૂર્વક हन् ધાતુથી ड પ્રત્યય થાય છે. क्लेशमपहन्ति क्लेशापहः । तमोपहः । ज्वरापहः ।

क्लेशादिभ्यो ऽपात् ५।१।८१

૪૦ कुमार અને शीर्ष કર્મથી પર રહેલ हन् ધાતુથી इ (णिन्) પ્રત્યય થાય છે. कुमारं हन्ति कुमारघाती । शीर्षघाती ।

कुमार-शीर्षाद् णिन् ५।१।८२

૪૧ કર્મથી પર રહેલ हन् ધાતુથી 'અચિત્ત કર્તા હોય તો, અ [टक्] પ્રત્યય થાય છે. वातं हन्ति वातघ्नं तैलम् । पित्तघ्नं घृतम् । श्लेष्मघ्नं मधु । २-१-६१

अचित्ते टक् ५।१।८३

૪૨ ब्रह्म વિગેરે કર્મથી પર રહેલ हन् ધાતુથી टक् પ્રત્યય થાય છે. ब्रह्म हन्ति ब्रह्मघ्नः । कृतघ्नः । वृत्रघ्नः । भ्रूणघ्नः । बालघ्नः । ४-२-४४. २-१-११२

ब्रह्मादिभ्यः ५।१।८५

૪૩ कुक्षि आत्मन् અને उदर કર્મથી પર રહેલ भृ ધાતુથી इ [खि] પ્રત્યય થાય છે. ૩-૨-૧૧૧

कुक्षिमेव बिभर्ति कुक्षिंभरिः । आत्मंभरिः । उदरंभरिः ।

कुक्ष्यात्मोदराद् भृगः खिः ५।१।९०

૪૪ કર્મથી પર રહેલ अर्ह् ધાતુથી अ (अच्) પ્રત્યય થાય છે, पूजामर्हति पूजार्हः साधुः । पूजार्हा साध्वी ।

अर्होऽच् ५।१।९१

૪૫ दण्डादि સિવાય आयुध વિગેરે કર્મથી પર રહેલ धृ ધાતુથી अच् પ્રત્યય થાય છે.

धनुर्धरति धनुर्धरः । शक्तिधरः । चक्रधरः । वज्रधरः भूधरः । जलधरः । पयोधरः । शशधरः । विद्याधरः । ६. दण्डधारः । कर्णधारः । सूत्रधारः । छत्रधारः । ५-१-७२

आयुधादिभ्यो धृगोऽदण्डादेः ५।१।९४

૪૬ કર્મથી પર રહેલ हृ ધાતુથી वय અને उद्यमाभाव જણાતો હોય ત્યારે अच् પ્રત્યય થાય છે. अस्थिहरः श्वशिशुः । कवचहरः क्षत्रियकुमारः । अंशहरो दायादः । मनोहरः प्रासादः । मनोहरा माला । विरुद्ध-भारहारः अण् ।

हृगो वयो-ऽनुद्यमे ५।१।९५

૪૭ रजस् ફલે અને मल કર્મથી પર રહેલ ग्रह् ધાતુથી इ પ્રત્યય થાય છે. रजोग्रहिः कञ्चुकः । फलानि गृह्णाति फले-

ग्रहि वृक्षः फलं फले थाय छे. मलग्रहिः कम्बलः।

रजः-फले-मलाद् ग्रहः (इः) ५।१।९८

४८ शकृत् अने स्तम्ब कर्मथी पर कृ धातुथी अनुक्रमे वत्स अने व्रीहि कर्तामां इ प्रत्यय थाय छे. शकृत्करि वत्सः। स्तम्बकरि व्रीहिः।

शकृत्-स्तम्बाद् वत्स-व्रीहौ कृगः ५।१।१००

४९ संख्या विगेरे कर्मथी पर रहेल कृ धातुथी अ (ट) थाय छे. संख्यां करोति संख्याकरः। एककरः। द्विकरः। त्रिकरः। अहस्करः दिवाकरः विभाकरः सूर्य. निशाकरः प्रभाकरः चन्द्र. भास्करः २-३-१४। चित्रकरः। कर्तृकरः। अरुष्करः। धनुष्करः २-३-१३। विगेरे. रजनिकरः दोषाकरः चन्द्र. दिनकरः दिवसकरः सूर्य.

संख्या-ऽहर्-दिवा-विभा-निशा-प्रभा-भास्-चित्र-कर्त्रा-द्यन्तानन्त-कार-बाढरुर्-धनुर्-नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा-क्षपा-क्षणदा-रजनि-दोषा-दिन-दिवसात् टः ५।१।१०२

५० शब्दादि सिवाय कर्मथी पर रहेल धातुथी हेतु, तच्छील अने अनुकूल कर्ता होय तो, ट प्रत्यय थाय छे. यशस्करोति यशस्करी विद्या, शोककरी कन्या, कुलकरं धनम्। क्रीडाकरः आद्धकरः तीर्थकरः, तीर्थंकरः अहीं विकल्पे म् आगम थाय छे. ३-२-११७। प्रेषणाकरः वचनकरः।

हेतु-तच्छीलानुकूले ऽशब्द-श्लोक-कलह-गाथा-वैर-चाटु-सूत्र-मन्त्र-पदात् ५।१।१०३

५१ कर्म शब्द कर्मथी पर रहेल कृ धातुथी भृति-वेतन (पगार) गम्य होय तो ट प्रत्यय थाय छे. कर्मकरः कर्मकरी

दासी પગાર લઈને કામ કરનાર. અન્યથા **कर्मकारः** । પગાર વિના કામ કરનાર.

भृतौ कर्मणः ५।१।१०४

૫૨ **क्षेम प्रिय मद्र** અને **भद्र** કર્મથી પર રહેલ **कृ** ધાતુથી **अ** [**ख**] અને **अ** [**अण्**] એ બે પ્રત્યય થાય છે. **क्षेमं करोति क्षेमंकरः** । **प्रियंकरः** । **मद्रङ्करः**। **भद्रङ्करः** । **क्षेमकारः** । **प्रियकारः** । **मद्रकारः** । **भद्रकारः** ।

क्षेम-प्रिय-मद्र-भद्रात् खा-ऽण् ५।१।१०५

૫૩ **मेघ ऋति भय** અને **अभय** કર્મથી પર રહેલ **कृ** ધાતુથી **ख** પ્રત્યય થાય છે. **मेघान्करोति मेघंकरः** । **ऋतिंकरः ऋतिः** गतिः सत्यता वा, **भयङ्करः**। **भयङ्करं श्मशानम्**। **अभयंकरः**।

मेघर्ति-भया-ऽभयात् खः ५।१।१०६

૫૪ **प्रिय** અને **वश** કર્મથી પર રહેલ **वद्** ધાતુથી **ख** પ્રત્યય થાય છે. **प्रियं वदति प्रियंवदः** । **वशंवदः** ।

प्रिय-वशात् वदः ५।१।१०७

૫૫ **कूल अभ्र** અને **करीष** કર્મથી પર રહેલ **कष्** ધાતુથી **ख** પ્રત્યય થાય છે. **कूलंकषा नदी** । **अभ्रंकषो गिरिः** । **करीषंकषा** वात्या । ६–२–२५

कूलाभ्र-करीषात् कषः ५।१।११०

૫૬ **सर्व** કર્મથી પર રહેલ **सह्** અને **कष्** ધાતુથી **ख** પ્રત્યય થાય છે. **सर्वं सहते सर्वंसहो मुनिः** । **सर्वंकषः खलः** ।

सर्वात् सहश्च ५।१।१११

૫૭ કર્મથી પર રહેલ **मन्** ધાતુથી **णिन्** પ્રત્યય થાય છે. **पण्डितं मन्यते बन्धुम् पण्डितमानी बन्धोः** ।

मन्याण् णिन् ५।१।११६

५८ कर्ता-कर्मथी पर रहेल **मन्** धातुथी **अ** [**खश्**] प्रत्यय थाय छे. **पण्डितमात्मानं मन्यते पण्डितंमन्यः** प्रत्यय शित् होवाथी **य** [**इय**] ३-४-७२ । **पट्वीमात्मानं मन्यते पट्विमन्या** ३-२-१११ ह्रस्व। **पण्डितमानी** । **पट्वीमानिनी** पण् थाय, जुओ. ५-१-१६

कर्तुः खश् ५।१।११७

५९ **शुनी स्तन मुञ्ज कूल आस्य** अने **पुष्प** कर्मथी पर रहेल **धे** [**ट्धे**] धातुथी **खश्** प्रत्यय थाय छे. **शुनीं धयति शुनिंधयः** ३-२-१११ ह्रस्व. प्रत्यय **शित्** होवाथी **अ** [**श्वाव्**] ३-४-७१ । **स्तनंधयः** विगेरे । **आस्यंधयः** । **पुष्पंधयः** ।

शुनी-स्तन-मुञ्ज-कूला-ऽऽस्य-पुष्पात् ट्धेः ५।१।११९

६० **वह** अने **अभ्र** कर्मथी पर रहेल **लिह्** धातुथी **खश्** प्रत्यय थाय छे. **वहं लेढि वहंलिहो गौः** । **अभ्रंलिहः प्रासादः** ।

वहा-ऽभ्रात् लिहः ५।१।१२३

६१ **बहु बिधु अरुस्** अने **तिल** कर्मथी पर रहेल **तुद्** धातुथी **खश्** थाय छे. **बहु तुदति बहुंतुदं युगम्** । **विधुंतुदो राहुः** । **अरुन्तुदः पीडाकरः**। २-१-८८ **तिलंतुदः काकः** ।

बहु-विध्वरुस्-तिलात् तुदः ५।१।१२४

६२ **ललाट वात** अने **शर्घ** कर्मथी पर रहेल अनुक्रमे **तप् अज्** अने **हा** (तज्वुं) धातुथी **खश्** प्रत्यय थाय छे. **ललाटं तपति ललाटंतपः सूर्यः** । **वातमजन्ति वातमजा मृगाः**। **शर्घंजहा माषाः** अउद वाछूट करे छे.

ललाट-वात-शर्घात् तपा-ऽज-हाकः ५।१।१२५

६३ **असूर्य** अने **उग्र** कर्मथी पर रहेल **दृश्** धातुथी **खश्** प्रत्यय थाय छे. **सूर्यमपि न पश्यन्ति असूर्यंपश्या राजदाराः** ।

उग्रंपश्यः । પ્રત્યય शित् છે, पश्य् આદેશ થયો છે. ૪–૨–૧૦૮

अमूर्योग्रात् दृशः ૫।૧।૧૨૬

૬૪ **ક્વિ** પ્રત્યયના અર્થમાં રહેલ **નગ્ન** વિગેરે કર્મથી પર રહેલ **भू** ધાતુથી **इष्णु** અને **उक** [**खिष्णु खुकञ्**] પ્રત્યય થાય છે. **अनग्नो नग्नो भवति । नग्नंभविष्णुः । नग्नंभावुकः ।**

नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्य-तदन्तात् च्व्यर्थे-ऽच्वे र्भुवः खिष्णु-खुकञौ ૫।૧।૧૨૮

૬૫ **ક્વિ** પ્રત્યયના અર્થમાં રહેલ **નગ્ન** વિગેરે કર્મથી પર રહેલ **कृ** ધાતુથી **કરણમાં अन** [**खनट्**] પ્રત્યય થાય છે. **अनग्नो नग्नः क्रियतेऽनेन नग्नंकरणं द्यूतम् । पलितंकरणं तैलम् । प्रियंकरणं शीलम् । अन्धंकरणः शोकः । स्थूलंकरणं दधि । सुभगंकरणं रूपम् । आढ्यंकरणं वित्तम् ।**

कृगः खनट् करणे ૫।૧।૧૨૯

૬૬ **નામથી** પર રહેલ **गम्** ધાતુથી **अ** [**खड् ड** અને **ख**] પ્રત્યય થાય છે અને **विहायस्** નો **विह** આદેશ થાય છે. **तुरो गच्छति तुरंगः । भुजेन भुज इव वा गच्छति भुजंगः । भुजः कौटिल्यं हस्तश्च । प्लवेन गच्छति प्लवंगः । विहायसा गच्छति विहंगः । खड् । तुरगः । भुजगः । प्लवगः । विहगः । सर्वगः । पारगः । ख खे गच्छति खगः पक्षी । न गच्छति अगो वृक्षः पर्वतश्च । एवं नगः । उरसा गच्छति उरगः । स् લોપાય છે. आशु गच्छति आशुगः शरः । निम्नगा । समुद्रगा । ड । तुरंगमोऽश्वः भुजंगमः सर्पः । प्लवंगमो भेकः । विहंगमः पक्षी । ख ।**

नाम्नो गमः खड्-डौ (ख) च विहायसस्तु विहः ૫।૧।૧૩૧

૬૭ **शम्** નામથી પર ધાતુથી સંજ્ઞામાં **अ** પ્રત્યય થાય છે. **शम्** અવ્યય. સુખ. **शम्—सुखे भवति शंभवोऽहन्। शं करोति शंकरः।**

शमो नाम्नि अः ५।१।१३४

૬૮ **पार्श्व** વિગેરે નામથી પર **शी** ધાતુથી **अ** પ્રત્યય થાય છે. **पार्श्वाभ्याम् शेते पार्श्वशयः। पृष्ठशयः। उदरशयः।**

पार्श्वादिभ्यः शीङः ५।१।१३५

૬૯ **ऊर्ध्व** વિગેરે **कर्तृ** નામથી પર **शी** ધાતુથી **अ** થાય છે. **ऊर्ध्वः शेते ऊर्ध्वशयः। उत्तानशयः।**

ऊर्ध्वादिभ्यः कर्तुः ५।१।१३६

૭૦ **आधार नामथी**–પર રહેલ **शी** ધાતુથી **अ** પ્રત્યય થાય છે. **खे शेते खशयः। गुहाशयः। बिलेशयः अलुप् ३–२–२०**

आधारात् ५।१।१३७

૭૧ **आधार** નામથી પર રહેલ **चर्** ધાતુથી **अ** [ट] પ્રત્યય થાય છે. **कुरुषु चरति कुरुचरः। मद्रचरः। निशाचरी।**

चरेष्टः ५।१।१३८

૭૨ **नामथी**–પર રહેલ **स्था पा स्ना** અને **त्रा** [त्रै] ધાતુથી **अ** [क] પ્રત્યય થાય છે. **स्वर्गे तिष्ठति स्वर्गस्थः। पादैः पिबति पादपः। नॄन्पाति नृपः। नद्यां स्नाति नदीष्णः २–३–२०। आतपात्त्रायते आतप–त्रम्।**

स्था-पा-स्ना-त्रः कः ५।१।१४२

૭૩ **मूलविभुज** વિગેરે શબ્દો **क** પ્રત્યયાન્ત સિદ્ધ છે. **मूलानि विभुजति मूलविभुजो रथः। अपो बिभर्ति अभ्रं मेघः। कौ मोदते कुमुदं कैरवम्। सरसि रोहति सरसिरुहम्, सरोरुहम् पद्मम् ३–२–२०। आगमेन प्रजानाति आगमप्रज्ञः।**

मूलविभुजादयः ५।१।१४४

૭૪ **નામથી** ૫૨ રહેલ **भज्** ધાતુથી ० [**विण्**] પ્રત્યય થાય છે. **सुखं भजते सुखभाक्** । **अर्धभाक्** ।

भजो विण् ૫।૧।૧૪૬

૭૫ **નામથી** ૫૨ રહેલ ધાતુથી **मन्**, **वन्**, **वन्** [**क्वनिप्**] અને ० [**विच्**] પ્રત્યય ક્વચિત્ થાય છે. **इन्द्रं शृणाति इन्द्रशर्मा** । **घृतपावा** । **सुधीवा** । **कीलालपाः** । કેવલ ધાતુથી પણ થાય છે. **शर्म** । **धीवा** (**क्वनिप्**)। **जागः** (**विच्**)

मन्-वन-क्वनिप्-विच् क्वचित् ૫।૧।૧૪૭

૭૬ **નામથી** ૫૨ રહેલ ધાતુથી ० [**क्विप्**] ક્વચિત્ થાય છે. **शकान् ह्वयति शकहूः** । **अक्षैः दीव्यति अक्षद्यूः** । **दिवि सीदति दिविषत्** २-३-३३,३-२-२०**द्युसत्** । **वीरं सूते वीरसूः** । **तमः छिनत्ति तमश्छिद्** । **शत्रुं जयति शत्रुजित्** । **सेनां नयति सेनानीः** । **ग्रामं नयति ग्रामणीः** । કેવલ ધાતુથી પણ થાય છે. **लूः** । **पक्** ।

क्विप् ૫।૧।૧૪૮

૭૭ કર્મવાચિ ઉપમાન ભૂત **त्यद्** (ते) **तद् यद् अदस् इदम् एतद् एक द्वि युष्मद् अस्मद् भवत्** [**भवतु**] **किम्** તથા **अन्य** અને **समान** શબ્દથી ૫૨ રહેલ **दृश्** ધાતુથી કર્મભાં **अ** [**टक्**] **स** [**सक्**] અને ० [**क्विप्**] પ્રત્યય થાય છે. **स्यः स इव दृश्यते त्यादृशः तादृशः** । **अन्यादृक्** । **सदृशः सदृशी** । **सदृक्षः सदृक्षा** । **सदृक्** ।

त्यदाद्यन्य-समानादुपमानाद् व्याप्ये दृशः टक्-सकौ च ૫।૧।૧૫૨

૭૮ કર્તૃવાચિ ઉપમાન ભૂત **નામથી** ૫૨ રહેલ ધાતુથી **इ** [**णिन्**] પ્રત્યય થાય છે. **सिंह इव नर्दति सिंहनर्दी** । **गज इव**

गच्छति गजगामिनी नारी ।

कर्तु र्णिन् ५।१।१५३

७९ જાતિ સિવાય **નામથી** ૫૨ રહેલ ધાતુથી **शील** અર્થમાં **णिन्** થાય છે. **उष्णं भुङ्क्ते इत्येवंशीलः उष्णभोजी । शीत-भोजी । परेषामुकरोति इत्येवंशीलः परोपकारी । वनवासी । मधुपायी भ्रमरः । प्रतिष्ठते इत्यवंशीलः प्रस्थायी ।**

अजातेः शीले ५।१।१५४

८० **नामथी** ૫૨ **साधु** અર્થમાં વર્તમાન ધાતુથી **इन्** [**णिन्**] પ્રત્યય થાય છે. **साधुकरोति साधुकारी । चारुनर्ती । सुष्ठुगामी ।**

साधौ ५।१।१५५

---

८१ **કરણ** વાચી નામથી ૫૨ રહેલ **यज्** ધાતુથી **ભૂતકાળમાં इन्** [**णिन्**] પ્રત્યય થાય છે. **अग्निष्टोमेनेष्टवान् अग्निष्टोमयाजी ।**

करणाद् यजो भूते ५।१।१५८

८२ **વ્યાપ્ય** (કર્મ) નામથી ૫૨ રહેલ **वि+क्री** ધાતુથી ભૂતકાળમાં **નિંદ્ય** કર્તામાં **इन्** પ્રત્યય થાય છે. **सोमं विक्रीतवान् सोमविक्रयी घृतविक्रयी तैलविक्रयी ब्राह्मणः ।**

निन्द्ये व्याप्यादिन् विक्रियः ५।१।१५९

८३ **કર્મથી** ૫૨ ભૂતકાળમાં **हन्** ધાતુથી **इन्** [**णिन्**] થાય છે. **पितृव्यघाती । मातुलघाती ।**

हनो णिन् ५।१।१६०

८४ **બ્રાહ્મણ ભ્રૂણ** અને **વૃત્ર** કર્મથી ૫૨ રહેલ **हन्** ધાતુથી ભૂતકાળમાં **क्विप्** થાય છે. **ब्रह्माणं हतवान् ब्रह्महा । भ्रूणहा । वृत्रहा (-हन्)**

ब्रह्म-भ्रूण-वृत्रात् क्विप् ५।१।१६१

૮૫ **કર્મથી** પર રહેલ **દૃશ્** ધાતુથી ભૂતકાળમાં **વન્** [**ક્વનિપ્**] પ્રત્યય થાય છે. **મેરું દૃષ્ટવાન્ મેરુદૃશ્વા। વિશ્વદૃશ્વા। વિશ્વદૃશ્વાનૌ। વિશ્વદૃશ્વાનઃ।**

દૃશઃ ક્વનિપ્ ૫।૧।૬૬

૮૬ **કર્મથી** પર **અનુ** પૂર્વક **જન્** ધાતુથી **ભૂત** કાળમાં **ડ** [**ડ**] થાય છે. **પુમાંસમનુજાતઃ પુમનુજઃ।** ૨-૧-૮૯

અનો જર્નેર્ડઃ ૫।૧।૬૮

૮૭ સપ્તમ્યન્ત **નામથી** પર રહેલ **જન્** ધાતુથી ભૂતકાળમાં **ડ** પ્રત્યય થાય છે. **અપ્સુ જાતમ્ અપ્સુજમ્। અબ્જમ્।**

સપ્તમ્યાઃ ૫।૧।૬૯

૮૮ જાતિ સિવાય પંચમ્યન્ત **નામથી** પર રહેલ **જન્** ધાતુથી ભૂતકાળમાં ડ થાય છે. **સંતોષાજ્જાતમ્ સંતોષજમ્ સુખમ્। બુદ્ધિજઃ સંસ્કારઃ। સંસ્કારજા સ્મૃતિઃ।**

અજાતેઃ પઞ્ચમ્યાઃ ૫।૧।૭૦

૮૯ બીજે પણ ભૂતકાળમાં ક્વચિત્ ડ પ્રત્યય થાય છે. **દ્વિ જાતઃ દ્વિજઃ। ન જાતઃ અજઃ। પ્રજાતાઃ પ્રજાઃ। અનુજાતઃ અનુજઃ। ક્ષત્રિયાત્ જાતમ્ ક્ષત્રિયજં યુદ્ધમ્। સ્ત્રીજમનૃતમ્। પુંસાનુજાતઃ પુંસાનુજઃ** ૩-૧-૧૩ **। મિત્રં હ્યતિ મિત્રહ્ઃ। અટતિ અતતિ વા અઃ। કાયતિ કામયતે વા કઃ। ભાતીતિ ભં નક્ષત્રમ્। ખન્યતે ઇતિ ખમ્।**

ક્વચિત્ ૫।૧।૭૧

૯૦ ભૂતકાળમાં વર્તમાન ધાતુથી **ત** [**ક્ત**] અને **તવત્** [**ક્તવતુ**] પ્રત્યય થાય છે. **કૃતઃ। કૃતવાન્।**

ક્ત-ક્તવતૂ ૫।૧।૭૪

पञ्चमोऽध्यायः प्रथमः पादः

कृदन्त-प्रकरणम् १

[कृत्यकृदन्तः सामान्यकृदन्तः उपपदकृदन्तः भूतकृदन्तश्च]

१ आतुमोऽत्यादिः कृत् ५।१।१ घनघात्यः

२ कर्तरि ५।१।२ कारकः । कर्ता । पचः । नन्दनः

३ रुच्या-ऽव्यथ्य-वास्तव्यम् ५।१।६ रुच्यो मोदको मैत्राय

४ भव्य-गेय-जन्य-रम्या-ऽऽपात्या-प्लाव्यं नवा ५।१।७ भव्यः

५ प्रवचनीयादयः ५।१।८ प्रवचनीयो गुरुः शास्त्रस्य

६ श्लिष-शीङ्-स्था-ऽऽस-वस-जन-रुह-जृ-भजेः क्तः ५।१।९
आश्लिष्टः कान्तां कामुकः

७ गत्यर्था-ऽकर्मक-पिब-भुजेः ५।१।११ गतो मैत्रो ग्रामम्

८ क्त्वा-तुमम् भावे ५।१।१३ कृत्वा व्रजति । कर्तुं व्रजति ।

---

९ असरूपो ऽपवादे वोत्सर्गः प्राक् क्तेः ५।१।१६
अवश्यलाव्यम् । अवश्यलवितव्यम्

१० ऋवर्ण-व्यञ्जनाद् ण्यण् ५।१।१७ कार्यम् । हार्यम् । पाक्यम्

११ उवर्णाद् आवश्यके ५।१।१९ लाव्यम । पाव्यम्

१२ आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्या-ऽऽनमः
५।१।२० आसाव्यम्

१३ तव्या-ऽनीयौ ५।१।२७ शयितव्यम् , शयनीयम् भवता

१४ य एत् चा-ऽऽतः ५।१।२८ चेयम् । दा, देयम्

१५ शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् ५।१।२९ शक्यम्। तप्यम्। गम्यम्

१६ यमि-मदि-गदोऽनुपसर्गात् ५।१।३० यम्यम्। मद्यम्। गद्यम्

१७ चरेः आङस्त्वगुरौ ५।१।३१ चर्यम्। आचर्यम् भवता

१८ वर्योपसर्या-ऽवद्य-पण्यम् उपेयर्तुमती-गर्ह्य-विक्रेये ५।१।३२

१९ स्वामि-वैश्ये ऽर्यः ५।१।३३ अर्यः स्वामी वैश्यो वा

२० नाम्नो वदः क्यप् च ५।१।३५ ब्रह्मोद्यम्, ब्रह्मवद्यम्।

२१ द्द-वृग्-स्तु-जुषेति-शासः ५।१।४० आदृत्यः। प्रावृत्यः।

२२ ऋदुपान्त्याद् अ-कृपि-चृद्-ऋचः ५।१।४१ वृत्यम्।

२३ कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि-जपो वा ५।१।४२ कृत्यम्,

२४ ते कृत्याः ५।१।४७

---

२५ णक-तृचौ ५।१।४८ पाचकः। पक्ता

२६ अच् ५।१।४९ करः। हरः। पचः। पठः। उद्वहः

२७ नन्द्यादिभ्योऽनः ५।१।५२ नन्दनः। रमणः। मधुसूदनः

२८ ग्रहादिभ्यो णिन् ५।१।५३ ग्राही। स्थायी। मन्त्री

२९ नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः कः ५।१।५४ बुधः। प्रियः। किरः

३० उपसर्गाद् आतो डोऽश्यः ५।१।५६ आह्वः। प्रस्थः।

३१ तन्-व्यधीण्-श्वसा-ऽऽतः (णः) ५।१।६४ तानः। व्याधः अवश्यायः

३२ नृत्-खन्-रञ्जः शिल्पिन्यकट् ५।१।६५ नर्त्तकी

३३ आशिष्यकन् ५।१।७० नन्दकः

३४ तिक्-कृतौ नाम्नि ५।१।७१ शान्तिः । वीरभूः । वर्धमानः

---

३५ कर्मणो ऽण् ५।१।७२ कुम्भकारः । तन्तुवायः । पापघातः ।
३६ गायो ऽनुपसर्गात् टक् ५।१।७४ वक्रगः । सामगः । सामगी
३७ आतो डो ऽ-हा-वा-मः ५।१।७६ गोदः । जलदः ।
३८ आशिषि हनः ५।१।८० शत्रुहः । पापहः
३९ क्लेशादिभ्योऽपात् ५।१।८१ क्लेशापहः । तमोपहः ।
४० कुमार-शीर्षाद् णिन् ५।१।८२ कुमारघाती । शीर्षघाती
४१ अचित्ते टक् ५।१।८३ वातघ्नं तैलम् । पित्तघ्नं घृतम् ।
४२ ब्रह्मादिभ्यः ५।१।८५ ब्रह्मघ्नः । कृतघ्नः । वृत्रघ्नः
४३ कुक्ष्यात्मोदराद् भृगः खिः ५।१।९० कुक्षिंभरिः । आत्मंभरिः
४४ अर्होऽच् ५।१।९१ पूजार्हः साधुः । पूजार्हा साध्वी
४५ आयुधादिभ्यो धृगो ऽदण्डादेः ५।१।९४ धनुर्धरः ।
४६ हृगो वयो-ऽनुद्यमे ५।१।९५ अस्थिहरः श्वशिशुः । मनोहरः
४७ रजः-फले-मलाद् ग्रहः (इः) ५।१।९८ रजोग्रहिः कञ्चुकः ।
४८ शकृत्-स्तम्बाद् वत्स-व्रीहौ कृगः ५।१।१०० शकृत्करि
४९ संख्या-ऽहर्-दिवा-विभा-निशा-प्रभा-भास्-चित्र-कर्त्र्याद्यन्ता-ऽनन्त-कार-बाह्वरुर्-धनुर्-नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा-क्षपा-क्षणदा-रजनि-दोषा-दिन-दिवसात् टः ५।१।१०२ संख्याकरः
५० हेतु-तच्छीला-ऽनुकूले ऽशब्द-श्लोक-कलह-गाथा-वैर-चाटु-सूत्र-मन्त्र-पदात् ५।१।१०३ यशस्करी विद्या
५१ भृतौ कर्मणः ५।१।१०४ कर्मकरः । कर्मकरी दासी

५२ क्षेम-प्रिय-मद्र-भद्रात् खा-ऽण् ५।१।१०५ क्षेमंकरः । क्षेमकारः
५३ मेघर्ति-भया-ऽभयात् खः ५।१।१०६ मेघंकरः । ऋतिंकरः
५४ प्रिय-वशात् वदः ५।१।१०७ प्रियंवदः । वशंवदः
५५ कूला-ऽभ्र-करीषात् कषः ५।१।११० कूलंकषा नदी
५६ सर्वात् सहश्च ५।१।१११ सर्वंसहो मुनिः । सर्वंकषः खलः
५७ मन्याद् णिन् ५।१।११६ पण्डितमानी बन्धोः
५८ कर्तुः खश् ५।१।११७ पण्डितंमन्यः मैत्रः
५९ शुनी-स्तन-मुञ्ज-कूला-ऽऽस्य-पुष्पात् ट्वेः ५।१।११९
शुनिंधयः । स्तनंधयः
६० वहा-ऽभ्राद् लिहः ५।१।१२३ वहंलिहो गौः । अभ्रंलिहः
६१ बहु-विध्वरुस्-तिलात् तुदः ५।१।१२४ बहुंतुदं युगम्
६२ ललाट-वात-शर्धात् तपा-ऽऽन-हाकः ५।१।१२५ ललाटंतपः
५३ असूर्योग्राद् दृशः ५।१।१२६ असूर्यंपश्या राजदाराः
६४ नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्य-तदन्तात्
च्व्यर्थेऽच्वेः भुवः खिष्णु-खुकञौ ५।१।१२८
नग्नंभविष्णुः । नग्नंभावुकः
६५ कृगः खनट् करणे ५।१।१२९ नग्नंकरणं द्यूतम्
६६ नाम्नो गमः खड्-डौ(ख) च विहायसस्तु विहः ५।१।१३१
तुरंगः । तुग्गः । तुरंगमः
६७ शमो नाम्नि अः ५।१।१३४ शंभवोऽर्हन्
६८ पार्श्वादिभ्यः शीङः ५।१।१३५ पार्श्वशयः । पृष्ठशयः
६९ ऊर्ध्वादिभ्यः कर्तुः ५।१।१३६ ऊर्ध्वशयः । उत्तानशयः

७० आधारात् ५।१।१३७ स्वशयः । बिलेशयः

७१ चरेष्टः ५।१।१३८ कुरुचरः । मद्रचरः । निशाचरी

७२ स्था-पा-स्ना-त्रः कः ५।१।१४२ स्वर्गस्थः । पादपः । नृपः

७३ मूलविभुजादयः ५।१।१४४ मूलविभुजो रथः । अब्भ्रं मेघः

७४ भजो विण् ५।१।१४६ सुखभाक् । अर्धभाग्

७५ मन्-वन्-क्वनिप्-विच् क्वचित् ५।१।१४७ इन्द्रशर्मा

७६ क्विप् ५।१।१४८ शकन्धूः । अक्षधूः । दिविषत्, द्युसत्

७७ त्यदाद्यन्य-समानाद् उपमानाद् व्याप्ये दृशष्टक्-सकौ च ५।१।१५२ तादृशः । तादक्षः । तादृक्

७८ कर्तु र्णिन् ५।१।१५३ सिंहनर्दी । गजगामिनी नारी

७९ अजातेः शीले ५।१।१५४ उष्णभोजी । परोपकारी ।

८० साधौ ५।१।१५५ साधुकारी । चारुनर्ती । सुष्ठुगामी

---

८१ करणाद् यजो भूते ५।१।१५८ अग्निष्टोमयाजी

८२ निन्द्ये व्याप्याद् इन् विक्रियः ५।१।१५९ सोमविक्रयी

८३ हनो णिन् ५।१।१६० पितृव्य-घाती

८४ ब्रह्म-भ्रूण-वृत्रात् क्विप् ५।१।१६१ ब्रह्महा । भ्रूणहा । वृत्रहा

८५ दृशः क्वनिप् ५।१।१६६ मेरुदृश्वा । विश्वदृश्वा

८६ अनो र्जने डः ५।१।१६८ पुमनुजः

८७ सप्तम्याः ५।१।१६९ अप्सुजम् । अब्जम्

८८ अजातेः पञ्चम्याः ५।१।१७० संतोषजम् सुखम् ।

८९ क्वचित् ५।१।१७१ द्विजः । अजः । प्रजाः । अनुजः । अः

९० क्त-क्तवतू ५।१।१७४ कृतः । कृतवान्

કૃદન્ત પ્રકરણ ૨

અદ્યતની હ્યસ્તની પરોક્ષા વર્તમાના અને વર્તમાન કૃદન્ત

૧ ભૂતકાળમાં—**શ્રુ સદ્ અને વસ્** ધાતુથી **પરોક્ષા** વિભક્તિ વિકલ્પે થાય છે. **उपशुश्राव । उपससाद । अनूवास ।** પક્ષે અદ્યતની અને હ્યસ્તની. **उपाश्रौषीत् उपाशृणोत् ।**

श्रु-सद्-वस्भ्यः परोक्षा वा ५।२।१

૨ **પરોક્ષા** થતી હોય ત્યાં પરસ્મૈપદી ધાતુથી **वस्** [**क्वसु**] અને આત્મનેપદી ધાતુથી **आन** [**कान**] પ્રત્યય લાગીને **પરોક્ષ ભૂતકૃદન્ત** થાય છે. **क्वसु** અને **कान** પ્રત્યયો **પરોક્ષા** જેવા છે. એટલે પરોક્ષામાં થતા **દ્વિરુક્તિ** આદિ કાર્ય આમાં થશે. **शुश्रुवान् । पेचिवान् । पेचानः । चक्राणः । सस्वजानः ।** **पृ-कर्भ्यो पपुराणः** ૪–૪–૧૧૭

तत्र क्वसु-कानौ तद्वत् ५।२।२

૩ આજના ભૂતકાળમાં **અદ્યતની** વિભક્તિ થાય છે. **व्याघ्र-मैक्षिष्ट** તેણે વાઘ જોયો (આજે) ૫–૨–૭

अद्यतनी ५।२।४

૪ (૧) કોઈ પણ વિશેષ ભૂતકાળ (પરોક્ષ કે અનદ્યતન-હ્યસ્તન) ની વિવક્ષા ન કરીએ તો ભૂતકાળમાં **અદ્યતની** વિભક્તિ થાય છે. **ऐक्षिष्ट मृगं सीता । ऐक्षिष्महि मृगम् ।** વિવક્ષા કરીએ તો **ईक्षांचक्रे मृगं सीता । ऐक्षामहि मृगम् ।** (૨) બે ભૂતકાળ ભેગા હોય તો **અદ્યતની** થાય છે. **अद्य ह्यो वा ऐक्षिष्महि मृगम्** આજે અથવા કાલે **અમે** મૃગ જોયો.

विशेषा-ऽविवक्षा-व्यामिश्रे ५।२।५

૫ આજના સિવાયના **ભૂતકાળમાં** ધાતુથી **હ્યસ્તની** થાય છે. **अजयत्** તે જીત્યો.

अनद्यतने ह्यस्तनी ૫।૨।૭

૬ ચિત્ત વિક્ષેપ વિગેરે કારણથી કરેલી ક્રિયાનું સ્મરણ ન હોય ત્યારે અથવા કરેલી ક્રિયાને એકદમ છૂપાવી દેવી હોય ત્યારે અદ્યતન (આજના) સિવાયના ભૂતકાળમાં ધાતુથી **પરોક્ષા** થાય છે. **सुप्तोऽहं किल विललाप** ખરેખર સૂતા એવા મેં વિલાપ કર્યો છે. **मत्तोऽहं किल विचचार** । ઉન્મત્ત બનેલો હું ખરેખર રખડયો છું. બીજાના કહેવાથી ખાત્રી થયા બાદ કર્તા આવો પ્રયોગ કરે છે. **कलिङ्गेषु ब्राह्मणो हतस्त्वया ? नाहं कलिङ्गान् जगाम** કલિંગ દેશમાં તે બ્રાહ્મણ માર્યો છે ? હું કલિંગ દેશમાં ગયો (જ) નથી.

कृता-ऽस्मरणा-ऽतिनिह्नवे परोक्षा ૫।૨।૧૧

૭ અદ્યતન (આજના) સિવાયના **પરોક્ષ** (પોતે નહિં જોએલ) ભૂતકાળમાં ધાતુથી **પરોક્ષા** થાય છે. **धर्मं दिदेश तीर्थंकरः** તીર્થંકર ભગવંતે ધર્મનો ઉપદેશ આપ્યો. **कंसं जघान कृष्णः** કૃષ્ણે કંસને હણ્યો.

परोक्षे ૫।૨।૧૨

૮ આજના સિવાયના પરોક્ષ ભૂતકાળમાં, પરોક્ષની વિવક્ષા ન કરીએ તો **હ્યસ્તની** થાય છે. **अभवत् सगरो राजा** સગર રાજા થયો.

अविवक्षिते (ह्यस्तनी) ૫।૨।૧૪

૯ અદ્યતન (આજના) સિવાયના પરોક્ષ કે અપરોક્ષ ભૂતકાળમાં ધાતુથી **पुरा** વિગેરે ઉપપદમાં હોય ત્યારે **અદ્યતની** વિકલ્પે થાય છે. **अवात्सुरिह पुरा छात्राः** પક્ષે **अवसन् ऊषु वा** ।

तदाऽभाषिष्ट राघवः પક્ષે **अभाषत बभाषे वा।**

वाऽद्यतनी पुरादौ ५।२।१५

૧૦ આજના સિવાયના ભૂતકાળમાં **स्म** અવ્યય અને **पुरा** વિગેરે ઉપપદમાં હોય તો **वर्तमाना** થાય છે. **पृच्छति स्म पितरम्** પિતાને પૂછ્યું. **वसन्तीह पुरा छात्राः** અહીં પહેલાં છાત્રો રહેતા હતા.

स्मे च वर्तमाना ५।२।१६

---

૧૧ **વર્તમાન** કાળમાં ધાતુથી **વર્તમાના** થાય છે. **नमति। पचति। मांसं न भक्षयति। जीवं न मारयति।**

सति ५।२।१९

૧૨ **વર્તમાન** કાળમાં, પરસ્મૈપદી ધાતુથી **अत्** [**शतृ**] અને આત્મનેપદી ધાતુથી **आन** [**आनश्**] પ્રત્યય લાગીને **વર્તમાન** કૃદન્ત બને છે. **गच्छन्। वर्धमानः।** (૨) વળી **ભવિષ્યકાળમાં** પરસ્મૈપદી ધાતુથી **स्यत्** [**स्य शतृ**] અને આત્મનેપદી ધાતુથી **स्य म् आन** [**स्य म् आनश्** ૪-૪-૧૧૪] પ્રત્યય લાગીને ભવિષ્ય કૃદન્ત બને છે. **या, यास्यन्** રૂપો ત્રણે લિંગે **तुदत्** પ્રમાણે ૨-૧-૧૧૫ **शी। शयिष्यमाणः-णम्-णा।**

